જયભિખ્ખુ જન્મશતાબ્દી ગ્રંથાવલિ

# સિદ્ધરાજ જયસિંહ

જયભિખ્ખુ

**શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ**
૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

Jaybhikhkhu Janmashatabdi Granthavali
**Siddharaj Jaysinh**
by Jaybhikhkhu
Published by Shri Jaybhikhkhu Sahitya Trust, Ahmedabad-380007

© સર્વ હક્ક લેખકના

ISBN : 978-81-89160-79-1

આવૃત્તિ : જયભિખ્ખુ જન્મશતાબ્દી ગ્રંથાવલિ, ૨૦૦૮
પૃ. ૧૪ + ૧૩૮
કિંમત : રૂ. ૮૫

**પ્રકાશક**

કુમારપાળ દેસાઈ (માનદ્ મંત્રી)
શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ
૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭

**મુખ્ય વિક્રેતા**

**ગૂર્જર એજન્સીઝ**
રતનપોળ નાકા સામે,
ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૨૧૪ ૯૬૬૦

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**
૫૧/૨, રમેશપાર્ક સોસાયટી
વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન : ૨૭૫૫ ૧૭૦૩

આવરણચિત્ર : રજની વ્યાસ

મુદ્રક : ક્રિશ્ના ગ્રાફિક્સ, ૯૬૬, નારણપુરા જૂના ગામ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩

# અર્પણ

સદાય સ્નેહવર્ષા કરતાં,

આત્મીય સ્વજન

**શ્રી યોગેશ શાહ**

તથા

**શ્રીમતી સંગીતા શાહને**

**(લૉસ ઍન્જલિસ)**

**સાદર**

# જયભિખ્ખુ જન્મશતાબ્દી ગ્રંથાવલિ

**નવલકથા**

| | |
|---|---|
| ૧. વિક્રમાદિત્ય હેમુ | ૨. ભાગ્યનિર્માણ |
| ૩. દિલ્હીશ્વર | ૪. કામવિજેતા |
| ૫. પ્રેમભક્ત કવિ જયદેવ | ૬. ભગવાન ઋષભદેવ |
| ૭. ચક્રવર્તી ભરતદેવ | ૮. ભરત-બાહુબલી |

**નવલિકાસંગ્રહ**

| | |
|---|---|
| ૧. ફૂલની ખુશબો | ૨. ફૂલ નવરંગ |
| ૩. વીર ધર્મની વાતો ભાગ - ૧ | ૪. વીર ધર્મની વાતો ભાગ - ૨ |
| ૫. માદરે વતન | |

**ચરિત્ર**

| | |
|---|---|
| ૧. ભગવાન મહાવીર | ૨. સિદ્ધરાજ જયસિંહ |
| ૩. ઉદા મહેતા | ૪. મંત્રીશ્વર વિમલ |

**કિશોર સાહિત્ય**

| | |
|---|---|
| ૧. હિંમતે મર્દા | ૨. યજ્ઞ અને ઈંધણ |
| ૩. માઈનો લાલ | ૪. જયભિખ્ખુ વાર્તાસૌરભ |

**બાળકિશોર સાહિત્ય**

| | |
|---|---|
| ૧. બાર હાથનું ચીભડું | ૨. તેર હાથનું બી |
| ૩. પ્રાણી મારો પરમ મિત્ર | ૪. પ્રાણીપ્રેમની કથાઓ |
| ૫. નીતિકથાઓ | ૬. લાખેણી વાતો |

**બાળસાહિત્ય**

૧. દીવા શ્રેણી (૫ પુસ્તિકાનો સેટ)

૨. ફૂલપરી શ્રેણી (૫ પુસ્તિકાનો સેટ)

**જૈન બાળગ્રંથાવલિ**

૧. જૈન બાળગ્રંથાવલિ ભાગ - ૧ (૧૦ પુસ્તિકાનો સેટ)

૨. જૈન બાળગ્રંથાવલિ ભાગ - ૨ (૧૦ પુસ્તિકાનો સેટ)

# પ્રકાશકીય

ઝિંદાદિલીને જીવન માણનાર અને માનવતાનો મધુર સંદેશ આપતું સાહિત્ય સર્જનાર શ્રી જયભિખ્ખુના જન્મશતાબ્દી વર્ષે 'શ્રી જયભિખ્ખુ જન્મશતાબ્દી ગ્રંથાવલિ'ના ઉપક્રમે ગુજરાતના સુવર્ણયુગના મહાન ચક્રવર્તી 'સિદ્ધરાજ જયસિંહ'નું ઉજ્જ્વળ ચરિત્ર પ્રગટ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

શ્રી જયભિખ્ખુએ સમગ્ર જીવન કલમના ખોળે વ્યતીત કર્યું હતું. માનવમૂલ્યો, રાષ્ટ્રપ્રેમ, નારીસન્માન અને સર્વધર્મસમભાવની ભાવના ધરાવતી ૨૯૭ જેટલી નાની-મોટી કૃતિઓની એમણે રચના કરી હતી અને ગુજરાતની જનતાના હૃદયમાં સ્નેહ અને આદરભર્યું સ્થાન મેળવ્યું હતું. એમના જીવનકાળમાં મુંબઈ અને કોલકાતા જેવાં શહેરોમાં એમની ષષ્ટિપૂર્તિ નિમિત્તે સન્માનના કાર્યક્રમો યોજાયા હતા. એ પછી એમના મિત્રોએ એમને સારી એવી રકમની થેલી અર્પણ કરવાનો વિચાર કર્યો, પરંતુ પૈતૃક સંપત્તિનો અસ્વીકાર કરનાર જયભિખ્ખુ સમાજની સંપત્તિનો સ્વીકાર કરે ખરા ? એમણે સન્માન સ્વીકાર્યું પણ એકઠી થયેલી રકમની થેલીનો અસ્વીકાર કર્યો. આયોજકોને એ રકમ સવિનય પરત કરી. આથી સહુ મિત્રોએ મળીને પ્રજાને જ્ઞાન સાથે સાહિત્ય દ્વારા માનવતાનો સંદેશ મળે તે હેતુને લક્ષમાં રાખીને **'શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ'**ની સ્થાપના કરી.

આમ એમના સમયમાં સ્થપાયેલ જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ સતત સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતું રહ્યું છે. આ ટ્રસ્ટ દ્વારા સમાજમાં માનવતાના ઉચ્ચ સંસ્કાર પ્રેરે તેવાં એકસો જેટલાં પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. જયભિખ્ખુના અવસાનની પ્રથમ પુણ્યતિથિએ પ્રારંભાયેલી જયભિખ્ખુ સ્મૃતિ વ્યાખ્યાનની પરંપરા અમદાવાદ ઉપરાંત મુંબઈ અને ભાવનગરમાં ચાલી રહી છે. આ શહેરોમાં સાહિત્યકારો અને ચિંતકોએ જયભિખ્ખુના સર્જનનું સ્મરણ કરવાની સાથોસાથ કોઈ સાહિત્યિક વિષય પર વક્તવ્યો આપ્યાં છે. માનવતાનાં મૂલ્યોને જગાડતી સાહિત્યિક કૃતિને કે માનવકલ્યાણની પ્રવૃત્તિ કરનારને જયભિખ્ખુ એવૉર્ડ એનાયત કરવામાં આવે છે. ચંદ્રવદન મહેતા જેવા સાહિત્યકાર કે શ્રી અરવિંદ મફતલાલ જેવા સેવાપરાયણ વ્યક્તિને આ એવૉર્ડ અર્પણ કરવામાં આવ્યા છે.

પૂર્વસ્નાતક કક્ષા, અનુસ્નાતક કક્ષા અને સાહિત્યરસિકો માટે પ્રતિવર્ષ યોજાતી નિબંધસ્પર્ધામાં સરેરાશ ત્રણેક હજાર નિબંધો આવે છે. તેજસ્વી વિદ્યાર્થીઓને જયભિખ્ખુ

સ્મૃતિ ચંદ્રક આપવામાં આવે છે. ગુજરાત યુનિવર્સિટીમાં અને ભાવનગર યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાએ ગુજરાતી વિષયમાં પ્રથમ સ્થાન મેળવનાર તથા ઉત્તર ગુજરાત હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં અનુસ્નાતક કક્ષાએ 'ભારતીય સાહિત્ય' વિષયમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને જયભિખ્ખુ ચંદ્રક એનાયત કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા આબાલવૃદ્ધ હોંશે હોંશે વાંચે એવી સંસ્કારપ્રેરક અનુપમ ગ્રંથાવલિ, વિમલ ગ્રંથાવલિ, વિદ્યાદીપ ગ્રંથાવલિ અને કમલ ગ્રંથાવલિનું પ્રકાશન કરવામાં આવ્યું છે. વૃદ્ધ, અપંગ અને અશક્ત લેખકને એમનું સ્વમાન અને ગૌરવ જાળવીને આર્થિક સહયોગ આપવામાં આવે છે. આવી રીતે શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ થાય છે. ૧૯૯૧માં આ ટ્રસ્ટના રજતજયંતિ વર્ષની પણ મોટે પાયે ઉજવણી કરવામાં આવી હતી અને અત્યારે જયભિખ્ખુ જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદે શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ, સાયલામાં યોજેલા સાહિત્ય-સત્ર સમયે એ સ્થળને 'જયભિખ્ખુ નગર' નામ આપવામાં આવ્યું તેમજ જયભિખ્ખુના જીવન અને કવનને અનુલક્ષીને એક બેઠકમાં જુદા જુદા વિદ્વાનોએ વક્તવ્યો આપ્યાં હતાં. અમદાવાદના ટાગોર થિયેટરમાં, ભાવનગરના શ્રી યશવંતરાય નાટ્યગૃહમાં તથા મુંબઈના શ્રી બિરલા માતુશ્રી સભાગૃહમાં જયભિખ્ખુ જન્મશતાબ્દી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે જયભિખ્ખુના ગ્રંથોનું પ્રકાશન, જયભિખ્ખુના સર્જન વિશે વિદ્વાનોનાં વક્તવ્યો તેમજ જયભિખ્ખુ લિખિત 'બંધન અને મુક્તિ' નાટક પ્રસ્તુત કરવાનું આયોજન કરવામાં આવ્યું.

'જયભિખ્ખુની જન્મશતાબ્દી' નિમિત્તે 'જયભિખ્ખુ : વ્યક્તિત્વ અને વાઙ્મય' અંગેનો પ્રિ. નટુભાઈ ઠક્કરે લખેલો ગ્રંથ ઉપરાંત 'જીવનધર્મી સાહિત્યકાર જયભિખ્ખુ' એ વિશે શ્રી પ્રફુલ્લ રાવલ લિખિત પુસ્તિકા પણ પ્રકાશિત કરવામાં આવી. જયભિખ્ખુના વિપુલ સાહિત્યસર્જનમાંથી એમની મહત્ત્વની નવલકથાઓ, ટૂંકી વાર્તાઓ, ચરિત્રો, ધર્મકથાઓ અને બાળસાહિત્ય પ્રકાશિત કરી રહ્યા છીએ, જેથી જયભિખ્ખુનું ઉત્કૃષ્ટ સાહિત્ય ગુજરાતના સાહિત્યરસિકોને ઉપલબ્ધ થશે.

જયભિખ્ખુ શતાબ્દી ગ્રંથાવલિ દ્વારા જયભિખ્ખુની મૌલિક સાહિત્યસૃષ્ટિ અને તેજસ્વી કલમનો આસ્વાદ ભાવકોને માણવા મળશે.

૨૦૦૮

**ટ્રસ્ટીમંડળ**

શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ

# પ્રસ્તાવના

(પ્રથમ આવૃત્તિ પ્રસંગે)

ગુજરાતને ઘડનાર અને ગુજરાતના સુવર્ણયુગના એક મહાન સમર્થ રાજવીની આ કથા છે. જેવા મહારાષ્ટ્રે શિવાજી મહારાજ છે, એવા જ ગુજરાતે મહારાજ સિદ્ધરાજ જયસિંહદેવ છે. કોઈ વાતે કોઈથી ઊણા-અધૂરા નથી.

ઊણપ કે અધૂરાશ હોય તો ગુજરાતીઓની; ગુજરાતના લઘુતાગ્રંથિથી પીડાતા માનસની ! પરગુણને પહાડ કરીને અને સ્વગુણને પરમાણુ કરીને જોવાની દૃષ્ટિની. આપણે આજ સુધી ઘણી ઘણી ઊજળી છબીઓને કાળી કરી છે. મીનલદેવી જેવી સતીને ભ્રષ્ટ ચીતરી છે; સિદ્ધરાજ જેવા મહાન રાજવીને નમાલો બતાવ્યો છે : ઇતિહાસકારોએ માથામાં હથોડા ઠોકે તેમ ઠોકીનું બતાવ્યું છે કે રાણકદેવી તરફ સિદ્ધરાજની કૂડી નજર નહોતી; ને જસમાનું પાત્ર તો કલ્પિત છે; છતાં આપણે એને એમાં રાચતો બતાવવામાં પાછળ રહ્યા નથી.

ઘણાં નાટકો, ઘણી નવલકથાઓ ને ઘણાં ચિત્રપટોએ ગુજરાતના આ સંસ્કૃતિધર રાજવીના માથે વિતાડવામાં બાકી રાખી નથી. કથાવાર્તાનો રસ જમાવવા જતાં એમણે કાળો કેર વર્તાવ્યો છે અને આપણા આગેવાનોએ એમાં કોઈ દિવસ વાંધો લીધો નથી, એમને એમાં કશું અનુચિત લાગ્યું નથી.

પણ આજના મંગલ પ્રસંગે જૂની ગૌરવભરી તસવીરોને સ્વચ્છ કરીએ. એના ઉપર આપણી બેદરકારીથી ચોટેલી રજને ધોઈ નાખીએ. જૂની દંતકથાના જાળાંવાળાં ઝાપટી નાખીએ અને એ તસ્વીરને બને તેટલી ચોખ્ખી કરીને પ્રજા સમક્ષ મૂકીએ.

એ ન ભૂલીએ કે ચરિત્રો પ્રજાના ચારિત્ર્યને ઘડે છે.

લઘુતાગ્રંથિની હદ થઈ. હવે એ તજી દઈએ. જે પ્રજાએ વિશ્વવંદ્ય પૂ. ગાંધીજી, પૂ. સરદારશ્રી, શ્રી દયાનંદ સરસ્વતી, ઠક્કરબાપા ને રવિશંકર મહારાજ આપ્યા હોય, એ પ્રજા સિદ્ધરાજ આપી જ શકે, એમાં આશ્ચર્ય જેવું કંઈ નથી.

હું ઇતિહાસનો વિદ્વાન નથી. પણ એક નમ્ર વિદ્યાર્થી છું. મેં બને તેટલા ઇતિહાસોમાંથી સત્ય તારવવા પ્રયત્ન કર્યો છે. અર્ધસત્યો ને અસત્યોમાંથી દૂર રહેવા યથાશક્ય યત્ન કર્યો છે. ધર્મઝૂનનથી લખાયેલી વસ્તુઓને બને તેટલી ગાળી નાખી છે. છતાંય કોઈ જાણકાર આ વિશે વિશેષ જણાવશે, તો તેનો યોગ્ય સ્વીકાર કરવામાં આવશે.

કોઈ મહાન કાર્ય કર્યાનો દાવો નથી, કારણ કે ગુજરાતના સમર્થ ઇતિહાસકારોએ આ મહાન રાજવીને ક્યારનોય ન્યાય આપી દીધો છે. મેં તો માત્ર તેઓના આધારે એક કથા લખી છે. કથા પણ નાનાં-મોટાં બંને રસથી વાંચી શકે તે ઢબથી લખી છે.

બાકી તો વાચકો નિર્ણય કરે.

આ રાજાના મનની ઉદારતા એના આખા ચારિત્રને પ્રગટ કરે છે. પોતે પરમ શૈવ. બોતેર લાખનો યાત્રાવેરો માફ કરે. રુદ્રમહાલય પર ધજા ચઢાવી ત્યારે જૈન મંદિરોની ધજા ઉતરાવેલી એમ કહેવાય છે. બીજી તરફ એ પોતે ગિરનારનાં જૈન દેરાંના ઉદ્ધારને માન્ય કરે, શત્રુંજયની યાત્રા કરે. જૈનો એના દાનનાં વખાણ કરે. પર્યુષણ પર્વ અને બીજા મોટા પર્વ દિવસોમાં અમારિ-પડહ વગડાવે; ત્યારે ત્રીજી બાજુ વૈષ્ણવો એને વિષ્ણુનો અવતાર માને. અરે, મિરાંતે અહમદીનો લેખક કહે છે, કે સિદ્ધરાજે મુસલમાન ધર્મ સ્વીકારેલો !

સારાંશમાં સહુ એને પોતાનો માને – એ મહાનુભાવતા આજે ક્યાં છે ? અશોક અને અકબરના વિશાળ હૃદયની સિદ્ધરાજ યાદ આપે છે. આર્ય પ્રણાલી છે કે રાજાએ બધા ધર્મના અનુયાયીઓનું સમાન ભાવે પાલન કરવું. એ નીતિનું આ રાજવીએ બરાબર પાલન કરેલું.

છેલ્લે એટલું પ્રાર્થીએ કે ગુજરાતના સુવર્ણયુગના આ મહાન ચક્રવર્તીના ઉજ્જવળ ચારિત્રને વિકૃત ચીતરવાનો હવેથી કોઈ પ્રયત્ન ન કરે; અને કોઈ એવી ચેષ્ટા કરે તો પ્રજાનો વિરોધ એને જરૂર નમાવે.

ઇતિહાસકારોની અમૂલ્ય કૃતિઓનો આમાં મેં બહોળો ઉપયોગ કર્યો છે, એ સહુનો હું આભારી છું.

૧ મે, ૧૯૬૦ — **જયભિખ્ખુ**

# સવાઈ સાહિત્યકાર જયભિખ્ખુ

કેટલાક લેખકો એવા હોય છે જેમનાં લખાણોમાંથી જીવનનાં મૂલ્યો આપોઆપ ઊપસી આવે છે. કેટલાક લેખકો એવા પણ હોય છે જે પોતાના વક્તવ્યમાંથી જીવનનાં મૂલ્યો ઉપસાવી આપે છે અને બીજા કેટલાક એવા પણ હોય છે જેમની કૃતિ પોતે જ મૂલ્યરૂપ હોય છે. 'જયભિખ્ખુ' પ્રથમ પ્રકારના લેખક હતા. તે જીવનધર્મી સાહિત્યકાર હતા. તેઓ ગળથૂથીમાં ધર્મ અને તેનાં મૂલ્યો લઈને આવ્યા હતા પણ તેમની ધર્મની વ્યાખ્યા વિશાળ હતી. જીવનને ટકાવી રાખનાર બળ તરીકે તેમણે ધર્મને જોયો હતો અને તેથી એમની વાર્તાઓ, નવલકથાઓ અને અન્ય સાહિત્યનો વિષય ધર્મ કે ધર્મકથા રહેલ છે. તાત્ત્વિક રીતે જોઈએ તો કોઈ ધર્મ માનવતાથી વિમુખ હોતો નથી. માણસ તેનો ઉપયોગ કે અર્થઘટન પોતાની અનુકૂળતા મુજબ માનવઘાતક સિદ્ધાંત તરીકે કરીને ક્લેશ વહોરે છે.

'જયભિખ્ખુ' જૈન ધર્મના લેખક છે અને નથી. છે એટલા માટે કે શ્રમણ ભગવાન મહાવીરના ઉપદેશને અહિંસાની વ્યાપક ભૂમિકા ઉપર સમજાવે છે અને તેઓ જૈન ધર્મના લેખક નથી તેનું કારણ એ કે જૈન કથાવસ્તુમાંથી સાંપ્રદાયિક તત્ત્વ ગાળી નાખીને તેઓ માનવતાની સર્વમાન્ય ભૂમિકા ઉપર તેને મૂકી આપે છે. દા.ત., 'ભગવાન ઋષભદેવ'માં માનવધર્મનું આલેખન સમાજને શ્રેયસ્કર માર્ગે દોરે તેવું છે અને 'કામવિજેતા સ્થૂલિભદ્ર'માં જૈન ધર્મનું સ્વારસ્ય પ્રગટ કરી બતાવ્યું છે. તે જ રીતે 'વિક્રમાદિત્ય હેમુ'માં ઇસ્લામ અને 'પ્રેમભક્ત કવિ જયદેવ'માં વૈષ્ણવ ધર્મનું હાર્દ સમજાવ્યું છે. આ પ્રકારનો અભિગમ ગુજરાતી લેખકોમાં 'જયભિખ્ખુ'એ દર્શાવ્યો છે તે આજના બિનસાંપ્રદાયિક માહોલમાં ખાસ નોંધપાત્ર છે.

'જયભિખ્ખુ'ની વાર્તાઓનાં શીર્ષક વાંચીને કોઈને એમ લાગે કે તે ધર્મ-ઉપદેશક છે; પરંતુ તેમની કલમમાં જોશ છે એટલી જ ચિત્રાત્મકતા છે. આથી તેમની વાર્તાઓ બાળકો, કિશોરો અને પ્રૌઢોને પણ ગમે છે. સરસ અને સચોટ કથનશૈલી ભાવકોને સુંદર રસભર્યું સાહિત્ય વાંચ્યાનો આનંદ આપે છે.

તેમણે લખેલી 'વિક્રમાદિત્ય હેમુ', 'ભાગ્યનિર્માણ', 'દિલ્હીશ્વર' વગેરે ઐતિહાસિક નવલોમાં વખણાયેલી 'પ્રેમભક્ત કવિ જયદેવ' છે. વૈષ્ણવ સંપ્રદાયને બાધક ન નીવડે અને પ્રેમલક્ષણા ભક્તિને પૂરો ન્યાય મળે એ દૃષ્ટિએ એમણે કવિ જયદેવનું પાત્રાલેખન

કર્યું છે. જયદેવ અને પદ્માના પ્રેમનું તેમાં કરેલું નિરૂપણ તેમની સર્જનશક્તિના વિશિષ્ટ ઉન્મેષરૂપ છે.

તેમણે કિશોરોને મસ્ત જીવનરસ પાય એવી 'જવાંમર્દ' શ્રેણીની સાહસકથાઓ આપી છે, જે આપણા કિશોરસાહિત્યમાં કીમતી ઉમેરારૂપ છે.

તેમના સંખ્યાબંધ વાર્તાસંગ્રહોમાં 'માદરે વતન', 'કંચન અને કામિની', 'યાદવાસ્થળી', 'પારકા ઘરની લક્ષ્મી', 'પ્રેમપંથ પાવકની જ્વાલા', 'શૂલી પર સેજ હમારી' વગેરે સંગ્રહો ધ્યાનપાત્ર છે. જેમાંની ઉત્કૃષ્ટ વાર્તાઓનો સંચય હવે પ્રસિદ્ધ થઈ રહ્યો છે. તેમની ટૂંકી વાર્તા લખવાની પદ્ધતિ સીધી, સચોટ અને કથનપ્રધાન હોય છે.

વાર્તાકાર તરીકેની તેમની બીજી વિશિષ્ટતા જૂની પંચતંત્ર શૈલીમાં તેમણે લખેલી જૈન, બૌદ્ધ અને હિંદુ ધર્મની પ્રાણીકથાઓમાં પ્રતીત થાય છે. દીપકશ્રેણી અને રત્નશ્રેણી પણ લોકપ્રિય થયેલી છે. જથ્થો અને ગુણવત્તા બંનેમાં 'જયભિખ્ખુ'નું બાળસાહિત્યક્ષેત્રે પ્રદાન માતબર છે. સચોટ સંવાદો, સુંદર તખ્તાલાયકી અને ઉચ્ચ ભાવનાદર્શનને કારણે એમણે લખેલાં નાટકો રેડિયો અને રંગભૂમિ ઉપર સફળ પ્રયોગ પામેલ છે.

તેમણે શ્રમણ ભગવાન મહાવીરનું 'નિર્ગ્રંથ ભગવાન મહાવીર' નામનું ચરિત્ર આપેલું છે. શૈલીની સરળતા, વિગતોની પ્રમાણભૂતતા અને વસ્તુની ભવ્યોદાત્ત પ્રેરકતાને કારણે એ કૃતિ ઉચ્ચકોટિની સાહિત્યિક પ્રતિષ્ઠા પામેલી છે. જયભિખ્ખુના વિપુલ સાહિત્યસર્જનમાંથી ચયન કરીને એમનું ઉત્કૃષ્ટ સાહિત્ય નવા રૂપે પ્રકાશિત થાય છે, તેનો આનંદ છે.

ધર્મ જીવનવ્યાપી હવા છે. તેને કલાની મોરલીમાંથી ફૂંકવાની ફાવટ બહુ થોડા લેખકોમાં હોય છે. 'જયભિખ્ખુ' એ કાર્ય પ્રશસ્ય રીતે બજાવી શક્યા હતા. અનેક સાંપ્રદાયિક સંકેતોને તેમણે પોતાની સૂઝથી બુદ્ધિગમ્ય બનાવી આપ્યા છે. ધર્મકથાના ખોખામાંથી લેખકની દીપ્તિમંત સૌષ્ઠવભરી કલ્પના વૃત્તિઓના સંઘર્ષથી ભરપૂર પ્રાણવંતી વાર્તા સર્જે છે અને વિવિધરંગી પાત્રસૃષ્ટિ ઊભી કરે છે. આપણું ધર્મકથાસાહિત્ય પ્રેરક અને રસિક નવલકથા માટે કેટલા મોટા પ્રમાણમાં કાચો માલ આપી શકે તેમ છે તેનું નિદર્શન મુનશીની નવલકથાઓની માફક જયભિખ્ખુની પૌરાણિક નવલકથાઓ પણ કરી રહી છે.

'જયભિખ્ખુ'નું વ્યક્તિત્વ લોહચુંબક જેવું અને સ્વભાવ ટેકીલો હતાં. તે નર્મદની પરંપરાના લેખક હતા. વારસામાં મળતી પૈતૃક સંપત્તિ ન લેવી, નોકરી ન કરવી અને લેખનકાર્યમાંથી જે મળે તેમાંથી ગુજરાન ચલાવવું એ નિર્ણયો તેમણે એ જમાનામાં જ્યારે લેખકનાં લેખ કે વાર્તાને પુરસ્કાર આપવાની પ્રથા બંધાઈ ન હતી ત્યારે કર્યા હતા. સાહસ, ઝિંદાદિલી, નેકી અને વફાદારીની વાતો એમની પાસેથી કદી ખૂટે નહિ. તેમના વ્યક્તિત્વમાં પણ એ ગુણો હોવાથી તેમનું સ્નેહી વર્તુળ મોટું હતું. તેમનો સ્વભાવ પરગજુ હતો. દુખિયાંનાં આંસુ લૂછવામાં તેમને આનંદ આવતો. માનવતાના હામી જયભિખ્ખુ સમર્થ સાહિત્યકાર હતા પણ વ્યક્તિ તરીકે સવાઈ સાહિત્યકાર હતા.

૨૦૦૮ **– ધીરુભાઈ ઠાકર**

❑

## લોકપ્રિય રાજાધિરાજ

ગુજરાતનો સર્વથી વધારે લોકપ્રિય અને લોકહૃદયમાં ચિરંજીવ રહેનારો મહારાજાધિરાજ જયસિંહદેવ-સિદ્ધરાજ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં પણ એક ચિરંજીવ વ્યક્તિ છે.

એણે ગુજરાતની સંસ્કારિતાને દૃઢ કરવામાં મોટો ભાગ ભજવ્યો છે. એ મહાપરાક્રમી, વ્યવસ્થાકુશળ, રાજનીતિજ્ઞ, ઉદાર, પ્રજાવત્સલ, લોકમાં ભળી તેનાં સુખદુઃખ જાણનારો, બ્રાહ્મણ અને જૈન ઉપરાંત બીજા ધર્મો તરફ સમાન દૃષ્ટિ રાખનારો, વિદ્યા-સંસ્કારોને પોષનારો, વિદ્વાન અને ધાર્મિક પુરુષોને માન આપનારો, અને એવા અનેક ગુણોથી શોભતો, ભૌગોલિક દૃષ્ટિએ પણ ગુજરાતનો ખરેખર મહારાજા હતો.

હાલના ગુજરાતે સાંસ્કૃતિક ઐક્યનો મૂળરાજના સમયથી કરેલો આરંભ, આ મહારાજાધિરાજના સમયથી સંપૂર્ણ સધાયો હતો.

**– સ્વ. શ્રી રત્નમણિરાવ**

# અનુક્રમ


૧. બાબરોભૂત

૨. પાટણનું પાણી હરામ

૩. મેંદી રંગ લાગ્યો

૪. મામો માર્યો

૫. ખેંગારે નાક કાપ્યું

૬. દારુ એ દાટ વાળ્યો

૭. પાણી એજ પરમેશ્વર

૮. જય સોમનાથ

૯. બોંતેર લાખનું દાણ માફ

૧૦. વગર તલવારે ઘા

૧૧. જનતાની જય

૧૨. યાહોમ કરીને પડો

૧૩. અવન્તીનાથની ઉદારતા

૧૪. ગુજરાતી ભાષાના ઘડવૈયા

૧૫. સર્વધર્મ સમાન

૧૬. ચના જોર ગરમ

૧૭. ખંભાતનો કુતુબઅલી

૧૮. અદલ ઈન્સાફ

૧૯. રાજા કે યોગી ?

# સિદ્ધરાજ જયસિંહ



૧

# બાબરો ભૂત

સરસ્વતીનો કાંઠો હતો.

સાંજનો સમય હતો.

ઢોર ચરીને પાછાં વળતાં હતાં.

પંખીઓ માળામાં બેસવા આવી રહ્યાં હતાં.

આ વખતે ગામના ગોંદરે ધૂળના ગોટેગોટા ઊડતા દેખાયા.

સીમાડા પર ભારે કોલાહલ થતો લાગ્યો.

જોયું તો પાતાળ ફોડીને આવતો હોય એવો કોઈ માણસ આવતો દેખાયો : પૂરેપૂરો અસુરનો અવતાર !

અસાડનાં વાદળાં જેવો કાળો રંગ. તાડના ત્રીજા ભાગ જેટલો ઊંચો. કોડા જેવી મોટી અને લાલઘૂમ આંખો.

આખા શરીર પર કાળી રુંવાટી. હાથીની સૂંઢ જવા હાથ. થાંભલા જેવા પગ.

માથે સાપના જેવા ગૂંચળાવાળા વાળ. મોટી મોટી દાઢી. લાંબી

લાંબી મૂછો.

ખભે ગેંડાની ઢાલ. કમરે બેધારી તલવાર. હાથમાં ભાલો. કેડે ચારપાંચ છરા.

અવાજ ખોખરો. ચીસ પાડે તો ઝાડ પરથી બીને પંખી નીચે પડે. કાચાપોચાની તો છાતી ફાટી જાય.

દોડવામાં ભલભલા અરબી ઘોડાને આંટે ! એની પાછળ પચીસ-ત્રીસ માણસો. કોઈના હાથમાં ભાલો. કોઈના હાથમાં ડાંગ. કોઈના હાથમાં તલવાર. કોઈના હાથમાં લાકડાની વાંકી કાતી. તાકીને કાતીનો ઘા કરે તો માણસ, ઘોડો કે ઊંટના પગનો નળો તોડી નાખે. ન હલાય કે ન ચલાય.

જે લોકોએ એને જોયો, એ ડરથી ચીસ પાડીને ઊભી પૂંછડીએ ભાગ્યા. ખેડૂતોએ ખેતર મૂક્યાં. ગોવાળોએ ઢોર મૂક્યાં. ચોકીદારોએ ચોકી મૂકી.

બધા બૂમો પાડતા ગામ તરફ ભાગ્યા,

'એ બાબરો ભૂત આવ્યો ! ભાગજો રે !'

ગામના ચોરામાં મદારસંગ બાપુ બેઠા હતા. સામે ડાયરો બેઠો હતો. સામસામો અમલ લેવાતો હતો. રંગછાંટણાં થતાં હતાં. એકબીજાની મરદાઈ ગવાતી હતી.

અદકપાંસળો ભગલો હોકો ભરતો હતો; ચલમમાં દેવતા મૂક્તો હતો.

બાપુનો હોકો આજ બરાબર જામતો નહોતો. એ વારંવાર ભગલાને કહેતા હતા : 'ગોલકીના ! દેવતા બરાબર નથી. લાકડાં ખરાબ છે. ભારાવાળાને બોલાવજે. ડચ્ચ લઈને ડોકું ઉડાડી દઉં ! મદારસંગ બાપુને એ ઓળખતો લાગતો નથી.'

ભગલો કહે : 'બાપુ ! અંગારા તો બરાબર છે, પણ તમાકુ બરાબર નથી.'

બાપુ કહે : 'ઈ વાણિયા તલકચંદને પકડી લાવજે. આવી તમાકુ આપનારને ગરદન મારવો પડે.'

વાતવાતમાં બાપુ ભગલાને ગાળ કાઢે. ગાળ કંઈ કોઈને ગમે ? ભગલાનેય ગમે નહિ. પણ ભગલો ડરે. ગરબડ કરે તો બાપુ તલવાર તાણે અને દૂધી પરનું ડીંટું કાપે, એમ એનું માથું કાપી લે !

ક્હેવાતું કે બાપુના પૂર્વજોએ તેર તવા વીંધેલા.*

એવામાં બૂમ આવી : 'બાબરો આવ્યો !'

ડાયરો તો હરરર કરતો વીખરાઈ ગયો. બાપુ ભેટ છોડી ઊભા થયા. હોકો પડતો મૂક્યો. ભગલાને પાસે બોલાવી ક્હ્યું :

'અલ્યા, તારી પાઘડી લાવ. મારી પાઘડી તું લે. બાબરો તો રજપૂતોનો કાળ છે. એમને દીઠા મૂક્તો નથી.'

ને બાપુ તો ભગલાની પાઘડી પહેરીને જાય ભાગ્યા.

ગોર મહારાજ રેવાદાસ ઘરના  આંગણામાં બેઠા-બેઠા ગીતા વાંચતા હતા; ભગવાન કૃષ્ણનો ઉપદેશ સંભળાવતા હતા :

'પછી શ્રી ભગવાન બોલ્યા, હે અરજનિયા ! તું મરીશ તોયે સ્વરગે જઈશ.મારીશ તોય સ્વરગે જઈશ. માટે દીધે રાખ. તારે તો બંને હાથમાં લાડવો છે !'

લાડવો ! ને રેવાદાસનું મોં પહોળું થઈ રહ્યું; બોલ્યા : 'અરે ભટાણી ! આજ કોને ત્યાં જમવાનું નોતરું છે ?'

ત્યાં તો બૂમ પડી : 'બાબરો આવ્યો !'

ગોર મહારાજની ડાક્લી ફાટી રહી. અને સભા તો, બિલાડીને જોઈ જાર ખાતાં ક્બૂતરાં વેરાઈ જાય એમ, વેરાઈ ગઈ.

ગોરે ચાંદીની આચમની, ચાંદીનું તરભાણું ને સોનાની ભગવાનની મૂર્તિ પાણીના ગોળામાં પધરાવી દીધાં.

ગોરાણીને ક્હ્યું : 'કીમતી ચીજો સંતાડી દો. ભલે બાબરો આવે. માયા દેખી મુનિ ચળે તો બાબરો કોણ ? બાકી એક વાર ચાર આંખ થવા દો. આશીર્વાદમાં અડધું ન પડાવી લઉં, તો મારું નામ રેવાદાસ નહિ ! ઠેઠ કાશી જઈને ભણ્યો છું, હો !'

ગોબર શેઠ ગામના મહાજન. ગણેશ જેવી મોટી દુંદ. બેઠા-બેઠા હિસાબ-ક્તિાબ સરખા કરતા હતા.

---

* તેર તવા : તવો એટલે લોઢાની તાવડી. એવી તેર તાવડી એક પછી એક લટકાવી, એક તીરથી વીંધી નાખવી તે તેર તવા વીંધવા.



બાબરો ભૂત આવ્યો.

શેઠાણી હરકુંવર કીકાને રમાડતાં પાસે બેઠાં હતાં; ગીરો મૂકેલાં ઘરેણાંના દાબડા ઉઘાડીને જોતાં હતાં; પૂછતાં હતાં :

'આ હાર કોનો છે ?'

'અરે ! શેઠાણી, ગમતો હોય તો તમારો. આવ્યો એ આવ્યો. જમના ઘેરથી કોઈ જીવ પાછો ગયો છે ? સરકારની જનમટીપમાંથી કોઈ ભાગે, પણ મારા ચોપડામાં જે કેદ થયો એ મરે તોય ન છૂટે.'

ત્યાં બૂમ પડી : 'બાબરો ભૂત આવ્યો !'

ગોબર શેઠ તો સડાક કરતા બેઠા થઈ ગયા. પાસે હતાં એ ઘરેણાં ગંદા પાણીની મોરીમાં નાખી દીધાં. શેઠાણીનો સાડલો ખેંચતાં કહ્યું :

'બાબરો વાણિયાને દીઠો મેલતો નથી. કહે છે કે વાણિયો ઢોરના આંચળમાં વળગેલી બગાઈ જેવો છે. બગાઈ તો મસળી નાખવાની. અરે, મણીઆની મા ! લાવ તારાં કપડાં. અત્યારે બચવાનો આ એક જ આરો છે !'

ગોબર શેઠે ચણિયો પહેર્યો, સાડી પહેરી; લાંબો ઘૂમટો કાઢી આઘા જઈને બેઠા.

હરકુંવર કહે : 'મારાથી તમારી જેમ ખૂણામાં જઈને નહિ બેસાય. હું તો વનરાજના દીવાન ચાંપાના વંશની છું. દરવાજે સાંબેલું લઈને ઊભી છું. લો આ કીકાને. બાબરો આવશે તો કહીશ કે આ તો મારી દેરાણી છે !'

શેઠ કહે : 'શેઠાણી ! એમ તો દશ પેઢી પર અમેય ગરાસિયા હતા. પણ વખતને માન છે. નહિ તો આ બાબરું શું !'

વસવાયાના વાસમાં બૂમ પડી :

'બાબરો આવ્યો !'

બધા બહાર દોડી આવ્યા. ઘરમાંથી પાણી ખેંચવાનાં દોરડાં લાવ્યા. દોરડાંથી એકબીજાના હાથ બાંધીને હારમાં ઊભા રહી ગયા.

વંટોળિયો આવે એમ બાબરો આવ્યો.

વસવાયાં બધાં કહે :

'મેં ગુલામ ! મેં ગુલામ ! મેં ગુલામ તેરા !'

બાબરો કહે : 'તમને અભેવચન. તમે લેવા જોગ છો, હું આપવા જોગ છું. ચાલો આગળ થાઓ, ને માલમિલક્તવાળાનાં ઘર બતાવો !'

ગામ માથે જાણે જમની સેના ઊતરી !

એક કલાકમાં તો ગામને સાવ સાફ કરી નાખ્યું. પૈસાવાળાઓનો મારી મારીને સોથ બોલાવી દીધો.

જેમણે આપવાની આનાકાની કરી, એમની આંગળીએ ગાભા વીંટ્યા, તેલમાં બોળ્યા ને સળગાવ્યા ! જીવતી મશાલ જોઈ લો !

બધા પૈસાવાળાએ બે હાથ જોડ્યા. પગમાં પડ્યા. ઘરમાં હતું તે બધું કાઢીને આપી દીધું. જીવ બચ્યો એટલે બસ !

બાબરા ભૂતે ગામ લૂંટીને કોથળા ભર્યા. કુંભારનાં ગધેડાં લાવી તેના પર ચઢાવ્યા.

પછી ચોરે ડાયરો ભર્યો. કોળીની સ્ત્રીઓ પાસે ગવરાવ્યું.

બાબરો તો દેવ ગણાય. સોરઠના બાબરિયાવાડનો ધણી. હજાર-હજાર માણસ એની પાછળ નીકળે. સવારે સોરઠમાંથી નીકળે. બીજી સવારે આખી ગુજરાતને આંટો મારી, ધનદોલત લૂંટીને ઘર ભેગો. એને પૂછે, એને ભગવાન પૂછે.

એના ચમત્કારોની કંઈ કંઈ વાતો ચાલે. બાબરો સિદ્ધ ગણાતો. કોઈને મસાણમાં મડદા પર બેસી મંત્ર ભણતો દેખાય. કોઈને આકાશમાં ઊડતો દેખાય. આ બાબરાનાં માણસોએ મૂળરાજદેવે બંધાવેલો સુંદર રુદ્રમહાલય તોડેલો. સરસ્વતીના કાંઠા પર એની હાક વાગે. ભલભલા એનાથી ડરે.

આ ગામની ડોશીઓ બાબરાની પાસે બાધા છોડવા આવી; સુખડીના થાળ લાવી, શ્રીફળના હારડા લાવી ને ઘીની છલકાતી કટોરીઓ લાવી.

'ખમ્મા કરજો, બાબરાદેવ ! તમારાં રાખ્યાં રહીશું. મારો દીકરો સાજો થશે, સવામણની સુખડી ચઢાવીશ.'

વળી કોઈ કંઈ તો કોઈ કંઈ : એમ જાતજાતની માનતા લઈને આવ્યાં !

કંઈ કેટલી સુખડી !

કંઈ કેટલાં શ્રીફળ !

કંઈ કેટલું ઘી !

બાબરાએ અને એના સાથીદારોએ ઘી પીવા માંડ્યાં, સુખડી ખાવા માંડી, શ્રીફળ ફોડી ફોડી પાણી પીધાં ને ટોપરાં ખાધાં !

બાબરાએ તો ખાસી અડધોએક મણ સુખડી ખાધી, દશ શેર જેટલું ઘી પીધું, પાંચ-પંદર ટોપરાંનો મુખવાસ કર્યો.

અને પછી એકાએક બૂમ પાડી. બૂમ તે કેવી ?

જાણે સિંહની ત્રાડ !

આખા ગામમાં એ બૂમ સંભળાણી. જ્યાં જ્યાં એનાં માણસો હતાં, એ બધાં આવી પહોંચ્યાં. એકઠાં થવાનું એ એલાન હતું.

ગામના ગોંદરે મહાકાલીનું મંદિર. સાવ જૂનું. પહેલાં દર દશેરાએ બકરો ચઢતો. હમણાં મહાજનનું જોર વધ્યું હતું. બકરાને ઠેકાણે સાકરકોળાનો ભોગ દેવાતો.

મહાકાલીના મંદિર પાસે જઈને બાબરો ઊભો રહ્યો. એની પાસે મોટું અણીદાર ત્રિશૂળ હતું.

ત્રિશૂળ લઈને બાબરાએ આંગળી પર માર્યું.

આંગળીમાંથી લોહી વછૂટ્યું !

એ લોહી લઈને માના ચરણમાં છાંટણાં કર્યાં. પોતે કપાળમાં એનું તિલક કર્યું. નાળિયેરની કાછલીમાં ઝીલી લઈને સાથીદારને આપ્યું. સહુ સાથીદારોએ પણ એનું તિલક કર્યું.

જય મા કાલી ! ફરી બાબરાએ બૂમ દીધી.

એ અવાજ કૂચ કરવાનો હતો. સંચાની પૂતળીની જેમ બધાં કામ કરવા લાગ્યાં. હુકમ થતાં ટપોટપ ઘોડાં, ગધેડાં, ઊંટ દોરીને બાબરાનાં માણસો તૈયાર થઈ ગયાં.

બાબરાએ આગળ ડગ દીધો;

પછી ફલાંગ દીધી !


પાછળ બધા ચાલ્યા.

કહે છે કે બાબરો કદી ઘોડા પર ન બેસતો. એને પગે ચાલવું ફાવતું. ઘોડું એના ભારથી ચાલી જ ન શક્તું !

સૂરજ આથમી ગયો.

દૂર દૂર બાબરો છલાંગો ભરતો જતો હતો. લૂંટનો માલ લઈને ઘોડાં, ગધેડાં ને ઊંટ એની પાછળ દોડતાં હતાં. તોય બાબરાને પહોંચી ન શક્તાં !

બાબરો જાણે બજરંગબલિનો અવતાર હતો. બાબરો જમનો જાણે નવો જજમાન હતો.



૨

# પાટણનું પાણી હરામ

સરસ્વતી તો એની એ વહે છે; કાંઠા એના એ છે; પણ ગામ એ રાતમાં ટીંબો થઈ ગયું !

રજપૂત, બ્રાહ્મણ ને વાણિયા રાતા પાણીએ રોઈ રહ્યા છે !

ગામમાં કાગડા કળેળાટ કરે છે.

મસાણમાં મડદું પડ્યું હોય ને ડાઘુ બેઠા હોય, એવો દેખાવ છે !

એવે ટાણે ત્યાંથી એક સવારી નીકળી.

ભારે અરબી ઘોડા ! ઊંચી કાઠિયાવાડી ઘોડીઓ ! સોનાની મૂઠવાળી તલવાર ! ગંગા-જમની હોકા !

ભાટ-ચારણો લલકારે છે : 'બઢે જાઓ મહારાજાધિરાજ ! ઘણી ખમ્મા પાટણના નાથને !'

સવારીની આગળ એક કુંવર છે.

ક્લૈયો કુંવર છે. સહેજ શ્યામવર્ણો છે, પણ ભગવાને નવરાશે ઘડ્યો હોય તેવો ઘાટ છે !

મોં પર રાજવંશી તેજ ઝળહળે છે. માથે નાનકડી કસબી પાઘ છે. ડિલ પર જરિયાની અંગરખું છે. કમળ પર સિરોહી તલવાર છે. પીઠ પર આફ્રિકાના ગેંડાની ઢાલ છે.

પંદરેક વર્ષની ઉંમર છે. જુવાની આવું-આવું થાય છે. મૂછો હજી ફૂટું- ફૂટું થાય છે !

પાછળ બે મોટા સરદારો છે, ચાર સિપાહીઓ છે, બાર-પંદર પગી-પસાયતા છે !

પગી-પસાયતા ગામ-ગામના કેડા ચીંધે છે.

રાજવંશી જુવાનિયાએ ગામલોકોનાં કાળાં મેંશ મોં જોઈ પૂછ્યું :

'કાં ભાઈઓ ! ગામમાં કંઈ મોટું મરણ થયું છે ?'

'હા, બાપ !' એક ઘરડા રજપૂતે જવાબ આપ્યો.

'કોણ મરી ગયું ?'

'પાટણની ગાદીનો ધણી !' એક રજપૂતે દાઢમાં કહ્યું.

'શું બોલો છો તમે ? જાણો છો, તમારી સામે કોણ ઊભું છે ?' કુંવરની પાછળ ઊભેલા એક સરદારે કહ્યું.

'જે ઊભું હોય એ. અમે તો માનીએ છીએ કે અમારે માથે ધણી નથી. નહિ તો બાબરો ભૂત અમને આમ ધોળે દીએ રંજાડે ખરો ! અરેરે, કાળો કેર વર્ત્યો અમારા પર ! હવે તો આ ગામ છોડીને હિજરત કરવી પડશે, બાપદાદાના વારાનાં આ ખોરડાં ! આ ખેતર ! હે મા કાલકા ! તું રાખે તેમ રહેવું રહ્યું. આ દુનિયા પર તારા સિવાય અમારું રક્ષણ કરનાર બીજું કોઈ નથી.'

'બાબરો ભૂત ? એ વળી કોણ ?' પેલા જુવાન કુંવરે પૂછ્યું.

'ભાઈ જુવાન ! તું તારે મેવા-મીઠાઈ જમી, પાંચ મણની મખમલ-મશરૂની તળાઈમાં આળોટ. મરગલાં * મારવાં કે મરગાનેણીની શોધ કરવી-બે કામ રજપૂતનાં રહ્યાં છે. નકામી એ વાત સાંભળી ચિંતામાં પડીશ; ઊંઘ વેચી ઉજાગરો લઈશ.' રેવાદાસે કહ્યું.

'ના, ના, મને જરૂર કહો. હું મારાથી બનતું કર્યા વગર નહીં રહું.' જુવાને

* મરગલાં = હરણાં; મરગાનેણી = સુંદર સ્રી.

આગહ કર્યો.

'આખો દેશ જાણે છે. સૌરાષ્ટ્રના બાબરીઆવાડનો મૂળ રહેવાસી. એનું નામ બાબરો. પવન જેવો ઝડપી. પંખી જેવો ઊડનારો. જમના જેવો જુલમી. આજ અહીં, તો કાલ વળી સો ગાઉ પર. હે ત્રિપુરારિ ! હે મુરારિ ! હવે તું રાખે તેમ રહેવું છે !' રેવાદાસ બોલ્યા.

'મૂળથી જ અહીંનો ?' જુવાનની ઉત્કંઠા ઘણી હતી.

'ખબર નથી. પણ મહારાજ મૂળરાજે રુદ્રમાળ બંધાવવા માંડ્યો ત્યારે અહીં કમાવા આવ્યો. મહારાજ કરણદેવ વહેલા ગુજરી ગયા. રાણીનું[x] રાજ થયું, ને પછી છોકરાનું ... બાપ ! છોકરે છાશ ન પિવાય ! બાબરાએ બોડી બામણીનું ખેતર દીઠું. આ રાજમાં આવા બધાનું ચઢી વાગ્યું છે, ને રૈયતની તો ઘાણી થઈ છે.' ગામના ઘરડા રજપૂત સુરસંગે કહ્યું.

'રાજ કંઈ બંદોબસ્ત નથી કરતું ?'

'રાજ તો બંદોબસ્ત કરે છે : બાબરો પૂરવમાં હોય તો પાટણના સૈનિકો પશ્ચિમમાં ફરે છે. જમના આંગણે કોણ જાય ? બિચારી પ્રજાનો તો બેવડો મરો છે : સિપાઈઓનેય ધરવવાના ને બાબરાનેય ધરવવાનો ! સિપાઈઓ કહે છે, અમને આપો. એમને દૂધે વાળુ કરવાં છે. બાબરો કહે છે, અમને આપો. એને ઘીનાં તાંસળાં ગટગટાવવાં છે. હવે તો રામ રાખે એમ રહેવાનું છે !'

'તમે જાણો છો, અમે કોણ છીએ ?' પેલા સરદારે કહ્યું.

'ના, બાપુ !'

'અમે પાટણના છીએ. મહારાજ જયસિંહ ગાદીએ બેઠા છે. ગામેગામ એમના નામનાં તોરણ બાંધવા નીકળ્યા છીએ.'

'તોરણ બાંધ્યે શું વળે ? મહારાજ જયસિંહને કહો કે કેડે તલવાર બાંધે ! મરદાઈનાં પાણી હોય તો બાબરા સાથે બાખડે ! બાકી ઘરમાં પેસીને મોટી વાતો કરવામાં માલ નહિ.'

'હું મહારાજ જયસિંહ !' જુવાન બોલ્યો : 'તમારી વાત સાચી છે. આજથી તોરણ બાંધવાં બંધ. તલવાર મ્યાન બહાર કરું છું, ને પ્રજારૂપી પરમેશ્વર પાસે

---

X રાણી એટલે મીનલદેવી.

પ્રતિજ્ઞા કરું છું કે બાબરાને વશ ન કરું, ત્યાં સુધી પાટણનું પાણી હરામ !'

'ખમ્મા પાટણના નાથને !' ઘરડા રજપૂતે જુવાન રાજા સામે જોતાં કહ્યું : 'જાણીએ છીએ કે મા મીનલદેવીને સાત ખોટના એક છો. રાજમાતા અદલ ન્યાયવાળાં છે. પણ એકલા ન્યાયથી કંઈ ન વળે. રાજમાં તો કડપ જોઈએ !'

ગોબર શેઠે આગળ આવી કહ્યું : 'ઊતરો મહારાજ, ઘોડેથી ! ગુજરાતનો નાથ અમારે આંગણેથી એમ ને એમ ન જાય.'

'હવે ઊતરવાનો વખત નથી. બાબરો કઈ દિશા તરફ ગયો ?' રાજા જયસિંહે પૂછ્યું.

'ઓતરાદી દિશાએ. પણ બાપ, એમ એક ઘડીમાં કંઈ ન વળે !' ઠાકોર સુરસંગે કહ્યું : 'ઉતાવળા સો બાવરા. આ દુશ્મન જેવોતેવો નથી. એનું નામ સાંભળી ભલભલા શૂરાની મૂછો ય ઉંદરની પૂંછડીની જેમ સીધી થઈ જાય છે ! છોકરાં છાનાં રહી જાય છે !'

ગોબર શેઠે ટેકો આપતાં કહ્યું : 'તેલ જુઓ, તેલની ધાર જુઓ. આ તો પુરાણું પાપ છે. એક દહાડામાં ન જાય.'

'ના ! ના ! મારી પ્રતિજ્ઞાને પ્રાણના સાટે પાળીશ. ડાયરાને રામ રામ ! જીવીશ તો વળી મળીશું.'

જુવાન રાજાએ ઘોડાને એડ મારી. ઘોડો ચાર પગે કૂદ્યો ને દોડ્યો.

પાછળ બધા ચાલી નીકળ્યા.

જુવાન જયસિંહે ઓતરાદી દિશા પકડી.

ઘોડો પવનની પાંખે ઊડતો જાય છે. રાજા તો બોલતોય નથી, ચાલતોય નથી. બાણની કમાનની જેમ એના હોઠ ખેંચાયેલા છે. ભવાં શંકરના ત્રિશૂળની જેમ ચઢેલાં છે.

સામંત-સરદારોને આ ખોટા લાગણીવેડા રુચતા નથી, પણ શું કરે ? એ વિચારે છે કે બાબરો લૂંટે એમાં આપણે શું કરી શકીએ ? પાટણમાં આવે તો ખબર પાડીએ. જુવાન રાજા ખોટો ચિડાય છે ! આ ઝાડનાં મૂળ ઊંડાં છે. એક દહાડામાં કંઈ ન થાય.

બપોર સુધી ઘોડાંઓ તગડ-તગડ થયાં.

સીમમાં એક ખેડૂત રોટલા ખાય. સરદારોએ વિચાર્યું કે જુવાન રાજા ભૂખ્યો થયો હશે. રોટલો તો રોટલો ! કંઈક પાણી પીવાનો જોગ કરીએ.

સરદાર કર્ણસિહે ખેડૂત પાસે રોટલો માગ્યો. ખેડૂતે તો રોટલો ઝટ દઈને ધરી દીધો. તલવારવાળા સાથે રકઝક ખોટી. ભૂંડાથી ભૂત ભાગે. એ બોલ્યો : 'લો બાપ ! હોંશે-હોશે જમો. કોઈ દહાડો ચોર જમે, કોઈ દહાડો શાહુકાર જમે ! રાંધનારને ધુમાડો રહે.'

જુવાન રાજા કહે : 'જ્યાં સુધી એના રોટલાના આંચકનારને વશ ન કરું ત્યાં સુધી એનો રોટલો મારાથી ન ખવાય. હું લૂણહરામ ઠરું. ભાઈ ! તેં બાબરાને જોયો ?'

'હોવે બાપ ! પણ એનું નામ મૂકો.'

'મને ઠેકાણું તો બતાવો.'

'એનું ઠેકાણું શું બતાવવું ? જલચર-ભૂચર-ખેચર ! જે ગણો તે. એક અચરજ કહું ? આ ઝાડને કહો કે મારે બાબરાને મળવું છે. ઝાડ પોતે પાંદડું મોકલી સંદેશો કહાવશે. અને થોડી વારમાં બાબરો પોતે હાજર જશે ! એ સિદ્ધ છે. કેટકેટલાં દેવ-દેવી એને હાજરાહજૂર છે. માતા જોગણીઓ એની પાસે ગરબા લે છે. ચૂડેલ, ડાકણ, તો એની વાંસે-વાંસે ફરે છે.'

જુવાને બીજું કંઈ ન સાંભળ્યું. એ ભૂત-બૂતમાં માનતો નહોતો. સંસારમાં માણસ મોટો છે. માણસ માણસાઈમાં રહે, મરદાઈ રાખે તો દેવ પણ એની પાસે છોટો છે. એણે તો પાસેના આંબાના ઝાડને કહ્યું, કે મારે બાબરાને મળવું છે. મારી પ્રજાને કાં પીડે ? આટલો સંદેશો ઝાડને આપી એણે ઘોડાં આગળ હાંક્યાં.

હવે તો મોટાં મોટાં કોતરો આવતાં હતાં. બપોર વીતી ગઈ હતી, ને સાંજ પડતી હતી.

જયસિંહે મોંમાં અન્નનો દાણોય મૂક્યો નહોતો.

અને રાજા ન ખાય તો બીજાથી કેમ ખવાય ? પાછળ ચાલતા આ રાજમંડળે ઘણા રાજાને વેઠ્યા હતા, પણ આ તો ભારે હઠીલો ! ભારે જક્કી ! પોતાની વાત મૂકે નહીં. કોઈનું કંઈ સુણે નહીં !

બધા થાક્યા હતા; આડાઅવળા થતા હતા; ધીરાધીરા ચાલતા હતા.

વિસામાની શોધમાં હતા.

પણ જયસિંહ તો જુદી માટીનો માનવી : કોઈ ધારેલી વાત ન થાય, તો એનું મગજ ચઢી જાય. એ વખતે ગજવેલનો કકડો થઈ જાય. ગમે એટલી ગરમી આપો, પણ વળે એ બીજા ! કકડા થવું એ હા. બધા મનમાં કહેવા લાગ્યા, ખરી રીતે તો વિધવા માતાનો મોઢે ચઢાવેલો એકનો એક દીકરો ખરો ને ! એને કોણ સમજાવવા જાય ?

જયસિંહે આડે રસ્તે ઘોડો હાંક્યો. ત્યાં તો કોઈએ પાછળથી ઘોડાનું પૂંછડું ખેંચ્યું. રમકડાની જેમ ઘોડો આખો ને આખો પાછળ ખેંચાઈ ગયો.

જયસિંહે પાછા ફરીને જોયું.

જોયું તો રાક્ષસ જેવો ભયંકર માણસ ત્યાં ઊભેલો. વાળ સિહોળિયાં જેવા ખડા થઈ ગયેલા. આંખો તો જાણે લાલ હિંગળો પૂરેલી, અને હાથમાં નાગી તલવાર !

કાળભૈરવ જોઈ લો. જોઈને જ માણસ ફાટી પડે.

પણ અહીં તો બીવે એ બીજા.

'કોણ તું ?' રાજા જયસિંહે કહ્યું.

'હું બાબરો ! તું મને યાદ કરતો હતો ને !' બાબરાએ હસતાં-હસતાં કહ્યું. એના મોટા દંતાળી જેવા દાંત દેખાઈ રહ્યા હતા. કાચો ને કાચો બકરો ચાવી જાય એવો એ ભયંકર લાગ્યો.

બકાસુરનો જાણે બીજો અવતાર.

'હા, તને યાદ કરતો હતો હું ! બાબરા ! મારી રાંક પ્રજાના પીડનારા ! આજ કાં તું નહિ, કાં હું નહિ. થઈ જા તૈયાર !' જયસિંહે જરા પણ ડર્યા વગર તલવાર ખેંચીને કહ્યું.

'છોકરા ! તું પાટણનું રાજું છે ને ? હું રાજાને મારતો નથી. વળી તારી ઉંમરની પણ મને દયા આવે છે. તારા રૂપનો મને મોહ થાય છે. જા, તને નહિ મારું. જા, તારું પાટણ નહિ લૂંટું. બસ !'

'બાબરા ! જયસિંહ આજ જીવતરનાં દાન લેવા આવ્યો નથી; મરવા-

મારવા આવ્યો છે. બેમાંથી એકે ઓછા થયે છૂટકો છે.' જયસિંહે કહ્યું ને ઘોડી કૂંડાળે નાખી.

'હાથે કરીને મરવું હોય તો તારી મરજી. તો, તૈયાર થા છોકરા ! જય મહાકાલી !' ને બાબરાએ તલવાર કાઢીને વીંઝી, દાંત કચકચાવ્યા ને ભયંકર કિકિયારી મારી. કાચોપોચો તો એ કિકિયારી સાંભળીને જ ઠરી જાય. પણ આ તો જયસિંહ ! જુદી માટીથી ઘડાયેલો.

જયસિંહે સામે તલવાર ખેંચી, ને ઘોડેથી નીચે કૂદકો માર્યો. બાબરો પગપાળા હતો. જયસિંહથી ઘોડા પર રહીને ન લડાય ! જયસિંહ ફક્ત ઘરમાં જ નહિ, યુદ્ધમાં પણ ધર્મનીતિનો પાળનારો હતો !

બાબરાએ તલવાર સમણતાં સમણતાં જયસિંહને સમજાવવા માંડ્યો : 'તારા હોઠ પર હજી તારી માનું દૂધ ફોરે છે. રાજા છે તો ભલા માણસ રાજમહેલમાં જઈને મોજ કર. પ્રજા પડે ખાડમાં ! નગરનો રાજા તું ! વનનો રાજા હું.'

જયસિંહ કહે : 'રાજા તો એક જ હોય. હું રાજા છું. રાજાની પહેલી ફરજ પ્રજાનું રક્ષણ. તું મારી પ્રજાને રંજાડે છે. તું ગુનેગાર છે. ગુનેગાર સાથે સંધિ ન હોય. એને તો સજા હોય.'

તલવારબાજી બરાબર ચાલુ થઈ. બંને જણ ઉપરાછાપરી ઘા કરવા લાગ્યા. પણ કોઈ કોઈથી ગાંજ્યા જાય તેવા નહોતા. કોઈ કોઈના સપાટામાં આવતા નહોતા.

જયસિંહે સરસ્વતી-કાંઠાના અખાડાઓમાં કુસ્તી શીખી હતી. સરસ્વતીની વેળુમાં હાથીયુદ્ધ ખેલ્યાં હતાં. બહાદુર પટ્ટણીઓ સાથે તલવારની પટાબાજી પણ ખેલી હતી; પણ એ વાત જુદી હતી. અને આ વાત જુદી હતી.

એ બધા શહેરી માણસો હતા. વળી પોતાના માણસો હતા. અહીં તો સામે ભયંકર જંગલી માણસ હતો, ને મહાખૂની હતો. આજ સિદ્ધરાજની વિદ્યાની કસોટી હતી.

આકાશમાં વીજળી ચમકે એમ તલવારો ચમકી રહી. બાબરાને લાગ્યું કે આ જુવાનિયો જબરો છે ! એની આંખો ગરુડની છે, પંજા વાઘના છે, દિલ ખડકનું છે. એને મોતનો જરાય ડર નથી.



બાબરો ભૂત અને સિદ્ધરાજ

બાબરો આવી યુદ્ધવિદ્યાઓમાં સિદ્ધ હતો. એણે એક અજબ દાવ લીધો.

સરત ચુકાવીને તલવારનો એવો વાર કર્યો કે જયસિંહના હાથમાંથી તલવાર જુદી ! એ દૂર જઈને પડી !

બસ, ખેલ ખતમ ! હમણાં જયસિંહ ખલાસ ! સોએ વરસ પૂરાં.

પણ જયસિંહે સિંહની જેમ ઊછળીને છલાંગ દીધી. બાબરા ભૂતને કેડમાંથી બે હાથે પકડી લીધો. પકડ્યો તે કેવો ? જરાય ચસ કે મસ થઈ ન શકે.

બાબરો કહે : 'તું નીતિવાન છે. મારી પાસે ઘોડી નહોતી, તેથી તું ઘોડીથી ઊતરી ગયો, ઘોડી છોડી દીધી. તારી પાસે તલવાર નથી, હું પણ તલવાર છોડી દઉં છું. આપણે મલ્લકુસ્તી કરીએ !'

કુસ્તી ચાલી. ક્યાં પહાડ જેવો બાબરો ને ક્યાં નવજુવાન જયસિંહ ! ક્યાં વનનો વાંસ ને ક્યાં રાજબાગનું ફૂલ !

પણ વાહ રે જયસિંહ ! તારી માએ જન્મ દીધો પ્રમાણ ! એણે કુસ્તીનો એવો અટપટો દાવ લીધો કે બાબરાને ચાર ખાના ચીત પછાડ્યો. કૂદીને ઉપર ચઢી બેઠો ને ગળે ચીપ દીધી !

બાબરાના ભારે ડિલમાંથી પરસેવો છૂટી ગયો. મોંમાંથી ફીણ નીકળી ગયાં.

સિંહના બચ્ચાએ આખરે મદમસ્ત હાથીને હરાવ્યો.

જયસિંહ ગળે ચીપ દેતાં બોલ્યો : 'બોલ, મારી પ્રજાનું હવે લોહી પીશ !'

'રાજા ! તારી ગાય છું. મારું અભિમાન ગળી ગયું. મને માફ કર. હું તારો ગુલામ.'

'એમ નહિ. મને ખાતરી કરાવ.'

આ વખતે બાબરાની વહુઓ આવી પહોંચી. તે બોલી :

'અમારો ધણી કાલીભક્ત છે, મા કાલીની એના પર મહેર છે. એ સિદ્ધ છે. પણ તું સિદ્ધોનો રાજા લાગે છે. આજથી તું સાચો સિદ્ધરાજ. અમે તારાં ગુલામ. મા કાલીના સોગન ખાઈને કહીએ છીએ, અમે નીતિથી રહીશું, તમારી મદદ કરીશું ને જીવના જોખમે પણ તમારું કામ કરીશું.'

જયસિંહ આ સાંભળી બાબરાની છાતી પરથી ઊભો થઈ ગયો.

બાબરો ઊભો થઈને પગમાં પડી ગયો, ને બોલ્યો : 'હે સિદ્ધપુરુષ ! મને કોઈ હરાવી શક્તું નહિ. મને હરાવે એનો હું ગુલામ થઈને રહીશ, એવી મારી પ્રતિજ્ઞા હતી. હવે બાબરો તારો ગુલામ છે.'

એટલામાં આઘાપાછા ચાલતા સામંતો જયસિંહને શોધતા-શોધતા આવી પહોંચ્યા. બાબરાના સાથીદારો પણ આવી પહોંચ્યા. પણ અહીં રંગ જુદો હતો : ખરેખરો દિલનો રંગ જામ્યો હતો.

જુવાન રાજાના ચરણમાં બાબરો પડ્યો હતો. સરદારો બોલ્યા, 'નાનું પણ સિંહનું બચ્ચું ! નાનો પણ રાઈનો દાણો ! ખરેખર, રાજા જયસિંહ જુદી માટીનો છે.'

બાબરાએ કહ્યું : 'હે ગુજરાતના ધણી ! રુદ્રમાળ અધૂરો છે. હું તમારી સેવામાં રહીશ. મારાં માણસો રુદ્રમાળ પૂરો કરશે. માણસ નવરાં બેઠાં સારાં નહિ. હાથમાં કામ હોય તો હૈયામાં ઈશ્વર રહે. હાથમાં કામ ન હોય તો હૈયામાં શેતાન વસે. આજથી સિદ્ધરાજની જીભ ને બાબરાના ટાંટિયા. સિદ્ધરાજ જગનો દીવો. બાબરો એનો પડછાયો.'

'ચાલો, પાટણમાં. માતા મીનલદેવી રાહ જોતાં હશે !' રાજા જયસિંહે કહ્યું, 'ભાઈ બર્બરક ! તું પણ અમારી સાથે ચાલ.'

બાબરાને હવે કંઈ વિચારવાનું નહોતું. રાજા કહે કે કૂવામાં પડ, તો ધબ્બ લઈને કૂદે એમ હતું !


એણે કહ્યું : 'જેવો આપનો હુકમ. હુકમ કરો તો જમના ઘેર પણ જાઉં !'

થોડી વારમાં બધા તૈયાર થઈ ગયા.

બાબરો પણ સાથે ચાલી નીકળ્યો.

બધાએ કહ્યું : 'જય હો સિદ્ધરાજ જયસિંહનો !'

'જય હો બર્બરકજિષ્ણુનો !'



# મેંદી રંગ લાગ્યો

દડમજલ કૂચ ચાલે છે. રાજા સિદ્ધરાજ જયસિંહ અને તેનું મંડળ પાટણ તરફ આવી રહ્યું છે.

દુર્લભ સરોવરની પાળે પાટણ વસ્યું છે.

પટણીઓની મૂછે લીંબુ લટકે છે.

પાટણની સુંદરીઓ ગુજરાતમાં જાણીતી છે. ગાવામાં એવી, દેખાવમાં એવી, આચારમાં એવી, વિચારમાં એવી.

પાટણની શોભા પણ એવી છે.

નગરને ફરતો કોટ છે. લોકો કહે છે કે એવો મજબૂત છે, કે કલિયુગ પણ અંદર આવી શક્યો નથી ! એટલે લોકો સાચા બોલા છે, પરગજુ છે, પરાક્રમી છે, સ્ત્રીઓ શીલવંત છે.

ગઢની ચારે ફરતી સુંદર વૃક્ષોની હારમાળા છે. એને ફરતી ઊંડી ખાઈ છે.

એ પછી નવ્યા ને ગવ્યા નદી માતા સરસ્વતી છે !

ગવ્યા એટલે ગાયોને અનુકૂળ : ઘાસચારાવાળી,

નવ્યા એટલે નાવોને અનકૂળ : કાંઠા ને બેટવાળી.

સરસ્વતીના કાંઠાનાં ખેતરોમાં ખેડૂકન્યાઓનાં મીઠાં ગીત સંભળાય છે. એ નિર્ભય રીતે હરે-ફરે છે. કોઈની બીક એમને નથી !

પાટણ તો બસ પાટણ જ છે ! લાખોપતિની મેડીએ દીવા બળે છે. ક્રોડપતિની હવેલીએ ધજા ફરકે છે.

લક્ષ્મી પણ એમની. ઉત્સવ પણ એમના. હરીફાઈ પણ એમની. ધર્મ પણ એમનો. કર્તવ્યપાલન પણ એમનું.

અહીં ચારે તરફ આશ્રમો છે. આશ્રમોમાં વિદ્યા ભણાવાય છે.

અંગવિદ્યા એટલે શરીરવિદ્યા અહીં ભણાવાય છે. યુદ્ધવિદ્યા એટલે શસ્ત્રવિદ્યા અહીં શિખવાડાય છે. ધર્મવિદ્યા કહેતાં વેદ, સ્મૃતિ ને આગમનો પણ અભ્યાસ કરાવાય છે.

પંડિતો માટે રાજ તરફથી મઠ હતા. વિદ્યાર્થીઓ માટે છાત્રવૃત્તિ હતી. જે નામ કાઢે એને રાજ તરફથી સુવર્ણકંકણ મળતાં.

દેવમંદિરો કલાનાં ધામ હતાં. મંદિરોનાં આંગણામાં નાટકો ભજવાતાં. રાજા-રંક સાથે બેસીને જોતા.

ઉપવનો ને ઉદ્યાનો વિહારનાં ધામ હતાં.

અહીં હાથી રમતા. ઘોડા ખેલતા. પંખી ચણતાં. મોર કળા કરતા.

પાટણ એ પાટણ હતું. દુર્લભ સરોવરને આરે વસ્યું હતું.

વહેલી સવારે સમાચાર આવ્યા હતા, કે રાજા જયસિંહે બાથંબાથમાં બાબરા ભૂતને હરાવ્યો છે; વશ કરીને સાથે લઈને આવે છે !

આ સમાચાર પવનની જેમ પ્રસરી ગયા.

ઘેરઘેરથી લોકો નીકળી પડ્યા. સ્ત્રીઓ હાર ગૂંથવામાં ને આંગણાંમાં રંગોળી પૂરવામાં પડી.

રાજમહેલના દરવાજે ચોઘડિયાં વાગી રહ્યાં.

રાણીમાતા મીનલદેવીના હૈયામાં હરખ માતો નહોતો. દીકરાનાં પરાક્રમ સાંભળી એ ફૂલ્યાં સમાતાં નહોતાં. એમણે હમેશાં ભગવાન સોમનાથને પ્રાર્થના

કરી હતી કે દીકરા દેજે તો દી વાળે એવા દેજે ! ભગવાને પોતાની અરજ સાંભળી એમ એમને લાગ્યું.

શૂરા સરદારો ને સામંતો ઘોડે ચઢીને પોતાના નવજુવાન રાજાના સામૈયે નીકળ્યા હતા.

પાટણના રાજમાર્ગો પર ને ચોકઠામાં ભારે ભીડ એકઠી થઈ હતી.

રાજાની સવારીને આવવાને હજી થોડી વાર હતી. લોકો ફરતા હરતા હતા, ને ટોળટપ્પાં મારતા હતા. એવામાં એક ભાટ જેવાએ આવીને કવિત લલકારતાં કહ્યું :

'અરે ! મેંદી રંગ લાગ્યો !'

'વાહ, અણહિલવાડના રંગ !

'વાહ સિદ્ધરાજ જયસંગ !'

લોકો ભાટની આજુબાજુ એકઠા થઈ ગયા ને બોલ્યા :

'અરે બંબભાટ ! શાનો મેંદી રંગ લાગ્યો ?'

બંબભાટ ઊભા રહ્યા, ને બોલ્યા :

'મેંદી એવી છે : વાવો આજ, ઊગે બાર વરસે ને એનો રંગ લાગે સો વર્ષે.'

લોકો કહે : 'ભાટજી ! તમારી વાત અમને સમજાતી નથી !'

ભાટ કહે, 'સમજાશે, હવે સમજાશે. અરે,વીર વનરાજે મેંદી વાવી, મહારાજ મૂલરાજે એને ઉગાડી. પણ રંગ તો આ સિદ્ધરાજ જયસંગ લાવશે. ખરો ભાયડો. ભડનો દીકરો. સિંહણનું સંતાન. વાહ ભાઈ વાહ !'

લોકો કહે : 'અમને માંડીને વાત કહો. બારોટજી ! મેંદી કોણે વાવી, કેમ વાવી, કેમ ઊગી ને કેવો રંગ લાગ્યો !'

ભાટ કહે : 'તો તો તમારે મારી સાથે પાટણની પ્રદક્ષિણા કરવી પડશે. દેવનાં દહેરાં જુવારવાં પડશે ને શૂરાંપૂરાંનાં ધામની જાત્રા કરવી પડશે.'

'તૈયાર છીએ. હજી રાજસવારી આવવાને વાર છે, જોષીજીએ મુહૂર્ત બે ઘડી બાદનું આપ્યું છે !'



'થાઓ ત્યારે તૈયાર અને ચાલો મારી પાછળ.' બંબભાટે આગેવાની લીધી. એ ચાલ્યા. પાછળ બધું ટોળું ચાલ્યું. બંબભાટે એક ટીંબો બતાવતાં કહ્યું :

'જુઓ ! આ લખ્ખારામ નિગમનો ટીંબો ! કાન્યકુબ્જના વેપારી જખ્ખ નેગમે અહીં પોઠો પાડી. ખૂબ વેપાર કર્યો. એ ઠેકાણે વીર વનરાજે પાટણ વસાવ્યું. આ લખ્ખારામનો ટીંબો તમારું મૂળ પાટણ ! મેંદીનું બીજ વાવનારો હતો વીર વનરાજ. ચાવડા વંશનો. ચાપ એટલે બાણ; બાણ ચલાવવામાં ને ચોરી કરવામાં ચાવડા એક્કા !'

'વાહ બારોટ, વાહ ! જોયો લખ્ખારામનો ટીંબો !'

'આગળ ચાલો, આ પંચાસરા પાર્શ્વનાથનું દહેરું. વનમાં ભટકતા વનરાજને નાનપણમાં ત્રણ જણાંએ ઘડ્યો : માતા રૂપસુંદરીએ. મામા સુરપાળે ને જૈન સાધુ શીલગુણસૂરિએ. શીલગુણસૂરિની યાદમાં એણે આ પંચાસરા પારસનાથનું દેરાસર બાંધ્યું.'

'વાહ વાહ ! ખરો ગુરુભક્ત !'

'અરે ! મિત્રભક્ત પણ એવો. પાટણ તો બે હતાં : સિદ્ધપુરપાટણ ને સોમનાથપાટણ. આ ત્રીજા પાટણને અણહિલપુરપાટણ નામ આપ્યું. અણહિલ એ વનરાજનો જિગરી દોસ્ત. કહે છે કે જાતનો રબારી હતો. પણ નાત-જાતનું શું મહત્ત્વ ! હરિકો ભજે સો હરિકા હોય, નાત-જાત પૂછે નહિ ! આ નગર વસાવ્યું ત્યારે સ્વપ્ન આવ્યું કે એક આંબલી નીચે ત્રણ મૂર્તિઓ છે. ખોદી તો ત્રણ મૂર્તિઓ મળી આવી : એક પરમ માહેશ્વરની, એક પરમ અરિહંત પાર્શ્વનાથની ને એક પરમદેવી અંબિકાની ! ત્યારથી ધર્મની ત્રિવેણી અહીં વહેતી થઈ. હવે ચાલો આગળ ! થોડો લિખ્યો ઝાઝો કરી બાંચજો.'

નગરજનો તો બંબભાટની પાછળ ચાલ્યા. એમને ખૂબ રસ આવ્યો હતો.



**ન્યાય માટે યોગરાજ બળી મૂઓ**

એક મંદિર બતાવતાં બંબભાટે કહ્યું :

'આ યોગીશ્વરીનું મંદિર. મહારાજ યોગરાજે બંધાવેલું. યોગરાજ વનરાજ ચાવડાના વારસ. આ વખતે કેટલાક વેપારીઓનાં વહાણ પ્રભાસ બંદરે તણાઈ આવ્યાં. ચાવડા મૂળ તો દરિયાઈ લૂંટારા. વનરાજે ઘણા સુધાર્યા હતા, પથ્થરમાંથી માણસ ઘડ્યા હતા, પણ લોહીમાં ચોરીનો અંશ બાકી હતો. યોગરાજના કુંવર ક્ષેમરાજે વહાણ લૂંટ્યાં. લૂંટાયેલા વેપારીઓ રાજદરબારમાં ફરિયાદે આવ્યા. રાજા યોગરાજે તપાસ કરી. ક્ષેમરાજ ગુનેગાર ઠર્યો. એને સજા કરી. પ્રજા આડી પડી, કહે કે કાયદો પ્રજા માટે હોય ! યોગરાજ કહે કે જે કાયદા કરે એણે કાયદા પહેલાં પાળવા ઘટે. આખરે આ મહાન રાજાએ પોતે પોતાની જાત પર સજા ખમી લીધી : ચિતા ખડકાવી એ રાજા બળી મૂઓ. એનું આ સ્મૃતિમંદિર છે !'

'વાહ યોગરાજ, વાહ ! ત્યાગ આનું નામ ! આપભોગ આનું નામ !' જનમેદનીએ પોકાર કર્યો.

બંબભાટ આગળ વધ્યા ને એક મંદિર પાસે આવીને ઊભા રહ્યા; બોલ્યા :

'આ મૂલરાજવસહિકા ! મૂલરાજ સોલંકીનું બંધાવેલું મંદિર. વનરાજ પછી ચાવડા વંશના છ રાજા થયા. છેલ્લો રાજા સામંતસિંહ દારૂડિયો. દારૂમાં દ્વારકા ડૂલી તો સામંતસિંહ કોણ ? મૂળરાજ એનો ભાણેજ ! ભાણેજને રોજ દારૂના નશામાં પાટણની ગાદીએ બેસાડે. અને દારૂ ઊતરી જાય એટલે અડબોથ મારીને હેઠે ઉતારી નાખે. આખરે મૂળરાજે મામાને હણી ગાદી લીધી. મૂળરાજ પ્રતાપી ભારે, દાનવીર ભારે, શૂરવીર ભારે.'

'વાહ ગઢવી, વાહ ! તમે તો પાટણનો ને પાટણના રાજાઓનો ઇતિહાસ કહેવા માંડ્યો. ખરેખર ! મેંદી રંગ લાગ્યો.'

'હજુ રંગને વાર છે !' બંબભાટ રંગમાં આવી ગયા. એ બોલ્યા : 'મેંદી વાવી વનરાજે, એને ઉગાડી આ મૂલરાજે. મૂલરાજે ખૂબ દેશો જીત્યા. એ સોમનાથદેવનો ભક્ત હતો. સોમનાથનાં યાત્રાળુઓને ગૃહરિપુ નામનો સોરઠનો રાજા હેરાન કરતો હતો. એને કચ્છની મદદ હતી. આ બધાને મૂળરાજે હરાવ્યા. કચ્છ ને સોરઠ કબજે કર્યાં. પછી લાટને જીત્યું. છેલ્લે એણે રૂદ્રમાળ બંધાવ્યો. વિદ્યા માટે બંગાળમાંથી ને કનોજમાંથી બ્રાહ્મણોને બોલાવી વસાવ્યા. પાછળની જિંદગીમાં એ તપસ્વી બન્યો. અહીં તો રાજા એ જોગી ને જોગી એ રાજા એવું છે.'

બંબભાટ જોશમાં આવી ગયા હતા. એમણે કહેવા માંડ્યું : 'મૂળરાજ પછી ચોથી પેઢીએ ભીમદેવ (પહેલો) ગાદીએ આવ્યો. એણે સારો બંદોબસ્ત કર્યો.

'આ વખતે ગજનીનો સુલતાન ચઢી આવ્યો. સોમનાથ પાટણ ભાંગ્યું. બધું રમણ-ભમણ કરી નાખ્યું. મોટી લૂંટ લઈને પાછો ફર્યો.'

'ફરી ભીમદેવ ગાદી પર આવ્યો. આ વખતે આબુના પરમાર રાજાએ ચઢાઈ કરી. ભીમદેવના સેનાપતિ વિમળશાહે એને હરાવ્યો, ગુજરાતનો ખંડિયો કર્યો.

'પરમાર રાજાએ 'ચિત્રકૂટ' નામનું શિખર ભેટ આપ્યું. વિમળશાહે ત્યાં દેરાં બાંધ્યાં. એ દેલવાડાનાં દેરાં ! જોયાં ન હોય તો જોઈ આવજો. હાલો આગળ !'

બંબભાટ આગળ વધ્યા; ત્રિપુરુષપ્રાસાદ નામના મંદિર પાસે આવીને ઊભા રહ્યા ને બોલ્યા :

'ભીમદેવને મૂળરાજ નામનો કુંવર. મૂળરાજ ભારે પ્રજાપ્રેમી. ગુજરાતમાં દુકાળ પડ્યો. ખેડૂતો માથે ત્રાસ વર્ત્યો. ખેડૂતોનું દુઃખ રાજકુંવરથી જોયું ન ગયું.

'મૂળરાજ કુંવરે ઘોડાની કળાથી પિતાને ખુશ કર્યા. પિતાએ મન ચાહે તે માગવા કહ્યું.

'મૂળરાજે ખેડૂતોનો ભાગ માફ કરવા કહ્યું. કહે છે કે મીઠા રાજાને મીઠી નજરો લાગી. આ પછી કુંવર મૂળરાજ નાની વયમાં મરી ગયો. બીજે વરસે વરસાદ સારો થયો, ખૂબ પાક ઊતર્યો.

'ખેડૂતો બે વર્ષનો રાજ-ભાગ લઈને આવ્યા. ભીમદેવે એ ન લીધો. આખરે એ ધનથી ભલા મૂળરાજની યાદમાં શિવનું આ દહેરું બાંધ્યું. એનું નામ ત્રિપુરુષપ્રાસાદ અને આ કર્ણમેરુ પ્રાસાદ.'

બંબભાટે વાતમાં ઝડપ કરી :

'ભીમદેવને બીજા બે દીકરા હતા : ખેમરાજ અને કરણ.'

'ખેમરાજ ભગવાનનો માણસ હતો. એણે રાજ લેવાની ના પાડી, પ્રભુભક્તિમાં જીવન ગાળ્યું. આ પછી કરણદેવ ગાદીએ આવ્યો.'

'કરણદેવે ભીલ-કોળીનો ત્રાસ ટાળ્યો. કર્ણાવતી નગરી વસાવી. કરણદેવ મીનલ નામની દક્ષિણની રાજકુંવરી સાથે પરણ્યા.

'મીનલ દક્ષિણ દેશના કર્ણાટક રાજા જયકેશીનાં પુત્રી. ભારે ચતુર, ભણેલાં અને મહત્ત્વાકાંક્ષી. આ મીનલદેવીને પેટે જયસિંહનો જન્મ થયો. કુંવર નાનો હતો અને કરણદેવ ગુજરી ગયા. મીનલદેવી રાજકાજ ચલાવવા લાગ્યાં. હવે પુત્ર જયસિંહ યોગ્ય ઉંમરનો થતાં તેને ગાદી આપી.

'નવો રાજા પોતાના પ્રદેશમાં તોરણ બાંધવા નીકળ્યો. એ રીતે રાજનાં ગામોનો પરિચય થાય.

'અને હવે મેંદીનો રંગ લાગ્યો - આ સધરા જેસંગમાં ! આવતી વહુ ને બેસતો રાજા ! પહેલે પગલે એણે નામ અમર કર્યું ! બાબરો જીત્યો !

'બોલો બર્બરકજિષ્ણુ સિદ્ધરાજની જે !'



દીવો અને તેનો પડછાયો

બંબભાટે વાત અટકાવી.

રાજમાતા મીનલદેવીનો હાથી રાજઘંટા વગાડતો નીકળ્યો. પાટણના મહામંત્રી સાંતૂ, મુંજાલ વગેરે પાછળ હતા.

એ જ વખતે સામેથી જુવાન રાજા ઘોડો ખેલવતો આવી પહોંચ્યો.

સવારના આભમાં સૂરજ શોભે એમ એ શોભતો હતો. એની પાછળ પડછાયાની જેમ બાબરો પગપાળો ચાલતો હતો. પાછળ સરદારો ને સૈનિકો હતા.

જયસિંહે માતાને જોતાં જ ઘોડાને હાથીના પડખે લીધો, અને કૂદીને હાથીની અંબાડી પર !

જઈને માના ચરણમાં !

માએ દીકરાના મોંને ઊંચું કરીને બકી લીધી. ગમે તેવો મોટો અને ભડ ભલે હોય, તોય માને મન દીકરો ક્યારે મોટો લાગ્યો છે ?

બધેથી જયજયકાર થઈ ગયો.

પાટણમાં ઉમંગની નવી હવા પ્રસરી ગઈ !

માતાએ કહ્યું :

'બેટા ! સ્વપ્નમાં શિવને જોયા હતા. કાર્તિકેય જેવા પરાક્રમી પુત્રની માતા બનાવજે, એવી માગણી કરી હતી. આજે એવો પુત્ર મને મળ્યો !'

જયસિંહ તો માના પડખામાં ભરાઈ ગયો. જાણે નાનો બાળ !

લોકો બાબરા સામે જોતા ને કંઈ કંઈ વિચાર કરતા. અરે ! આ જુવાન બાળકે બાબરાને સાધ્યો ? સહુને આ વાત બનવી અસંભવ લાગતી. તેઓ અનુમાન કરતા કે નક્કી કોઈ જૈન જતિએ આપેલા મંત્રથી બાબરાને સાધ્યો ! કાં તો પકડીને શીશામાં ઉતાર્યો, કાં તો ચોટલી કાપી લીધી ! ભલે દેખાય માણસ, પણ છે ભૂત ! જયસિંહ ખરેખર સિદ્ધ-રાજ છે. મંત્ર-તંત્ર પૂરાં જાણે છે !

રાજમાતા મીનલદેવી પુત્રના માથાને સૂંઘતાં બોલ્યાં :

'દીકરા ! તારું શિક્ષણ ફળ્યું. સરસ્વતીના પટમાં હાથી સાથેની તારી કુસ્તી, મલ્લો સાથેની રમત અને પટાબાજીની આજ પરીક્ષા થઈ ગઈ. મને યાદ

છે કે આબુની ગાળીમાં વાઘને મારવા તું પાછળ પગપાળો ગયેલો. મેં તને વારેલો. આજ તેં એથીય વધુ મોટું પરાક્રમ કર્યું ! આવાં જશનાં કામ કરો અને જુગ જુગ જીવો, બેટા !'

ને પ્રજાએ પણ જયના પોકારથી આભ ગજાવી દીધું.

બાબરો ભૂત એકલો ઊભો-ઊભો આ બધું જોતો હતો. સિદ્ધરાજે એને ઇશારતથી પાસે બોલાવ્યો, માતાને નમસ્કાર કરવા કહ્યું.

બાબરાએ હાથી પાસે જઈ છલાંગ દીધી : એક છલાંગે ઉપર !

લોકોને વહેમ પેઠો, રખેને હુમલો કરે ! આખરે તો જંગલી માણસ ને ! એનો ભરોસો શો ?

પણ બાબરો રાજમાતાના પગમાં પડ્યો, પ્રણામ કર્યા, ને બીજી છલાંગે નીચે.

મીનલદેવી બોલ્યાં : 'રામને હનુમાન હતા, એવો સિદ્ધરાજનો સેવક થજે !'

સિદ્ધરાજે કહ્યું : 'મા ! એ મારો સેવક નથી, મારો મિત્ર છે !'

'બેટા ! સાચો સેવક સાચો મિત્ર જ છે !'

બંબભાટથી નહિ રહેવાયું. એ જોરથી બોલ્યો : 'વાહ, મેંદી રંગ લાગ્યો ! વાહ અણહિલવાડના રંગ ! વાહ સિદ્ધરાજ જયસંગ !'

એ દહાડે પાટણમાં વગર દિવાળીએ દિવાળી ઊજવાઈ.



૪

# મામો માર્યો

રાજા સિદ્ધરાજ તો રાજકાજમાં પડી ગયા છે : ખાવું પછી, પીવું પછી, પહેલું રાજકાજ.

આજ હાથીઓની સેનાની પરીક્ષા લે છે; કાલે અશ્વસેનાની ખબર લે છે; આજ ખજાનો તપાસે છે, તો કાલે ક્ચેરીમાં ફરે છે !

દિવસે આરામનું નામ લેતા નથી.

રાતેય અડધી રાત પહેલાં ઊંઘવું હરામ !

મહામંત્રી સાંતૂ સામે બેઠા છે. બાપદાદાના વારાના મંત્રી છે. ભારે વિશ્વાસુ છે. એમના વચન પર ફૂલ મુકાય છે. મહામંત્રી વિક્રમચરિત્ર વાંચે છે. વાંચતાં વાંચતાં ડોલે છે.

રાજા કહે છે : 'મંત્રીરાજ ! રાજા તો વિક્રમ થયો, બાકી બધી વાતો.'

સાંતૂ મંત્રી કહે : 'લોકો આપને વિક્રમનો નવો અવતાર માને છે.'

સિદ્ધરાજે કંઈ જવાબ ન આપ્યો.

થોડી વાર એ વિચારમાં બેસી રહ્યો : પછી બોલ્યો :

'સારા રાજાઓ અંધાર-પછેડો ઓઢી, રાતે પ્રજાનું નિરીક્ષણ કરવા નીકળે છે. રામ એમ કરતા. વિક્રમ એમ કરતા. મારે પણ નીકળવું છે. પ્રજાના આચાર જોવા છે. પ્રજાના વિચાર જાણવા છે. પ્રજાનાં સુખ જાતે જોવાં છે. પ્રજાનાં દુઃખ જાતે નિહાળવાં છે. મારી પ્રજાની હું ખબર ન લઉં તો કોણ લે ? એવાં કામોમાં મંત્રી પછી, સેનાપતિ પછી, પહેલો રાજા.'

સાંતૂ મંત્રી કહે : 'બહુ સારી વાત છે. અબઘડી નીકળીએ.'

રાત જામી. રાજા અને મંત્રી બહાર નીકળ્યા. શેરી, હાટ, ગલી, હવેલીઓ જોતા ને વટાવતા આગળ વધ્યા.

જતાં-જતાં એક ઘરના આંગણામાં થોભ્યા.

ઘરની બહાર ભીડ જામી હતી. ઘરમાં કોઈ માંદું હતું. સગાંવહાલાં બેઠાં હતાં. એક જુવાન સ્ત્રી ખૂણામાં બેઠી-બેઠી રડતી હતી.

રડે તે કેવું રડે ? આકાશ કાણું કરી દે. પથ્થરને રોવું આવે.

સિદ્ધરાજ નજીક ગયો. થોડી વાર બારણે ઊભો રહ્યો. પછી એણે પૂછ્યું : 'શું છે ? કોઈ માંદું છે ?'

ઘરના વડીલે જવાબ વાળ્યો : 'હા ભાઈ ૨૫ વરસનો જુવાનજોધ દીકરો છે. છ મહિના પરણ્યે થયા છે. ન જાણે કેવો રોગ થયો છે !'

'તે કોઈ સારા વૈદ્યને બતાવો ને !' સિદ્ધરાજે કહ્યું.

'પાટણમાં એક જ વૈદ, બાકી બધા ઊંટવૈદ.'

'તે એને બોલાવો ! શું નામ એનું ?'

'લીલો વૈદ. પણ એ બોલાવ્યે ક્યાં આવે છે ? રાજમહેલ સિવાય બીજે નહીં જવાનું એણે નીમ લીધું છે ભાઈ ! આ તો શેરડી પાછળ એરંડી સુકાણી છે.' ટોળામાંના એક માણસે કહ્યું.

'એમ કેમ ? શું રાજમહેલમાં જ માણસ રહે છે ને બીજે મડાં રહે છે ? વૈદનો ધર્મ તો રાય-રંકની સમાન ભાવે સેવા કરવાનો છે.' સિદ્ધરાજે કહ્યું.

'વાત સાચી છે, પણ એમાં વૈદનોય વાંક નથી.'

'તો કોનો વાંક છે ?'

ઘરના એક ઘરડાએ આ ટકટકથી કંટાળીને કહ્યું 'ભાઈ, હવે તું તારે રસ્તે જા ને ! મોટો પરદુ:ખભંજન વિક્રમ ન જોયો હોય તો ! પાડાપાડીની તારે નકામી શી પંચાત !'

'કહો તો હું વૈદને અબઘડી બોલાવી લાવું.'

'એમ કે ? પણ તું છે કોણ ?' ઘરડા વડીલે આશાભરી રીતે પૂંછયું.

'હું સિદ્ધરાજનો મિત્ર જીવરાજ છું. બધી વાત મને કહો.'

ડૂબતો માણસ તણખલાને પકડે. બીમાર જુવાનનાં સગાંએ કહ્યું :

'વાત ખાનગી રાખો તો કહું, નહિ તો કાલે અમારું મોત આવે ! પડતાં પર પાટુ પડે.'

'જૈનના પારસનાથના ને શૈવના ભગવાન શંકરના સોગનથી કહું છું. તમે ખુલ્લા દિલે કહો. મારો મિત્ર કોઈના બાપની રાખે તેવો નથી.'

'ભાઈ ! એ સાચું, પણ સિદ્ધરાજ તો નામનો રાજા છે. અત્યારે પાટણમાં ખરું રાજ મામાનું છે.'

'કોણ ? મામા મદનપાલ ?'

'હા. રાણીમાતા ઉદયમતીના ભાઈ. રાજમાતા મીનલ કંઈ બોલી શકતાં નથી, ને રાજા સિદ્ધરાજ તો હજી છોકરું છે, એટલે એ ફાટ્યો છે. પાટણમાં એનો હેડકોરડો વાગે છે.'

'અરે ! પણ સિદ્ધરાજ કેવો બળવાન છે ? બાબરો ભૂત વશ કર્યો તોય મામો એનાથી ડરતો નથી ?'

'વનના વાઘને વશ કરવો સહેલો છે, પણ શહેરના સાપને પકડવા ભૂંડા છે. વાત એવી છે કે આ મામાએ એક વાર લીલા વૈદને પોતાને ત્યાં બોલાવ્યા. કહ્યું કે મારો રોગ પારખો. વૈદે નાડી જોઈ, પણ રોગ ન પરખાય. મામો કહે, મારો રોગ જુદો છે. પાણીમાંથી પૈસા પેદા કરો છો, ધૂળનું ધન કરો છો, મૂળિયાંમાંથી સોનું રળો છો, તો લાવો સોનૈયા ! મારો રોગ સુવર્ણભસ્મથી જાય તેવો છે. વૈદે હા-ના કરવા માંડી, તો શરીરે જળો ચોટાડી. તોય ન માન્યા, તો ઊધઈના રાફડા પર બેસાડ્યા. પછી કહે, હાથીના પગે કરીશ. પાટણમાં મને પૂછનાર કોઈ પાક્યો નથી, વૈદરાજ ! નાહક જીવના જશો ને પાછળ તમારી

મિલક્ત હું લૂંટી લઈશ.'

'ખરો મામો ! પછી...'

'મામાએ ઓછાવત્તા નહિ પણ બત્રીસ હજાર રૂપિયા માગ્યા. લીલા વૈદે કાળા ચોર પાસેથી પણ લાવીને બત્રીસ હજાર રૂપિયા ગણી આપ્યા ને છૂટ્યા. ત્યારથી બીક એવી પેઠી છે કે ક્યાંય બહાર નીકળતા નથી ! રાજમહેલમાં જવું પડે તો ત્યાં જાય.'

'વારુ, રાહ જુઓ ! થોડી વારમાં હું વૈદને તેડીને આવું છું !'

'જીવરાજભાઈ ! વાતનાં વડાંથી ભૂખ નહિ ભાંગે. ગમે તેમ કરીને વૈદને તેડી લાવજો. દીકરો મરવાનું દુ:ખ નથી, પણ આ કુમળી કળીનો રંડાપો નહિ જોવાય. જીવરાજભાઈ ! અમારા બધાનો જીવ તમારા હાથમાં છે.'

સિદ્ધરાજ એકદમ મહામંત્રી સાથે પાછો ફર્યો અને તરત જ લીલા વૈદની ડેલીએ પહોંચ્યો.

વૈદરાજે પહેલાં તો ડેલી ન ખોલી; કહ્યું કે સવારે આવજો !

સિદ્ધરાજે પોતાનો બુરખો કાઢી નાખ્યો ને કહ્યું : 'વૈદરાજ ! પ્રજાના દુ:ખમાં ભાગ લેવો એ આપણ બંનેની-વૈદ અને રાજા બંનેની-ફરજ છે. તમારો વાળ વાંકો થાય તો સિદ્ધરાજના નામ પર થૂંકજો. તમારા જીવનો હું જામીન.'

લીલા વૈદે બાબરા ભૂતની વાત સાંભળી હતી. એ હિંમત કરીને બહાર નીકળ્યા.

સિદ્ધરાજ એમને તેડીને પેલાને ઘેર ગયો. વૈદને દવા કરવા બેસાડ્યા ને કહ્યું :

'રોગી નિર્ભય થાય પછી જ અહીંથી ખસજો. હું તમને પાછો લેવા આવું છું. ઉતાવળ ન કરશો. નાહક મામો મારગમાં હેરાન કરશે !'

સિદ્ધરાજ આટલું કહીને ચાલ્યો ગયો. અંધારામાં ક્યાં ગયો એ કંઈ ન જણાયું.

અડધી રાત દવા ચાલી. લીલા વૈદની દવા એટલે કાનમાં કહ્યું. રોગી સાજો થયો. પથારીમાં બેઠો થયો.

લીલા વૈદે વાતવાતમાં કહી દીધું કે મને તેડવા આવનાર બીજો કોઈ નહિ,

પાટણનો નવો રાજા સિદ્ધરાજ જયસિંહ પોતે છે. ભારે પ્રજાપાલક છે, ભારે પરગજુ છે, ભારે પરાક્રમી છે.

લોક બધા કહેવા લાગ્યા :

'ખરેખરો ભાંગ્યાનો ભેરુ છે ! રાજા હજો તો આવા હજો !'

એટલામાં સિદ્ધરાજ દોડતો આવ્યો ને બોલ્યો :

'વૈદરાજ ! ચાલો. મામા મદનપાળ આખરી ઘડીએ છે.'

'તે મરી કાં જતા નથી ?' લીલા વૈદે અંદરથી રાજી થતાં કહ્યું.

'ના, ના. રાજા અને વૈદની ફરજ સમજો છો ને ! કોઈ ચાર મલ્લોએ મારી મારીને - ગૂંદી ગૂંદીને એમનો રોટલો ઘડી નાખ્યો છે !'

'જાણું છું બાપ મારા ! મલ્લકુસ્તીમાં મારો જયસિંહ હાથીનેય હરાવે એવો છે.'ને વૈદરાજ ઊભા થયા.

બધા તો પોતાના પરદુ:ખભંજન રાજવીનો જયજયકાર બોલાવવા માગતા હતા, પણ રાજાએ નાકે આંગળી મૂકી કહ્યું : 'રોગી પાસે શાંતિ સારી. જુવાન સાજો થાય ને માથે પાણી નાખો ત્યારે કહેવરાવજો. રાજ ભેટ મોકલશે.'

'જીવથી વધુ સારી ભેટ કઈ હતી ? હે રાજા ! અમારા ચામડાના જોડા સિવડાવીને તમને પહેરાવીએ તોય ઓછું છે.' ઘરનાં બધાં માણસોએ પગમાં પડતાં કહ્યું.

પણ સિદ્ધરાજને જયજયકાર ગમતા નહોતા. એ તો વૈદરાજ સાથે આગળ નીકળી ગયો હતો.

બંને જણા દોડતા મામાને ઘેર પહોંચ્યા. પણ મામાનો પ્રાણ પરવરી ગયો હતો.

સિદ્ધરાજે મામીને ખરખરો કરતાં કહ્યું : 'મામા સાંજે તો સાજા-સારા હતા ને એટલામાં શું થયું ? મામા બીજા થવા નથી.'

મામી કહે : 'ન જાણે કેમ ! કોઈ ચાર જણ મળવા આવ્યા હતા. ખાનગી કામ છે, એમ કહી બધા ગુપ્ત ખંડમાં ગયા. ગયા તે ગયા, પણ ઘણી વાર સુધી બહાર ન આવ્યા, એટલે હું અંદર ગઈ. જઈને જોયું તો મરેલા. નથી હથિયારનો ઘા, નથી વાગ્યાની નિશાની. મૂઢ માર પડ્યો લાગે છે !'

'હર ! હર ! મામી ! ગજબ થયો. રાજનો થાંભલો પડ્યો. મખમલ મશરૂની પાલખી કરો. હીરચીર ઓઢાડો. પૂરેપૂરાં ચંદનથી મારા મામાને બાળો. હું ગુનેગારોને શોધીને શૂળીએ દઈશ. રાજ તરફથી તમને વર્ષાસન મળ્યા કરશે. મામો થયો છે !'

સવારે મામા મદનપાલની પાલખી નીકળી. આગળ રાજા સિદ્ધરાજ હતો. મહામંત્રી સાંતૂ હતા. સહુથી વધુ એ રોતા હતા. આખું ગામ સ્મશાને ઊતર્યું. આ પાપને ગયેલું જોઈ સહુ મનમાં રાજી થયા !

બપોર થતાં વાત ફેલાઈ.

સહુને ખાતરી થઈ કે એ મલ્લ સિદ્ધરાજના ! મહામંત્રી સાંતૂનો એમાં સાથ ! બાબરાની એમાં મદદ. લોક આવી વાત કરતું.

ચાર જણા અડધી રાતે મામા પાસે આવ્યા. મામો ચઢાવીને બેઠો હતો, મામીને ઢીંકા-પાટુ કરતો હતો.

આ વખતે ચાર મલ્લ આવ્યા.

એક મગધનો હતો. એક પૂરવનો હતો. એક પંચમહાલ તરફનો હતો. એક કનોજનો હતો.

ચારે જણાએ વિનંતી કરી : 'આપ ખાનગીમાં પધારો. અમે કલાધર છીએ. કલા બતાવવી છે. રાજદરબારે નોકરી લેવી છે !'

મામો કહે : 'ભલે ! ચાલો મંત્રણાખંડમાં.'

બધા મંત્રણાખંડમાં ગયા.

પૂરબી ભૈયો કહે : 'મહારાજ ! હું સિરમાલિશ ને તેલમાલિશ કરું છું. માણસને જિંદગીભર રોગ ન થાય. ચામડી પર એકે કરચલી ન રહે. જાણે નવી જુવાની આવી !'

મામાને જુવાન દેખાવાનું બહુ ગમે. એ ખુશ થઈને બોલ્યા : 'ચાલ, મને માલિશ કર !'

બીજો માગધી કહે : 'અમારી ચારની ટુકડી છે. હું પગચંપી કરનારો છું. એવી ચંપી કરું છું કે ઊંઘ નહિ આવવાનો રોગ હોય તેય ઘસઘસાટ ઊંઘી જાય ! થાક તો એવો જાય કે ન પૂછો વાત !'



મામો મદનપાલ

મામાને ઘરડાપો. ઊંઘ ઓછી આવે. એ કહે : ‘વાહ વાહ ! લે, કર પગચંપી !’

ત્રીજો પંચમહાલી બોલ્યો : ‘હું સુંદર ટાચકા ફોડનારો છું. ગળાનો ટાચકો, કમરનો ટાચકો, આંગળીના ટાચકા, ઢીંચણના ટાચકા ! એક ટાચકે સાંધામાંથી વરસનો થાક ઊતરી જાય !’

મામાની ઉંમર થયેલી. સાંધા ખૂબ દુખ્યા કરે. એ કહે : ‘વાહ તારી વિદ્યા ! ચાલ, અજમાવ એ.’

ચોથો કહે : ‘હું વામનમાંથી વિરાટ કરનારો છું. ઢીચકા માણસોને એવી રીતે ખેંચું છું કે લાંબા થઈ જાય.’

મામા ઢીચકા હતા. એ કહે : ‘ચાલો, વાતો કર્યે વડાં ન થાય, અબઘડી તમારી પરીક્ષા. ચારે જણા પોતપોતાનું કામ શરૂ કરો.’

ક્લાકારો કહે : ‘અમને પછી પાટણપતિના દરબારમાં નોકરી અપાવશો ને ?’

મામો મસ્તાન ઉંદરની જેમ ડોલતો બોલ્યો :

‘તમે મૂરખ છો. તમારે પૈસાથી કામ છે, કે પાટણપતિથી ?’

‘પાટણપતિથી !’ ક્લાકારો બોલ્યા : ‘રાજા જેવી કદર બીજો કોણ કરે ?’

‘અરે મૂરખરાજો ! પાટણપતિ કહો તો પાટણપતિ હું જ છું. સિદ્ધરાજ તો રમકડાનો રાજા છે. હું ડોકી મરડવા ધારું તો આમ ચપટીમાં મરડી નાખું. મીનલ તો બાપડી મારાથી ડરે છે. મેં કહી રાખ્યું છે કે ગરબડ કરીશ તો લોકોને કહીશ કે આ દક્ષિણી બાઈ ભયંકર છે. એનો વિશ્વાસ ન કરજો ! બસ, બધા પથરે પથરે એને મારે !’

‘વાહ મામા મહારાજ ! વાહ મામા મહારાજ ! અમારે માટે તો તમે રાજાના રાજા !’

મામા કહે : ‘ચાલો ! તમારું કામ શરૂ કરો !’

મામા પથારીમાં લાંબા થઈને સૂતા.

એકે પગ લીધા.

એકે માથું પકડ્યું.

એકે કમર ઝાલી.

બધા મંડ્યા કળા બતાવવા !

થોડી વાર તો મામાને બધું મીઠું-મીઠું લાગ્યું !

પણ પછી તો પગના મસલ જોરથી દબાવા લાગ્યા. ટાચકા ફોડનારે ગળું ઝાલીને એવું ફેરવ્યું કે મોં જ પાછળ ફરી ગયું; જીભ લોચા વળવા લાગી.

ચંપી કરનારે પગ ખૂબ જોરથી દબાવવા માંડ્યા, ને ત્યાં ટૂંકામાંથી લાંબા કરનારે પગ ઝાલીને તાણ્યા !

મામો તો લોટની કણકની જેમ ગૂંદાવા લાગ્યો. ગળાનું હાડકું એવી રીતે ખડી ગયું કે અવાજ જ ન નીકળે !

એવી ચંપી થઈ, એવા ટાચકા ફોડ્યા કે મામાના દેહમાંથી પ્રાણ ચાલ્યો ગયો !

ને છેવટે પોતાનું કામ પતાવી કલાકારો બારણે ઊભેલાં મામીને કહેતા ગયા :

'મામાજી નીંદમાં છે. સવારે ઇનામ લેવા આવીશું.'

એ ગયા એ ગયા !

સિદ્ધરાજે સાંજે માતા મીનલદેવીને પૂછ્યું :

'મા ! સગાંવહાલાં પહેલાં કે પ્રજા પહેલી ?'

મીનલદેવી કહે : 'રાજાને પ્રજા પહેલી. રાજાનું સાચું સગુંવહાલું જ રૈયત !'

'તો માતા ! મદનપાલને મરાવનાર હું છું. એ રાવણ હતો, પ્રજાને પીડનારો હતો.

'મને ખબર જ હતી, બેટા ! તેં લોકકલ્યાણનું કામ કર્યું છે.' ને આમ કહેતાં માતાએ પુત્રની આંખમાં કાજળ આંજ્યું ને કેશ સૂંઘ્યા.



૫

## ખેંગારે નાક કાપ્યું

રડીબામ ! રડીબામ !

પાટણની પોળે પોળે બૂંગિયો વાગી રહ્યો. ચોકીદારો દોડાદોડ કરતા હોકારા-પડકારા કરવા લાગ્યા.

દરવાનો ભાલા લઈને દોડ્યા . શૂરા પટણીઓ સમશેર તાણીને ધાયા. શૈવ, જૈન કે ક્ષત્રિય બધા એ વખતે તલવાર બાંધી જાણતા ને રણના ખેલ ખેલી જાણતા.

ઓ જાય ! ઓ જાય ! ઓ ભાગ્યો જાય !

લોકો ઘોડા પર પવનવેગે જતા અસવારો તરફ આંગળી ચીંધતા હતા. ભાગનારા અસલી પાણીપંથી કાઠિયાવાડી ઘોડીઓ પર હતા.

કેટલાક જોદ્ધાઓ ઘોડાસરમાં દોડ્યા. એમણે જાણીતા અરબી ઘોડાઓ કાઢ્યા, સામાન નાખ્યો ન નાખ્યો ને મૂક્યા વહેતા !

પાટણનો રાજા સિદ્ધરાજ આ વખતે કચેરી ભરીને બેઠો છે. ઇંદ્રરાજાના દરબાર જેવી એના દરબારની શોભા  છે. એકને જોઈએ અને એકને ભૂલીએ

એવા નરવીરો ત્યાં બેઠા છે !

ઇંદ્રની યાદ આપતો સિદ્ધરાજ સિંહાસન પર બેઠો છે. બે તરફ છત્ર અને બે તરફ ચામર ઢળે છે. એના હાથ  લાંબી ભોગળ જેવા છે.વારંવાર  નાનકડી મૂછો પર હાથ જાય છે.

મોં પર રાજવંશી  તેજ ઝળહળે છે. આંખમાં સિંહનો જુસ્સો છે. અવાજમાં વાદળની ગર્જના છે.

સિદ્ધરાજની બાજુમાં બે મહામંત્રીઓ બેઠા છે. એક તો પિતા કર્ણદેવના વખતના મહામંત્રી મુંજાલ છે. બીજા છે આજના મહાઅમાત્ય સાંતૂ-સંપત્કર. બુદ્ધિમાં બૃહસ્પતિ જેવા છે. વાણીમાં અમૃત જેવા છે. યુદ્ધમાં કાર્તિકેય જેવા છે.

એક બાજુ મહામંત્રી ઉદયન છે. વીરતા અને બુદ્ધિમત્તામાં એમનો જોટો નથી.

એનાથી આગળ મંત્રીરાજ કેશવ છે. કેસરી સિંહની યાદ અપાવે એવો એનો ચહેરો - મહોરો છે. બીજી તરફ મહામંત્રી દાદાક છે. પાટણનું નવલખું મોતી છે. એમના પછી મંત્રી મહાદેવ છે. બુદ્ધિ અને બળ બંનેના એ દેવ છે. આ મંત્રીઓ કલમ, કડછી ને બરછીમાં અજોડ છે. યુદ્ધમાં મોખરે રહી મરનારા છે. ગુજરાતની વફાદારી માના ધાવણમાં પીને જન્મ્યા છે.

આ મંત્રીઓ સેનાપતિઓનું પણ કામ કરે છે.

સભામાં કવિઓ પણ છે. સરસ્વતી જેમની જીભે છે, એવા પાશુપતાચાર્ય છે. સિદ્ધરાજ જેને પ્રતિપન્નબંધુ કહે છે, એ પ્રજ્ઞાચક્ષુ કવિ શ્રીપાલ પણ છે. બંને માને છે કે અમારી સરસ્વતી પર રાજાની કૃપા વરસે છે.

સભામાં ધર્માસન પર દુર્લભરાજ અને ભીમદેવના ગુરુમઠાધીશ જ્ઞાનદેવ બિરાજેલા છે. મહા જ્ઞાનવાન છે. ઉદાર મનવાળા છે. રાજકારણી લોકો ધર્મના નામે ઝઘડા કરે, ત્યારે સમાધાન કરાવનારા છે.

આ પછી આ નગરના કોટ્યાધીશો ને લક્ષાધીશો બેઠા છે. કાને કર્ણફૂલ છે. એક એક કર્ણફૂલ લાખ લાખનું છે. હાથે ઈરાનના હીરાના બાજુબંધ છે. ગળામાં નવસેરા હાર છે. એ નીલમના છે. પગમાં મોતીજડી મોજડી છે. રાજભંડારમાં છે એનાથી અધિકું ધન એમની પાસે છે. ઘરને ટોડલે લાખે લાખે

એકેકો દીવો બળે છે; કરોડે ધજા ફરકે છે : એવો અહીંનો રાજનિયમ છે.

આ પછી શૂરા સામંતો છે. સંધિ-વિગ્રહમાં ચતુર એલચીઓ છે.

થોડે દૂર રાજમાતા મીનલદેવી બેઠાં છે. હમણાં એમણે રાજકાજમાંથી છુટ્ટી લીધી છે. ભગવાનને ભજે છે ને યાત્રાઓ કરે છે. છતાં નજર બધે રાખે છે !

સિંહાસનની પાછળ ન કળાય એ રીતે બાબરો બેઠો છે. એ બોલતો નથી, વાત કરતો નથી. એ તો મહારાજ સિદ્ધરાજનો પડછાયો છે. સિદ્ધરાજથી ડરે એના કરતાં માણસો એના પડછાયાથી વધુ ડરે છે !

બાબરો સિદ્ધ છે. વાવ એક દહાડામાં બાંધે. સરોવર કે કિલ્લા બાંધવા એને મન રમત ! એનું ય પોતાનું લશ્કર - હજારોની સંખ્યામાં. કોઈ શિલ્પી, કોઈ કડિયા, કોઈ કામદાર. એ લશ્કરને કહો કે એક રાતમાં રસ્તો બાંધો; તો બીજે દિવસે રસ્તો તૈયાર !

સભા હકડેઠઠ ભરાઈ છે. બંદીજનો ગીત ગાય છે. ચારણો કવિત કરે છે. કવિઓ કલ્પનાને રમાડે છે !

સિદ્ધરાજ આનંદથી બેઠો છે. એના મનમાં પોતાના રાજમાં શું શું કરવું, એના વિચારો ચાલે છે. સાવજ સાથે વગર હથિયારે બાખડે એવા પટણી યોદ્ધાઓને નીરખી એનું મન હરખાય છે. જમ સાથે જુદ્ધ કરે એવા મંત્રીઓને જોઈને ગર્વ અનુભવે છે.

વાહ મારું ગુજરાત ! ગુજરાત કંઈ થવું છે ! ભલી મારી ભોમકા !

ત્યાં પાટણના પૂર્વ દરવાજાનો ચોકીદાર ભારસિંહ આવ્યો. સાત પેઢીથી એના વંશમાં દરવાનપદ ચાલ્યું આવતું હતું. આવ્યો એવો એ ભૂમિ પર પડી ગયો. એના શરીરમાંથી લોહીના ફુવારા ઊડતા હતા.

'ભારસિંહ ! શું છે ?' મહાઅમાત્ય સાંતૂએ કહ્યું.

'મહારાજ ! પાટણનું નાક કપાયું, મારું જીવન ધૂળ મળ્યું !' ભારસિંહ બોલ્યો.

'પાટણનું નાક કાપનાર પૃથ્વી પર હજી જન્મ્યો નથી.' સિદ્ધરાજ તલવાર ખેંચીને ખડો થઈ ગયો. એના મોં પર લોહીની શેડો ફૂટી રહી.

'મહારાજ પાટણનો પૂર્વ દરવાજો તૂટ્યો. એ દરવાજો પાટણનું નાક

કહેવાતો. એ દરવાજાની રક્ષા અમારું જીવનવ્રત છે. એ દરવાજો આજે તૂટ્યો. અમે બધું હારી બેઠા, જીવવું-મરવું સરખું કરી બેઠા.'

'કોણે દરવાજો તોડ્યો ?' સિદ્ધરાજે સિંહગર્જના કરી.

'જૂનાગઢના રા'ખેંગારે.'

'ઓહ ! નવઘણના નાના દીકરાએ ? અરે, એ તો મારો સમોવડિયો છે. એને હું ભરી પીશ. ભારસિંહ ! દરવાજા તોડ્યે કંઈ ન વળે. જીવતા દરવાજા જેવા આપણે બેઠા છીએ. હવે પાટણના દરવાજા આજથી ખુલ્લા મૂકી દો ! ચાલ્યા આવે, જેને આવવું હોય તે !' મહારાજ સિદ્ધરાજે પડકાર કરતાં કહ્યું.

'પાટણના નાથ ! એટલું હોત તો હું અહીં ન આવત. ત્યાં જ સામી છાતીએ લડી લેત ને લૂણ હલાલ કરતો મરીને સ્વર્ગે સંચરત; પણ એણે તો પાટણના નાથનું નાક કાપ્યું !'

'મારું નાક સલામત છે.' સિદ્ધરાજે ગર્વમાં ને મશ્કરીમાં પોતાના નાકે હાથ મૂક્તાં કહ્યું.

ભારસિંહ અકળાતો બોલ્યો : 'એમ નહિ, મહારાજ ! આપને માટે નક્કી કરેલી કન્યાને ખેંગાર ઉપાડી ગયો.'

'ઉપાડી જવા દો. કન્યાનો ક્યાં દુકાળ છે ? પણ બીજી રીતે એ આપણું અપમાન કહેવાય, પાટણનું અપમાન કહેવાય. અથવા ત્રીજી રીતે કહો તો આપણને લડાઈ માટે આમંત્રણ કહેવાય. હવે આપણાથી બેસી ન રહેવાય.'

સિદ્ધરાજે આટલું બોલી મંત્રીઓ તરફ જોતાં કહ્યું :

'અરે, મંત્રીરાજ ! હમણાં ને હમણાં લશ્કરને તૈયાર કરો. એ ભાગેડુ કેટલો ભાગે છે, તે જોઈશું. પણ હું જાણવા માગું છું કે, મારું મંત્રીમંડળ આ પ્રવાહો વિશે કંઈ જાણે છે ખરું ? દરેક વસ્તુના અંદર ને બહાર - એમ બે પ્રકાર હોય છે. રાજાએ બંને રીત જાણવી રહી.

'અવશ્ય, પાટણપતિ ! સોરઠના રાજાનો અને પાટણના નાથોનો ઝઘડો જૂનો છે. આપણા વડવા મહારાજ મૂલદેવરાજના પિતા રાજ સોલંકી ત્યાં મરાયેલા, ત્યારની ગાંઠ પડી ગયેલી. પાટણપતિઓ શૈવધર્મી અને એમના દેવ સોમનાથ સોરઠમાં. સોમનાથની યાત્રામાં અવારનવાર આડખીલી ઊભી કર્યા

કરે. ગ્રહરિપુ નામનો સોરઠનો એક રાજા યાત્રાળુઓને બહુ હેરાન કરતો. મૂળરાજદેવે સોરઠ પર ચઢાઈ કરી ગ્રહરિપુને ઠાર મારેલો."

'એ જ પરાક્રમી પિતામહોનો તું પુત્ર છે, વત્સ ! સોમનાથ તારા દેવ છે. આતતાયીનો નાશ એ તારો ધર્મ છે.' મીનલદેવી વચ્ચે બોલ્યાં. એ પોતે હમેશાં મૌન સેવતાં, પણ પ્રસંગે આવાં નીતિવચનો બોલતાં.

'મા ! એમાં મને નહિ કહેવું પડે. સિંહણનાં સંતાન શિયાળ ન હોય !' સિદ્ધરાજે કહ્યું. એમાં ભક્તિ હતી, દૃઢતા હતી. 'હાં મંત્રીરાજ, આગળ કહો.'

'મહારાજ ! એ પછી પેઢીનાં વેર બંધાયાં, આખરે રા' નવઘણ ગાદીએ આવ્યો. ગુજરાતમાં કંઈ ને કંઈ ધમાલ કર્યા કરે. એક વખત અમે એને નળકાંઠાની બાજુ પાંચાળમાં ભિડાવ્યો, ઘોડેથી નીચો પાડ્યો ને તલવાર આંચકી લીધી. રાજાને બનતાં સુધી ન મારવો, એ આપણી જૂની નીતિ છે. એટલે મોંમાં તરણું લેવરાવી એને છૂટો કર્યો.'*

'શાબાશ ! તમે પાટણની પ્રતિષ્ઠાને છાજે તેવું કામ કર્યું. હાં પછી ?...' સિદ્ધરાજે વાત આગળ જાણવાની ઇંતેજારી જાહેર કરી. 'રા' નવઘણ પાછો ફર્યો, પણ બોલતો ગયો કે પાટણનું નાક ન કાપું તો મારું નામ નવઘણ નહિ. વેર-ઝેર તો ભારે ઊભાં થયાં. ગુજરાત અને સોરઠના લોકોના દિલમાં ગાંઠો પડી ગઈ, પણ ઝેર-વેરના વાવનારા જાણતા નથી કે ઠાકર એનાં લેખાં લે છે : રા'નવઘણને એકાએક જમનાં તેડાં આવ્યાં.' મંત્રી વાત કરતા થોભ્યા.

સિદ્ધરાજે વચ્ચે કહ્યું : 'કેટલાક મૂર્ખ રાજાઓ એમ માને છે કે પોતે અમરપટો લખાવીને આવ્યા છે.'

મંત્રીરાજે વાત આગળ ચલાવતાં કહ્યું : 'મરતી વખતે એણે કુંવરોને બોલાવીને કહ્યું કે પાટણનું નાક કાપે એ મારી ગાદી લે. મહારાજ ! પાટણ સામે લડવું એ બચ્ચાંના ખેલ નથી, એ બધા જાણતા હતા. પણ એનો નાનો દીકરો ખેંગાર ભારે જબરો, ભારે સાહસિક, ભારે જવાંમર્દ ! એણે પ્રતિજ્ઞા લીધી. મરતા બાપના મોંમાં પાણી મૂક્યું. એણે કહ્યું : 'હું પાટણનું ને સિદ્ધરાજનું બંનેનું નાક કાપીશ.'

---

* આ પ્રસંગ સિદ્ધારાજ સાથે બનેલો, એમ પણ કહેવાય છે, અને એનું વેર રહી ગયેલું.

'એટલે એણે આજ આ કામ કર્યું ? પણ વારુ, જો આમ હતું તો અત્યાર સુધી આપણે કેમ બેસી રહ્યા ? રોગ અને શત્રુને તો ઊગતા ડામવા જોઈએ.' સિદ્ધરાજે પ્રશ્ન કર્યો.

'કોઈ બેસી રહ્યું નથી, બેટા !' મીનળદેવી વચ્ચે બોલ્યાં : 'અગિયાર-અગિયાર વાર ચઢાઈ લઈ ગયા, પણ પાછા પડ્યા. દેશ ભારે વંકો, પાણીની ભારે તંગી, એટલે આપણું સૈન્ય સોરઠના રાજાના હાથે માર ખાતું.'

'એમ કે ?' સિદ્ધરાજ એટલું બોલી ચૂપ થઈ ગયો. એનું માથું સ્થિર થઈ ગયું. થોડી વારે એણે દૃઢતાપૂર્વક કહ્યું :

'તો સોરઠની ચઢાઈની આગેવાની હું લઉં છું. આજે જ બધે ખબર આપી દો. અને....'

સિદ્ધરાજે પોતાની નજર પાછળ ફેરવતાં કહ્યું :

'મિત્ર બર્બરક ! જુદ્ધ માટે માર્ગ સરળ જોઈએ. પુરવઠાનો ને પાણીનો પ્રબંધ જોઈએ. જરૂર પડે ત્યાં કિલ્લા બાંધો. આપણું લશ્કર એટલે સુધી જઈને કિલ્લામાં આરામ લે. વળી પછી આગળ વધે. વળી આરામ લે. આ માટે પહેલો વઢવાણનો કિલ્લો તાબડતોબ બાંધો. રસ્તે વિસામા ને વાવ બાંધો. તમારાં બધાં માણસોને એ કામે વળગાડી દો !'

બાબરાએ આગળ આવી મસ્તક નમાવ્યું. એને બોલવાનું તો હોય જ શું ? તરત હુક્મની તામીલ કરી લીધી.

આખા પાટણમાં રાતોરાત તૈયારીઓ થઈ ગઈ. ઠેર-ઠેરથી સૈનિકો આવવા લાગ્યા. ઝડપ એ તો સિદ્ધરાજનો મૂલમંત્ર હતો.

મહારાજ સિદ્ધરાજનું આ પહેલું યુદ્ધ હતું. નાનો પણ રાઈનો દાણો હતો. એના બુદ્ધિ-બળમાં અને અજેયતામાં બધાંને વિશ્વાસ હતો.

બાબરો તો ક્યારનો વિદાય લઈ ગયો હતો, અને એની ભૂતસેનાએ ભારે કામ આદરી દીધું હતું.

ક્યાંક એક રાતમાં રસ્તા થઈ જતા.

ક્યાંક બે રાતમાં વાવ ગળાઈ જતી. વાવમાં મીઠાં પાણી છલકાતા. ચાર રાતમાં વિસામા તૈયાર. લશ્કર માટે અન્નના ભંડાર ઠેરઠેર ભર્યા મળે.



લોકો બાબરા ભૂતના ચમત્કારની વાતો કરતા; એની સિદ્ધિની ચર્ચા કરતા.

એક સારા દિવસે સિદ્ધરાજે ભગવાન શંકરના મંદિરમાં દર્શન કર્યાં.

રાજમાતા મીનળદેવીના પાય પૂજી આશિષ માગી.

પછી બ્રાહ્મણોના જપમંત્રો સાંભળ્યા, અને પોતાની ગજસેના હાંકી.

પાછળ ઘોડેસવારો, એ પછી પગપાળા ચાલતા સૈનિકો નીકળ્યા. આખા નગરમાં યુદ્ધના ઉત્સવ જેવું થઈ ગયું.

દડમજલ ચાલતા લશ્કરે વઢવાણના કિલ્લામાં મુકામ કર્યો.




# ઘરૂએ દાટ વાળ્યો

ગુજરાતની પહેલી રાજધાની ગિરિનગર.

એ આજનું જૂનાગઢ.

જૂનાગઢમાં રા'ખેંગારનું રાજ.

રા'ખેંગાર શૂરવીરતાનો અવતાર. એની સેના ભારે જબ્બર; અને એથીયે જબ્બર એનો ગઢ ગિરનાર.

ગિરનાર જે રક્ષા કરે, એ કોઈ ન કરે !

ગિરનાર પર બધાને ગર્વ. અહીંના સોરઠિયા યોદ્ધા પર સહુને ગર્વ. અહીંની માણકી અને તાજણ ઘોડીઓ પર સહુને ગર્વ.

'સિંહ તો સોરઠના ! જયસિંહ તો ગુજરાતનું ગીધડું !'

ભાટ-ચારણોએ ગીત ઉપાડ્યાં !

'ગુજરાતની રાણી સોરઠમાં ! દક્ષિણની મીનલદેવી હવે ગુજરાત પણ સોરઠને કાંચળીમાં આપી દેશે.' બંદીજનો કહેવા લાગ્યા.

ગુજરાતની કુંવરી સોરઠમાં આવી, એ જાણે વિજયની પહેલી નિશાની આવી.

લોકો 'ગુજરાતની રાણી'નો જયજયકાર કરવા લાગ્યા. આનંદ-ઉછરંગ ચાલવા લાગ્યો.

દારૂના બધા ખાસ શોખીન. દારૂ ભરરંગમાં ઊડવા લાગ્યો.

સમાચારો આવ્યા કે સધરો જેસંગ જાતે ચડ્યો છે. મોટી દરિયા જેવી સેના સાથે છે. વચ્ચે વઢવાણમાં કિલ્લો બાંધ્યો છે, ત્યાં આરામ લેવા થોભ્યો છે.

બાબરો ભૂત મદદમાં છે !

એક રાતમાં જળનું સ્થળ ને સ્થળેનું જળ કરે છે !

ખેંગાર હસીને બોલ્યો :

'એનાથી કંઈ ન વળે. એ જયસિંહ મારો ગિરનાર જોશે કે એની છાતી ફાટી જશે. એવો ડુંગર એણે બાપદાદામાં એકવાર પણ જોયો નહિ હોય !'

'હા, હા, બાપુ ! અને એને હારવાની ક્યાં નવાઈ છે ? અગિયાર-અગિયાર વાર તો હાર્યો, અને આ બારમી વાર ! નાકકટ્ટાને પછી કપાવવાનું શું ?'

ત્યાં બીજો ગુપ્તચર આવ્યો. એણે સમાચાર આપ્યા કે, 'સધરો જેસંગ વઢવાણથી આગળ વધ્યો છે.'

ખેંગાર ક્હે : 'એ ગીધડાથી તો ગિરનારના ગઢની કાંકરી પણ ખરવાની નથી. લહેર કરો. અરે, લાવો સુરા ! અરે, દેસળરાજ, અરે, વિસળરાજ, ભરો કટોરા !'

'હુકમ, મામાશ્રી !' દેસળે કટોરા ભર્યા.એક ઉપર એક ઊડવા માંડ્યા.

'અને મામા ! મારાં ગુજરાતી મામીને નહિ ? એણે દાખનો દારૂ જોયો નહિ હોય.'

'અરે, જા, જા, જઈને મારી ભેટ આપી આવ ! આજ મારાથી મહેલે નહિ આવી શકાય. ક્હેજે કે મારા મામાએ સમ આપીને સુરા મોક્લી છે.'

'વાહ, જૂનાગઢના નાથ ! જામ પીધો પ્રમાણ ! ઉપર આકાશ ને નીચે પાતાળ ! બધે તારું રાજ ! ઝખ મારે સધરો જેસંગરાજ !'

ભાટોએ વખાણ શરૂ કર્યાં. રાજાને પોરસ ચઢાવવા માંડ્યો. પોરસમાં ને પોરસમાં જામ પર જામ ભરાવા લાગ્યા. ખૂબ પિવાયો. બધા ચક્ચૂર થઈ ગયા.

દેસળ ઊભો થતો બોલ્યો : 'હાં, લાવો, ગુજરાતી મામી માટે.'

ને એક મોટા પાત્રમાં સુરા લઈને દેસળ નીકળ્યો. ગિરનારનો એ ગિરેબાજ ગરુડ હતો. ભારે લડવૈયો હતો. રંગમાં આવે તો આખી સેનાને ભારે પડે, પણ લહેરી પૂરો. ગીત ગાતો-ગાતો ચાલ્યો. લથડિયાં ખાતો- ખાતો ગુજરાતી રાણીના મહેલે પહોંચ્યો.

ગુજરાતી રાણી સિંગાર કરીને બેઠી હતી. જૂનાગઢની ગિરિકંદરાઓ પાછળ સૂરજ આથમતો હતો.

સ્ત્રીના અજબ ભાગ્યનો એ વિચાર કરી રહી હતી. સોરઠ એને ગમે એવો દેશ હતો. શ્રીકૃષ્ણની આ ભૂમિ હતી. ત્યાં દેસલ ડોલતો-ડોલતો આવ્યો. એ બોલ્યો :

'મામી ! મારા મામાએ આ પ્રસાદ મોકલ્યો છે. ગળાના સમ દઈને કહેવરાવ્યું છે કે બધો પી જજો. થોડોક પણ બાકી મૂકો તો ખેંગારના સમ !'

મામીએ દારૂ લીધો ને પીવા માંડ્યો ! અરે, ઝેર હોત તોય મીઠું લાગત. એનો મોકલનાર કોણ હતો ?

દેસલ તો દારૂના ઘેનમાં ઉંદરડાની જેમ ડોલી રહ્યો. ડોલતો-ડોલતો મામી પર જઈને પડે. મામી ધક્કો મારીને આઘો કાઢે. ધીરે-ધીરે એ ભાન ગુમાવી બેઠો. મામીએ પાથરેલા છત્તર પલંગમાં પડ્યો ને પડ્યો એવો જ ઊંઘી ગયો.

રાણીએ પણ પૂરેપૂરો પીધો. પતિના સમ બરાબર રાખ્યા ! અડધો કટોરોય કેમ છંડાય !

થોડી વારમાં એ પણ બેભાન બની ગઈ, ને પલંગ પર ઢળી પડી.

રાત ઝડપથી વીતી ગઈ.

સવારે રા'ખેંગાર આવ્યો. ગુજરાતનું લશ્કર આવી રહ્યું છે, એની વાત કરવા એ આવ્યો હતો. 'એમાં તારાં ઓળખીતાં કેટલાં ?' એ પૂછવા આવ્યો હતો. 'બારમી વાર સધરાને હરાવી તારી મોજડી જાળવવા જેસંગને નોકર રાખશું' એમ કહેવા આવ્યો હતો.

પણ જોયું તો ભાણેજ અને મામી ! ગજબ થયો.

ખેંગારે પડકારો કર્યો : 'ઓ કૂતરા !' અને તલવાર ખેંચી. પડકાર સાંભળી દેસલ જાગી ગયો. કૂતરાની સામે ઘેરાયેલા સસલા જેવી એની સ્થિતિ થઈ. એણે ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું :

'મામી તો મારે મા બરાબર છે. દારૂની આ મોકાણ છે.'

ખેંગાર કહે : 'જા રે લબાડ ! અબી ને અબી અહીંથી નીકળી જા. તારું કાળું મોં મને હવે બતાવીશ નહિ !'

દેસળ કહે : 'પહેલો ગુનો તમારો છે. તમે દારૂ પાયો, માટે પહેલી સજા તમને. બીજો દોષ દારૂનો છે. શા માટે ચડ્યો ? માટે એને દેશનિકાલ કરો. ત્રીજો દોષ મામીનો છે. એણે સાચવીને કાં ન પીધો ? માટે મામીને સજા કરો. ચોથો ગુનો મારો. ત્રણને સજા કરો પછી મને સજા કરો ! ત્રણનાં માથાં કાપો તો ચોથું મારું કાપો.'

પણ રા'ખેંગાર તેનું ભાષણ સાંભળવા તૈયાર નહોતો. એણે કહ્યું : 'જાય છે કે પછી અહીં ને અહીં પૂરો કરું ?'

દેસળ કહે : 'મામા ! માથે લડાઈનાં નગારાં વાગે છે. પહેલો મને મેદાને ધકેલજો, પહેલો હું મરીશ.'

ખેંગાર કહે : 'કૂતરા ! હું તારું કંઈ સાંભળવા માગતો નથી. અહીંથી ચાલતો થા !'

દેસળ કહે : 'મામા ! ઘર ફૂટે ઘર જાય. મને વિભીષણ ન બનાવો. આ સોનાની લંકા લૂંટાઈ જશે. જાદવાસ્થળીની વાત ન ભૂલો.'

પણ ખેંગારને હાડોહાડમાં ક્રોધ વ્યાપી ગયો હતો. એણે લાત મારીને દેસલને કાઢી મૂક્યો.

ચોરની સાથે ઘંટીચોરને પણ સજા હોવી ઘટે : દેસલ સાથે વિસલને પણ દેશનિકાલો આપ્યો.

રાણીએ કહ્યું : 'માથે શત્રુ ગાજે છે. વહાલામાં વિખવાદ ન કરો !'

પણ માને તો ખેંગાર નહિ.

ખેંગારે કહ્યું : 'રાણક ! આવાં સો શિયાળિયાંથીય તારો રા' ડરતો નથી.'

રા'ની વહુ તે રાણક.

દેસલ-વિસલ સીધા પહોંચ્યા સિદ્ધરાજ પાસે.

સિદ્ધરાજ તો ઊંઘતો નથી. એને તો ખાવું-પીવું હરામ થઈ ગયું છે. એ રોજ-રોજ મંત્રીઓની સભા ભરે છે; રોજ વિચાર કરે છે; રોજ ગુપ્તચરોની બાતમી સાંભળે છે; રોજ નવા-નવા રસ્તા શોધે છે; પણ ગિરનારનો ગઢ અડોલ છે !

ખરાખરીનો ખેલ થઈ ગયો છે. આબરૂનો સવાલ થઈ ગયો છે. સિદ્ધરાજની આ પહેલી ચઢાઈ છે. પહેલો કોળિયો ભર્યો છે, એમાં જાણે માંખ આવીને પડી છે !

સિદ્ધરાજ પાછો ફરવા માગતો નથી. પાછા ફરવું, એ એના સ્વભાવમાં જ નથી. એ મરવા કે મારવા તૈયાર બેઠો છે.

ત્યાં ગુપ્તચરો દેસલ-વિસલને તેડીને આવ્યા.

સિદ્ધરાજે એની વાત સાંભળીને કહ્યું : 'ખાતરી આપો. શત્રુ પર વિશ્વાસ નહિ. આખરે એ તમારો મામો છે. સગાનાં હાડ હસે ને લોહી તપે.'

વિસળ કહે : 'શ્રીકૃષ્ણના વારાથી ભાણેજ મામાને હરાવતા આવ્યા છે. તમે ભાગ્યશાળી છો, રાજા ! સોરઠની રાજલક્ષ્મી તમને સામે પગલે તિલક કરવા આવી છે. મોં ધોવા ન જશો. ચાલો, સેના સાબદી કરો. ગઢમાં પેસવાનો રસ્તો બતાવું.'

સિદ્ધરાજ કહે : 'તમે બતાવો એ રસ્તે અમે જઈએ. બાકી ત્યાં સુધી તમે કેદમાં : હાથે બેડી, પગે જંજીર.'

દેસલ-વિસલ કબૂલ થયા. તેઓએ છૂપો માર્ગ બતાવ્યો ને પાટણની સેના ગિરનાર પર ચઢી.

ખાનગી દરવાજો તોડ્યો ને શહેરમાં પ્રવેશ કર્યો !

રડીબામ ! રડીબામ ! બૂંગિયો ગાજ્યો.

સોરઠી યોદ્ધાઓ આવી પહોંચ્યા. ભારે યુદ્ધ થયું. પણ ઘર ફૂટ્યે ઘર જાય. વિજય સિદ્ધરાજનો થયો.

રા'ખેંગાર હાર્યો અને કેદ પકડાયો.

'રાજા દેવનો અંશ છે. એ શત્રુ થઈને પકડાય તો પણ એની હત્યા ન કરવી.'-પાટણના રાજાઓનો આ નિયમ હતો.

રા'ખેંગાર અને ગુજરાતી રાણીને કેદ કર્યાં.

મંત્રી સજ્જન મહેતાને સોરઠના સૂબા નીમ્યા, ને પોતે પાટણ તરફ કૂચ કરી !

પાટણમાં એ દહાડે ભવ્ય વિજયોત્સવ ઊજવાયો. સોરઠ અને પાટણ એક થયાં હતાં, એક કરવાં હતાં. સિદ્ધરાજને વિજયનો લોભ નહોતો, રાજવિસ્તારનો મોહ હતો.

સોરઠના રાજા ખેંગારની સિદ્ધરાજે મીઠી મહેમાનગતિ કરી. હાથી પર બેસાડીને આખું પાટણ બતાવ્યું. પોતાના વડવાઓની વાતો કરી. માતા મીનલદેવીની મુલાકાત કરાવી. આખરે ત્રણ વાર 'ગુર્જરપતિની જે' બોલાવી છોડી દીધો.

ખેંગાર જૂનાગઢ જવા નીકળ્યો.

એ પણ વટનો ટુકડો હતો. આ હારથી એને હાડોહાડ લાગી ગયું હતું : ન ખાવું ભાવે, ન પીવું ભાવે.

વઢવાણ આવતાં એ માંદો પડ્યો, ને એકાએક ગુજરી ગયો. સિંહ અને શૂરવીર અપમાન વેઠીને જીવતા નથી.

રાણક સાથે હતી. એ વઢવાણના પાદરમાં રા'નું માથું ખોળામાં લઈને, એ

વખતના રિવાજ પ્રમાણે, સતી થઈ.

વઢવાણની સૂકી ભોગાવા નદીના કાંઠે આજે પણ એ રાણીની દહેરી છે. સતી રાણકની દહેરી ! આ વર્ષ તે વિ.સં. ૧૧૭૦નું.

સિદ્ધરાજે સોરઠની જીતની યાદમાં સિંહ સંવત ચલાવ્યો.[x]

---

x પં. ભગવાનલાલ ઇંદ્રજી

**નોંધ : ભાટ-ચારણોએ મીઠું-મસાલો નાખીને આ વાતને વાર્તાનો રસ જમાવવા ખૂબ વધારી છે. કોઈ જૂના પ્રબંધોમાં રાણકદેવી નામ જ નથી. રા'ની પત્ની એ રાણક ! વળી કોઈ હિન્દુ રાજા પરણેલી સ્ત્રીને ન પરણતો. એમાંય મીનલ જેવી સતીના પુત્ર અને પરમ શૈવભક્ત સિદ્ધરાજ માટે તો એનું સ્વપ્ન પણ કેમ સંભવે ?**

મશહૂર ઇતિહાસવિદ શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી કહે છે કે ભાટોની દંતકથાઓ પર એટલું બધું વજન મૂકવાની જરૂર નથી.

હાલમાં દાહોદમાંથી વિ.સં.૧૧૯૬નો ઉત્કીર્ણ લેખ મળ્યો છે.એમાં લખ્યું છે કે 'સિદ્ધરાજે સોરઠના રાજાને કારાગૃહમાં નાખ્યો, ન કે હણ્યો. (ઇન્ડિયન એન્ટીક્વેરી : ગ્રં. ૧૦, પૃ. ૧૫૯)



# ૭

# પાણી એ જ પરમેશ્વર

પનઘટનો આરો હતો.

નાની નવેલી પનિહારીઓ સોનાના બેડે રૂપાની ઈંઢોણીએ પાણી ભરવા સંચરી હતી.

પાણી ઊંડા હતાં, ને સીંચવું કઠણ હતું.

પનિહારી-સીંચતા સીંચતાં થાકી ગઈ. દોરડું હાથમાંથી છૂટી ગયું; ઘડા સાથે જઈ પડ્યું કૂવામાં.

પનિહારી તો રડવા બેઠી ! રોવે, રોવે તે કંઈ રોવે !

બીજી પનિહારીએ પૂછ્યું :

'બહેન ! આટલું કાં રોવે ? ઘડાની ચિંતા ન કરીશ. આ તો પાટણની માટીનો ઘડો. તાંબા-પિત્તળના ઘડાને ઘોબો પડે, પણ આને કંઈ નહિ થાય !'

'બહેન ! ઘડાને રોતી નથી.' પનિહારી બોલી, 'ઘેર બધાં પાણીની રાહ જોઈને બેઠાં હશે. સાસુ મને કંઈનું કંઈ સંભળાવશે મારો ધણી લાકડી લઈને ઊભો હશે. અરેરે ! મેં મારી માને કહ્યું હતું કે મને બીજે દેજો, પણ પાટણ કે

પંચાસરમાં ન દેશો.'

'બહેન ! દીકરી અને ગાયનાં નસીબ જ એવાં છે. જેવું મળે એવું વેઠીએ. અને પાણીની તો આ પંથકમાં પીડા જ છે. આ કામ તો રાજનાં. અહીંનો રાજા બાબરા ભૂતને વશ કરે છે, સોરઠના રાજાને જીતી આવે છે, પણ આ મેઘરાજા પાસે એનું બિચારાનું કંઈ ચાલતું નથી !'

બંને પનિહારીઓ વાત કરી રહી હતી, ત્યાં પાસેથી બે ઘોડેસવારો નીકળ્યા. એક નાનો હતો બીજો મોટો હતો. નાના અસવારનું તેજ અજબ હતું.

'ઓ ભાઈ, અહીં આવજો જરા !' મોટી પનિહારીએ ઘોડેસવારને બૂમ મારીને બોલાવ્યો. પાટણની નારી અજાણ્યા નરથી ડરે નહિ, એવી પ્રતિભાવાળી હતી.

ઘોડેસવારો બંનેનો વાર્તાલાપ સાંભળતા આવતા હતા. તેઓમાંના મોટાએ કહ્યું : 'ઘડો કૂવામાં પડ્યો છે ને ? વારુ પડખેના ખેતરમાંથી દોરડું ને બિલાડી લેતા આવીએ.'

કૂવામાં પડેલી ચીજને કાઢવા આ બિલાડી વપરાતી. એ લોઢાની આંકડિયાવાળી બનતી. એ આંકડિયામાં ભરાવીને કૂવાના તળિયેથી ચીજ લઈ આવતી.

મોટો ઘોડેસવાર પડખેના ખેતરમાં દોડ્યો. એણે ખેડૂત પાસે દોરડું અને બિલાડી માગ્યાં.

બિલાડી આપતાં ખેડૂતે કહ્યું: 'ભાઈ ! આ રાજમાં વાઘ જેવો માણસ બિલાડી જેવો થઈ જાય છે ! જુઓને આ સૂકાં ભંઠ ખેતરો ! મોંઘા મૂલનાં બી પણ ખવાઈ ગયાં. અહીં ક્યાં આવી ભરાયા ? હવે તો ઝટ બીજે ઠેકાણે જઈએ તો સારું ! થાક્યા, બાપ ! જાણે મારવાડ જ જુઓ !'

ઘોડેસવારોએ મૂંગા મૂંગા સાંભળી લીધું.

એ બિલાડી અને દોરડું લઈને બંને સવાર કૂવાકાંઠે આવ્યા. મોટા અસવારે બિલાડી નાખીને ઘડો ને દોરડું કાઢી આપ્યાં.

નાની પનિહારી ઘડો માથે મૂક્તાં બોલી :

'ભલું થજો તમારું, ભાઈ ! આજે તમે એક જીવ બચાવ્યો. વટેમાર્ગુ સાથે

આજે જ મારી માને સંદેશો મોકલાવ્યો હતો કે જાણી લેજે કે તારી દીકરી કૂવે પડી !'

'બહેન ! મૂંઝાશો નહિ. અમે દરબારી માણસો છીએ. હું સિદ્ધરાજનો મિત્ર જીવરાજ છું. સિદ્ધરાજને વાત કરીશ. એ જરૂર બંદોબસ્ત કરશે. ત્યાં સુધી એને કોસશો નહિ, બહેનો ! પ્રજાની બદદુઆ રાજાને જીવતો ખાઈ જાય !'

'ના રે, ભાઈ ! રાજા તો બહુ સારો છે. એને અમારી દુઆ જ છે. કુદરત આગળ બિચારા રાજાનો શું ચારો છે ? રાજા તો મેઘરાજા, ઔર રાજા કાયકા ?'

ને પનિહારીઓ, મોડું થયું હોવાથી, માથે બેડું મૂકી ઝટ-ઝટ રવાના થઈ ગઈ.

ઘોડેસવારો રાજમહેલ તરફ વળ્યા.

મોટાં-મોટાં બજારો, મોટી-મોટી હવેલીઓ મોટાં-મોટાં અનાજનાં પીઠાં જોતા આગળ ચાલ્યા.

પાટણનાં ચોરાશી ચૌટાંમાં ધમાલ મચી હતી. સોનીની હાટમાં સોનાના લાટા ઝગમગતા હતા. પટણી સુંદરીઓ નવનવા ઘાટની માથાકૂટમાં પડી હતી.

સિદ્ધરાજના મિત્ર જીવરાજે કહ્યું :

'અરે, સોનાં કંઈ ખવાય છે ? ખેતરમાં સોનું નાખીએ તો એ કંઈ ઊગે ? પાણી વિના બધું નકામું !'

અસવારો આગળ વધ્યા. નાણાવટમાં નાણાંનો ખણખણાટ ને ઝવેરીવાડમાં હીરા, પન્ના, મોતી, માણેક, પ્રવાલનાં તેજ અનેરાં હતાં.

જીવરાજ બોલ્યો : 'હીરાનાં પાણી મપાય, પણ કંઈ એનાં પાણી તરસ્યા જીવને થોડાં જિવાડે !'

સુગંધિયા શેરીમાં અત્તરની ખુશબો મહેકતી હતી. ફોફલિયાના હાટે સોપારી, લવિંગ ને મલબારી શ્રીફળોના ઢગલા પડ્યા હતા.

ઘિયાને હાટે ઘી ને તેલીને હાટે તેલ વેચાતું હતું.

જીવરાજે નિશ્વાસ નાખ્યો :

'ઘી-તેલ ગમે તેવાં તોય કંઈ પાણીની તોલે આવે ?'

સાળવીની હાટોમાં સાળો પર પાટણનાં પટોળાં વણાતાં હતાં, ને દોશીડાની હાટે કપૂરિયાં, કસ્તૂરિયાં, ચોકડિયાં, દાડમિયાં, પટોળાં, ઘરચોળાં, હંસવડી, ગજવડી, પાંભડી ને લોબડી વેચાતાં હતાં.

'માણસ પહેલાં પહેરે કે પહેલાં પીએ ? કપડાં ગમે તેટલાં સારાં હોય, પણ સ્નાન વિના શે શોભે ?' જીવરાજ બબડ્યો.

'પાણી જ પરમેશ્વર ભાસે છે.' મોટા અસવારે કહ્યું.

સાબૂગરને ત્યાં સાબૂ, ભૂતડો, ધોળી માટી, પીળી માટી, ગેરુ, અરીઠાં, આંબળાં, ચીકાખાઈ વગેરે વેચાતાં હતાં.

'પાણી વગર એ તમામ નકામાં-એકડા વિનાનાં મીડાંની જેમ !' જીવરાજ બબડ્યો અને પાટણની શોભા જોતો રાજમહેલમાં પ્રવેશ્યો. સાથેનો અસવાર ડેલીએ ઊભો રહી ગયો.

જીવરાજે અંદરના ખંડમાં પ્રવેશ કર્યો કે રાજમાતા મીનલદેવી સામે જ ઊભાં હતાં.

'બેટા જયસિંહ !' માતાએ કહ્યું : 'કુશળ છે ને ? તારી જ રાહમાં હતી : મારે એક વાત કરવી છે.'

જેને આપણે જીવરાજ સમજતા હતા, એ રાજા સિદ્ધરાજ પોતે હતો. પોતાના પ્રદેશનો પ્રવાસ ખેડીને એ પાછો ફરતો હતો.

'મા ! મારે પણ તને દુઃખની એક વાત કહેવી છે.'

'દીકરા ! પહેલી તારી વાત, પછી મારી વાત.' માતાને પડછંદ પરાક્રમી સિદ્ધરાજ હજી નાનો જ લાગતો. 'તું તો મીનલની મહત્ત્વાકાંક્ષાઓનું જીવતું સ્વરૂપ છે.'

'મા ! પટણીઓ હવે કુંવારા રહેશે. પાટણના કૂવા હવે ગોઝારા થશે.'

'કાં, બેટા ?'

'પાટણમાં પાણીનું દુઃખ છે. હવેથી કોઈ માબાપ પોતાની દીકરી પાટણમાં નહિ પરણાવે. પરણેલી વધૂઓ કંટાળીને કૂવા પૂરશે. અને મા... ખેડૂતો પણ ખેતી છોડીને ભાગી જશે; તલવાર લઈ ચાકરી નોંધાવશે. મા, તલવાર કંઈ જળ-અન્ન ઉપજાવી શકે ખરી ? પ્રજાનું પેટ પૂરી શકે ખરી ?'

'તારી વેદના સાચી છે, પણ પાટણનો ખજાનો જળ-યોજનાને પહોંચે તેમ નથી. વળી અહીં ઝાડ ઓછાં છે. ઝાડ ઓછાં હોય ત્યાં વરસાદ ઓછો. વરસાદ ઓછો ત્યાં ઝાડ ઓછાં ! શું થાય, બેટા !'

'મા ! શું થાય, એમ કેમ બોલાય ? આપણાથી હાથ હેઠા નાખી ન દેવાય. તો તો આપણે રાજ છોડી દેવું પડે, અને કોઈ મજબૂત હાથમાં સોંપી દેવું પડે. ભગવાનના ચરણમાં દેહ ધરીએ છીએ, એમ આજ પાણી મારો પરમેશ્વર છે. એ પ્રભુ પાછળ ઘેલો થઈ જઈશ. હું પાણી પાછળ રાજનો ખજાનો પાણીની જેમ વહાવી દઈશ. પાણીનો પ્રશ્ન લડાઈના પ્રશ્નની જેમ હાથ ધરીશ. હું ભગવાન સોમનાથને પ્રાર્થીશ : જોજો પ્રભુ, સિદ્ધરાજનું પાણી ન જાય !' આ માટે જરૂર પડશે તો તન, મન, ધન અર્પણ કરીશ.'

સિદ્ધરાજ ભાવાવેશમાં આવી ગયો. કેસરી વનમાં આંટા મારે એમ એ ખંડમાં આંટા મારવા લાગ્યો.

'બેટા ! જમી લે.'

'ના મા, જમવાનું તો પછી થશે જ. પહેલાં મહામંત્રીને બોલાવો. અબઘડી રાજદરબાર ભરે. આ નાની નવેલીઓનાં દુ:ખડાં મારાથી જોવાતાં નથી. પહેલું પાણી, પછી ભોજન !'

ને તરત મંત્રીરાજને સાદ થયો. રાજકાજમાં સજ્જ મંત્રીરાજ થોડી વારમાં આવી પહોંચ્યા.

તુરતાતુરત દરબાર ભરાયો. પાણીનો પ્રશ્ન તાકીદના પ્રશ્ન તરીકે હાથ ધરવામાં આવ્યો. કેટલાક જૂના સામંતોને આ બધું જૂની આંખે નવા તમાશા જેવું લાગ્યું. લડાઈના પ્રસંગ સિવાય આ રીતે એકાએક દરબાર ન ભરાતો.

રાજાએ કહ્યું : 'મંત્રીરાજ ! પાટણમાં પાણીનું દુ:ખ છે. એ માટે કંઈ વિચાર કર્યો ?'

મંત્રીરાજે જુવાન રાજાને નિવેદન કર્યું : 'પાણીનો પ્રશ્ન વિચારણા હેઠળ છે.'

'કઈ રીતે ?'

'સરસ્વતીનાં વહેણ દુર્લભ સરોવરમાં વાળવાં.'

'તો વિલંબ કેમ થાય છે ?'

'એમ કરતાં પાટણનો ખજાનો પૂરો થઈ જાય તેમ છે ! કાલે નવી લડાઈ જાગે તો ...?'

'કાલની ચિંતા આજે શું ? પાણીનું દુઃખ મારાથી જોવાતું નથી. સરોવરનું કામ તાબડતોબ હાથ ધરો. એમાં લેશ પણ વિલંબ ન ઘટે. આજે પાણી ને પરમેશ્વર મારે મન એકસ્વરૂપ છે. જોઈશે તો રાજ વાણિયાને ત્યાં ગીરો મૂકીશું.'

'મહારાજ ! પાટણના સગાળશા શેઠ કહે છે કે એમના બાપના નામ પર સરોવરનું નામ રાખો તો ત્રણ લાખ રૂપિયા આપે.'

'નથી જરૂર સગાળશાની ! પાટણનો ભંડાર ભલે તળિયાઝાટક થતો. આ સરોવર સિદ્ધ-સરોવર થશે. રાજભંડારના ધનથી થશે. વારુ, આ કામ કરી શકે તેવો છે કોઈ નિષ્ણાત ?'

'હા. મહાભારતમાં જેવો મય દાનવ હતો, એવો માયો હરિજન છે. એની પાસે એક લશ્કર જેટલાં માણસ, ગધેડાં ને સરસામાન છે. એ કહે છે, કામ તો કરી આપું, પણ મારાં નાતીલાં પાણીએ ટળવળે ને બીજાં પાણી પીએ-એ ન ચાલે. અમને માણસ જ કોણ ગણે છે ?'

'બોલાવો માયાને. એની વાત કબૂલ છે. કહો તો તામ્રપત્ર પર લખી આપું, મારું માથું માગે તો માથું આપું, પણ કામના શ્રીગણેશ કરો !'

તરત માયા હરિજનને બોલાવવામાં આવ્યો.

માયાએ રાજીખુશીથી કામ કબૂલી લીધું.

સિદ્ધરાજે સભાને સંબોધીને કહ્યું : 'અને યાદ રાખો કે રાજા કંઈ નથી, રાજબળ કંઈ નથી, સાચું બળ દેવબળ છે. દરેક ધર્મવાળા પોતાના ઇષ્ટદેવને સમરે. હું પણ રોજ પિનાકપાણિને પ્રાર્થના કરીશ. હજાર મંદિરોમાંથી પ્રાર્થનાના સૂર ઊઠશે, તો ભલભલું આભ ભેદાઈ જશે. મારા ભોળા શંભુને જટાની એક નહિ, પણ દશ-દશ સેર નમાવીને ગંગામાતાને પાટણને પાદર વહાવવાં પડશે.'

બધેથી સિદ્ધરાજના સૂચનને વધાવી લેવામાં આવ્યું.

એ દિવસે સરોવરના કામના શ્રીગણેશ થયા.

રાજમાતા મીનલદેવીએ પુત્રને શાબાશી આપતાં કહ્યું :

'વત્સ ! સદા આવી રીતે લોકકલ્યાણનાં કામને જલદીનાં કામ સમજીને કરજે. ચાલ, હવે જમી લે !'

ભલભલા વૃદ્ધ મુત્સદ્દીઓને અને પરાક્રમી સરદારોને ઝાંખો પાડતો સિદ્ધરાજ માની આંગળીએ વળગી ભોજન માટે ચાલ્યો ગયો !

સાંજે પાટણની શેરીઓમાં ઢંઢેરો પિટાવ્યો હતો કે,

'સધરો જેસંગ સમસ્ત પ્રજાને સૂચવે છે,

'જે ઝાડ વાવશે અને પાંચ વર્ષનું કરી રાજને સોંપશે, એને રાજ ઇનામ આપશે.

'જે વાડી કરશે, અને હરિયાળી ઉગાડશે, એનું મહેસૂલ માફ કરશે.

'જે કૂવો ખોદાવશે, ને અઢારે આલમને સોંપશે, એને ખિતાબ અને જમીન મળશે.

'જે વાવ ગળાવશે ને સરાઈ બાંધશે, એને દરબારમાં આસન મળશે.

'જે મહાજન પોતાના ગામનું પાણીનું દુઃખ ટાળશે એને પાઘડી મળશે.'

મહારાજ સિદ્ધરાજનો આ ઢંઢેરો ગાજતો થયો.

લોકોમાં જાણે નવજીવનનો સંચાર થવા લાગ્યો.



૮

# જય સોમનાથ

દીકરાએ તો દેશમાં ડંકો દીધો.

બાપદાદાના વખતથી સોરઠ સાથે ઝઘડો ચાલતો હતો. પાડા-પાડી લડે ને ઝાડનો ખો નીકળે, એમ સોરઠ-પાટણના રાજાઓના ઝઘડામાં પ્રજાને ઘણો ત્રાસ પડતો.

સોરઠ જિતાયું ને એ ત્રાસ ટળ્યો ! બધે કડક બંદોબસ્ત કર્યો.

દીકરાએ બાપથી સવાયું નામ કાઢ્યું !

કઈ માતાને દીકરાનાં પરાક્રમથી પોરસ ન ચઢે ! માતા મીનલદેવી મનમાં ખૂબ હરખાયાં કરે.

મીનલદેવીના મનમાં ઘણા વખતથી સોરઠ જોવાની ઇચ્છા હતી; દ્વારકાધીશનું દેરું જુવારવાની ભાવના હતી; સાગરકાંઠો નિહાળવાની આકાંક્ષા હતી; તલવારની ધાર સરખી તેજસ્વી સોરઠિયાણીઓને જોવાની ઇચ્છા હતી.

ગીરના વંકા ડુંગરા અને સેંજળ ઝરણામાં પાણી પીતા સાવજ તો એની કલ્પનામાં હમેશાં રમતા.

અને આ સહુથી સવાઈ ઇચ્છા તો સોમનાથ મહાદેવની જાત્રા કરવાની હતી. સોમનાથ દેવ તો એના બાળપણના સાથી દેવ !

લાકડીનો ઘોડો કરીને રમતી ત્યારે એ ઘોડા પર બેસીને સોમનાથ જતી.

દીકરા સિદ્ધરાજે કહ્યું : 'માતા ! હવે સોરઠના પ્રવાસે સંચરો. ભગવાન સોમનાથને જુહારો.'

માતા મીનલદેવી કહે : 'દીકરા ! આ જાતરાની વાત તો જૂની છે. આજે કહેવામાં વાંધો નથી. બહુ નાની હતી, સોનાના ઘોડે ને રૂપાના ચાબુકે રમતી હતી, એ વખતે યાત્રાળુના સંઘ નીકળતા - અમારા કર્ણાટક દેશથી ઠેઠ દેવપાટણ સુધીના.

એ વખતે યાત્રાળુઓને પૂછતી : 'ક્યાં આવ્યું દેવપાટણ ? કેવા છે એ ભગવાન ? મારે એમનાં દર્શન કરવાં છે.'

યાત્રાળુ કહેતા : 'દૂર-દૂર આવ્યું દેવપાટણ ! અહીંથી દૂર સરવો સોરઠ દેશ છે. એના જંગલમાં સાવજ વસે છે. સાવજ જેવા ત્યાંના લોક છે. સુંદર સાગરકાંઠો છે. સરસવતી નદીનો પવિત્ર ત્રિવેણીસંગમ ત્યાં છે. ત્યાં પ્રભાસ નામનું તીર્થ છે. મહર્ષિ અગસ્ત્ય જ્યાં દરિયો પી ગયા, એ સ્થળ છે. આખી દેવનગરી વસેલી છે. ભોળા શંભુએ સોમ નામના દેવનો ત્યાં ઉદ્ધાર કર્યો. એટલે 'સોમનાથ મહાદેવ' કહેવાયા. જ્યોતિર્લિંગોમાં એ સૌથી પહેલું લિંગ છે. જ્યાં સોમ જેવા દેવનો ઉદ્ધાર થયો, ત્યાં માણસનો ઉદ્ધાર થતાં વાર કેવી ? ભગવાન તો ભાવના ભૂખ્યા છે.'

'દીકરા ! ત્યારથી સોમનાથ મહાદેવનાં દર્શનની મનમાં ભાવના. એ પછી દાદા શુભકેશી વનવગડે દાહમાં સપડાઈને બળી ગયા. એમના નિમિત્તે હું મારા પિતા જયકેશી ને માતા સાથે ગુજરાત આવી. સોમનાથને જુહાર્યા. સિદ્ધપુરપાટણ ગયાં. ત્યાં સરસ્વતીમાં નાહ્યાં ને પિતૃશ્રાદ્ધ કર્યું !'

'આ વખતથી ગુજરાત મને ગમી ગયું ને ભગવાન સોમનાથ અંતરમાં વસી ગયા. હું તો સ્વપ્નાં દેખતી હતી : ગુજરાતે રમવાનાં !'

'એક દહાડો તારા પિતાનું માગું આવ્યું. મને તો ગુજરાતની રઢ હતી : ગુજરાતના દેવની, ગુજરાતનાં માનવીઓની, ગુજરાતની સેંજળ ભૂમિની.

સોમનાથની તો શ્વાસોશ્વાસમાં ઝંખના હતી. પણ દીકરા ! અહીં આવ્યા પછી એ સ્વપ્ન ભાંગી ગયું. ખબર પડી કે પાટણ અને સોરઠ વચ્ચે ઝઘડો ચાલે છે, માથાવઢ વેર ચાલે છે. એ પતે નહિ ત્યાં સુધી સુખે જાત્રા થાય નહિ. લાખની યાત્રા કરવા જઈએ, ને લોહી વહાવીએ, એનો કંઈ અર્થ નહિ. હું રોજ મનમાં સોમનાથ દેવને પ્રાર્થના કરતી હતી કે ક્યારે રૂડો દહાડો દેખાડે ને હું યાત્રાએ આવું ! આજ એ રૂડો દહાડો ઊગ્યો !'

'દીકરા ! હું તો કાલે જ રવાના થવા ચાહું છું.'

માતાએ વર્ષોથી મનમાં સંઘરી રાખેલી વાત પુત્ર પાસે મૂકી દીધી.

સિદ્ધરાજે કહ્યું : 'માતા ! તમે રવાના થાઓ. તમે અડધે ગયાં હશો ને હું આવી પહોંચીશ.'

તરત તૈયારીઓ થઈ ગઈ.

પંડિત-પુરોહિતોને નોતરાં આપી સાથે લીધા.

લાવ-લશ્કર સાથે લીધું.

સવા લાખનો પૂજાપો લીધો. તુલાપુરુષ દાનને ગજદાન પણ સાથે લીધાં.

રાજમાતાની સવારી આગળ વધી. ઠેર ઠેર પડાવ નાખતા જાય, આસપાસનો પ્રદેશ જોતા જાય ને આગળ વધતા જાય.

સાથે ગામેગામથી લોકો સંઘ લઈને નીકળે. સંઘમાં સંઘ મળી જાય. યાત્રા માટેનો આવો સારો સથવારો ક્યાંથી મળે ?

મીનલદેવી તો મહા ચતુર; ચારે તરફ ધ્યાન રાખ્યા કરે : ભૂમિ કેવી છે ? ઊપજ કેવી છે ? માર્ગ કેવા છે ? વિસામા કેવા છે ? માર્ગમાં કૂવા છે કે નહિ ? બંદોબસ્ત છે કે નહિ ? જાત્રાળુને અને વટેમાર્ગુને સગવડ કેવી મળે છે ?

રાણી બધું જોતાં જાય અને આગળ વધતાં જાય !

રસ્તામાં યાત્રાળુ મળે, એની પાસેથી બધી વાતો સાંભળતાં જાય. યાત્રા તો એક અભ્યાસ છે. આમ યાત્રાનો ઉમંગ વધારતાં જાય.

એક દહાડો ભોલાદ (બાહુલોદ) નામના ગામે કેટલાક કાપડી લોકો મળ્યા. એ ઢીલા-ઢીલા હતા. એમના પગ પાછા પડતા હતા. રાજમાતાએ પૂછ્યું : 'કેમ, યાત્રા કરી ?'

'ના માતાજી ! દાણિયા દાણ માગે છે. અમારી પાસે ફૂટી કોડી પણ નથી. માજી ! દીઠા દેવને પહોંચી જાત્રા. અમે પાછા જઈએ છીએ !' કાપડી લોકોએ કહ્યું.

એમની આંખમાં આંસુ હતાં.

'અરે ! આવા તો કેટલાય ગરીબ યાત્રાળુઓ પાછા ફરતા હશે.'

રાજમાતા દાણિયા પાસે ગયાં; બધી હકીક્ત પૂછી.

દાણિયો કહે : 'માતાજી ! રાજે ઇજારો આપેલો છે. પૈસા હોય એ જાત્રા કરી શકે, નહિ તો ઘેર બેઠા ભગવાનને ભજે.'

રાજમાતાએ જોયું કે દાણિયો ગરીબ માણસોને ધક્કા મારી-મારીને પાછા કાઢતો હતો. એને જાત્રા સાથે સંબંધ નહોતો, પૈસા સાથે સંબંધ હતો. કોઈને ગાળો દેતો, કોઈને ભાંડતો, કોઈને ધક્કા મારતો. કહેતો કે અમે તમને છોડી દઈએ, પણ કંઈ રાજ અમને છોડશે ? જે કહેવું હોય તે રાજને કહો. બાકી દાણ આપશો તો જાત્રા થશે. આમ થાણામાં કાળો કકળાટ જામેલો રહેતો.

રાજમાતા બધે હર્યાં - ફર્યાં, જોયું - જાણ્યું. એ રાતે મીનલદેવીને ઊંઘ ન આવી.

આખી રાત પડખાં ફેરવતાં જાગ્યાં.

છેલ્લા પહોરે આંખ મળી ગઈ. એમાં એક સ્વપ્ન આવ્યું :

જાણે પોતે એક બ્રાહ્મણની સ્ત્રી છે.

નામ સુજયા છે !

સુજયા ગરીબ છે, પણ ધર્મના ભાવવાળી છે. બાર માસનાં બધાં તપ કરે છે, બધાં વ્રત કરે છે. વ્રતના છેડે બાર વસ્તુનાં દાન દે છે.

સુજયા સોમનાથની પૂજારણ. એક વાર યાત્રા કરવા નીકળી. મોંમાં ઉપવાસ હતો. નિશ્ચય હતો કે અધમોદ્ધારક ભગવાન સોમનાથનાં દર્શન કરી, ત્રિવેણી નાહી, સાધુ-અભ્યાગતોને યથાશક્તિ જમાડી ઉપવાસનું પારણું કરીશ.

ત્યાં માર્ગમાં દાણિયો આવ્યો.

એણે સુજયાને રોકી, કહ્યું : 'દાણ લાવો.'

સુજયા કહે : 'હું રંક ભિખારી છું. મોંમાં વ્રત છે. જવા દો !'

દાણિયો કહે : 'ન જોઈ હોય તો વ્રત કરનારી ! પાસે તાંબિયા ન હોય તો તીરથ કરવા ન નીકળીએ ! ઘરને જ તીરથ માનીએ !'

સુજયા કહે 'વાત સાચી છે. પણ દેવનાં દર્શન કર્યા વગર ઉપવાસ ન તોડવાનું નીમ લીધું છે. ભલો થઈને જવા દે. ભગવાન તારું ભલું કરશે.'

દાણિયો કહે : 'અમારો ભગવાન પૈસો. એ હોય તો તારુંય ભલું થાય અને અમારુંય થાય.'

કોઈ વાતે દાણિયો ન માન્યો. સુજયાને પાછી કાઢી. એ નિરાશ થઈને ઘેર આવી. આ ઘા એને એવો લાગ્યો કે એ માંદી પડી ને સોમનાથના દર્શનની તાલાવેલીમાં ગુજરી ગઈ.

મરતી વખતે એણે પ્રાર્થના કરી : 'હે ભોળા શંભુ ! મારા મનમાંથી મેં તને પલવાર વિસાર્યો નથી. તું દેવમંદિરમાં નહિ પણ મનમાં વસે છે ! જો મારાં વ્રત-નીમનું કંઈ ફળ હોય, તો આવતે ભવે આ અન્યાયી કરને દૂર કરનારી જન્મું.'

એ સુજયા મરીને મીનલદેવી સરજાઈ !

પુણ્યના પ્રતાપે રાજાને ઘેર જન્મી. કર્મસંજોગે ગુજરાતની રાણી થઈ. સિદ્ધરાજ જેવા પરાક્રમી પુત્રની માતા થઈ.

અને સ્વપ્ન પૂરું થયું. મીનલદેવીની આંખ ઊઘડી ગઈ.

૯

# બોતેર લાખનું દાણ માફ

કૂકડો બોલ્યો હતો. ઉગમણા આભમાં લાલ શેડો ફૂટી હતી. પંખી જાગ્યાં હતાં. ત્યાં મારતે ઘોડે અસવાર આવ્યો. એ વધામણી લાવ્યો હતો :

'બર્બરકજિષ્ણુ ગુર્જરપતિ મહારાજ સિદ્ધરાજ જયસિંહ નજીકમાં જ છે. ટૂંક સમયમાં માતાની ચરણસેવામાં હાજર થશે.'

માતા મીનલદેવી હમણાં જ જાગ્યાં હતાં. એમણે આ સંદેશો સાંભળી હુકમ કર્યો :

'ચાલો, આપણી તીર્થસવારી પાછી ફેરવો.'

'કંઈ કારણ, માતાજી ?' સાથેના સરદારે પૂછ્યું.

'મારે યાત્રા નથી કરવી. મને કોઈ કાંઈ વધુ પૂછશો નહિ.' રાજમાતાએ ચોખ્ખા શબ્દોમાં કહી દીધું. એમની આંખના ખૂણા ભીના દેખાતા હતા. હૃદય વેદનાથી એટલું ભરાઈ ગયું હતું કે મોં દ્વારા વેદના બહાર ઠાલવી શકાતી નહોતી.

આ પછી કોઈ કંઈ બોલ્યું નહિ કે કોઈ કંઈ ચાલ્યું નહિ.

તરત સવારી પાછી ફરી.

રાજમાતાએ રાજનો કારભાર કર્યો હતો. એક તરફથી આમ મીણની પૂતળી જેવાં પોચાં હતાં ને બીજી તરફ તેજાબ જેવાં તીખાં હતાં.

બધા લોકોને લાગ્યું કે રાજમાતાનું ભેજું ઠેકાણે છે કે નથી ? મોટા ઉપાડે જાત્રા કરવા નીકળ્યાં ને આ શું સૂઝ્યું ? નક્કી મહેલ યાદ આવ્યો હશે. નક્કી કંઈક જૂનું દાટ્યું હશે, એ યાદ આવ્યું હશે. આવાં લોકો જાત્રા કરવા શું કામ નીકળતાં હશે !

પણ વાઘને કોણ કહેવા જાય કે ભાઈ ! તારું મોં ગંધાય છે ! મોટાની વાતને કોણ કાપે ?

હાથી તૈયાર થયા. ઘોડા તૈયાર થયા.

પંડ્યા-પુરોહિત પણ મોંનો તોબરો ચઢાવી તૈયાર થયા. એમની દાન-દક્ષિણા ડૂબી ગઈ હતી.

લાવલશ્કર આગળ કૂચ કરતું હતું, તે હવે પાછળ કૂચ કરવા તૈયાર થઈ ગયું. અરે, પાટણ માથે અજાણ્યો ભય આવ્યો કે શું ?

યાત્રા યાત્રાને ઠેકાણે રહી અને સવારી આખી પાછી ફરી ગઈ.

રસ્તો ઝડપથી કપાવા લાગ્યો; ત્યાં તો થોડેક દૂર જતાં ધૂળની ડમરી ચઢતી દેખાઈ.

થોડી વારમાં એક ઘોડેસવાર રાજમાતાની પાસે આવીને ઊભો રહ્યો. નવજુવાન ઘોડેસવાર ! ઘોડેથી છલાંગ મારીને નીચે ઊતર્યો.

માતાના ચરણમાં નમીને બોલ્યો :

‘માતા ! કંઈ હેરાનગતિ ? કંઈ ત્રાસ ? કંઈ અટકાયત ? યાત્રા પાછી કાં ?’

માતા કહે : ‘મારાથી યાત્રા નહિ થાય, વત્સ !’

સિદ્ધરાજ કહે : ‘કાં માતાજી ! માર્ગમાં ભય નથી, ખજાનામાં તૂટો નથી, દેવ ત્યાંના ત્યાં છે, પછી શા માટે યાત્રા નહીં થાય ?’

માતા કહે : ‘જે દેવને રંક લોકો જુહારી ન શકે, એ યાત્રા મને ન ખપે. હું તો રંક અને રાય બંનેની માતા છું.’

માતાનો નિશ્વાસ એક-એક મણનો નીકળતો હતો. એ આગળ બોલ્યાં :

'બેટા ! આ બધી પુણ્યની કમાઈ છે. ધર્મ છે તો રાજા છે. ધર્મી રાજા તે દેવસ્થાનનાં દ્વાર ખોલાવે કે બંધ કરે ?'

સિદ્ધરાજ કહે : 'મા ! તમારી વાત મને સમજાતી નથી. ચોખ્ખી રીતે કહો.'

માતા કહે : 'સોમનાથના યાત્રાળુઓ પાસેથી રાજ તરફથી દાણ લેવાય છે. ગરીબ લોકો, નિર્ધન સંત-સાધુઓ દાણ ભરી શક્તા નથી. એ કારણે એમને પાછા જવું પડે છે. એમના નિસાસા મને દઝાડે છે. એમનાં વીલાં મોં મારાથી જોવાતાં નથી.'

સિદ્ધરાજ કહે : 'મા ! કર ન હોય તો રાજકારભાર કેમ ચાલે ?'

માતા કહે : 'બેટા કર લેવાનાં ઠેકાણાં-ઠેકાણાંમાં ફેર છે. દેવસ્થાનના કર ન હોય. એ તો પુણ્યની પરબ, સદાચારનું વૃક્ષ ! જે કોઈ નબળું-દૂબળું પંખી આશરો લેવા આવે, એને ત્યાં આશરો મળવો જોઈએ !'

સિદ્ધરાજ કહે : 'મા ! હમણાં-હમણાં ઘણો ખર્ચ થઈ ગયો છે. પાટણની તિજોરી ખાલી છે. સોરઠની લડાઈનું ખર્ચ માથે છે, ત્યાં સરોવર સમરાવવું શરૂ કર્યું છે. ખર્ચનો ખાડો મોટો છે.'

માતા કહે : 'વત્સ ! તું શાણો થઈને કાં ભૂલે ? એ ખાડો પૂરવાનો આ માર્ગ નથી. આપણા મોજશોખ પાછળ કેટલું ખરચાય છે ? એમાંથી બચાવ કરીએ. એથીય ખાડો રહે, તો મહેલ છોડી ઝૂંપડીમાં વસીએ. એથીએ ખાડો રહે, તો હાથીનો હોદ્દો છોડી પગે ચાલીએ. એથીય ખાડો રહે તો પાંચ પક્વાન છોડી સાદું જમીએ. પણ બેટા, ધર્મની આડે હાથ ન કરીએ.'

સિદ્ધરાજ કહે : 'માતા ! તમે જાણો છો કે આ કરની આવક કેટલી છે ?'

માતા કહે : 'ના બેટા !'

'બોતેર લાખ !'

માતા કહે : 'આ લાખ તો રાખ બરાબર છે. અધર્મનું ધન છે. એ તને નહિ, મને નહિ, આપણી સાત પેઢીને ડુબાડનાર છે. મેં નિશ્ચય કર્યો છે કે જો કર દૂર નહિ થાય તો યાત્રા નહિ કરું; અન્નજળ નહિ લઉં; દેહ અહીં પાડી દઈશ.'



મા-દીકરો યાત્રાળુને નીરખી રહ્યાં.

સિદ્ધરાજ કહે : 'આટલું બધું શા માટે ?'

માતાએ સ્વપ્નની વાત કરી અને કહ્યું :

'વત્સ ! આ તો મારી જનમ-જનમની વાસના છે. આ ભવે પૂરી થાય તો ઠીક, નહિ તો આવતા ભવે. જ્યાં સુધી પૂરી નહિ થાય ત્યાં સુધી જનમ-મરણ કર્યા કરીશ; એ મારી જીવન-યાત્રા થશે.'

સિદ્ધરાજ પોતાની માતાની મહાનુભાવતાને વંદી રહ્યો. એ દોડીને માતાના ચરણમાં પડ્યો ને ચરણરજ માથે ચઢાવતો બોલ્યો :

'મા ! તારા પુત્ર હોવાનું મને એક તરફ અભિમાન થાય છે, ને બીજી તરફ અફસોસ પણ થાય છે. અભિમાન એ માટે કે કેવી મહાન માતા ! ને અફસોસ એ માટે કે કેવો લઘુ પુત્ર ! મા ! આજથી આ કર માફ. રંક-અમીર એકસાથે યાત્રા કરે, રોકટોક વિના યાત્રા કરે ! પુણ્યના પડિયા ભરે ! ભવનાં ભાતાં બાંધે !'

'પંચકૂલ !' સિદ્ધરાજે બૂમ પાડી. એ અવાજમાં દેવાલયની ઝાલર જેવો પવિત્ર રણકો હતો.

દાણખાતાનો ઉપરી પંચકૂલ કહેવાતો. એ હાથ જોડતો સામે આવીને ઊભો. એના હાથમાં ઇજારાનો કરાર હતો. ઓછાવત્તા નહિ પણ પૂરા બોતેરે લાખ એણે રાજને ભર્યા હતા.

સિદ્ધરાજે એ કરારને હાથમાં લીધો, એના ચીરેચીરા કરી નાખ્યા અને હુકમ કર્યો :

'તમારું નુકસાન રાજ આપશે. અત્યારે જ થાણું ઉપાડી લો. અઢારે આલમ ભલે છૂટથી યાત્રા કરે. જય સોમનાથ !'

મીનલદેવી પુત્રની ઉદારતા જોઈ રહ્યાં. એ હરખાયાં ને બોલ્યાં :

'બેટા, સંસારમાં તારી કીર્તિ અવિચળ રહે તેવું કામ તેં કર્યું છે ! તારા આ એક કામથી તારી અને મારી સાત પેઢી તરશે. પરબનાં પાણી ને તીરથનાં ધામ હમેશાં છૂટાં જોઈએ. તને કોણ લઘુ કહે ? તું તો મહાનનો મહાન છે. ચિરંજીવ થા બેટા, ને ધર્મથી રાજ શોભાવ ! ભગવાન સોમનાથ તને બાંહ્ય સાહીને ઉદ્ધારશે !'

માતા અને પુત્ર આગળ વધ્યાં.

થોડા દિવસે સોમનાથ પહોંચ્યાં.

વાહ સોમનાથ દેવ ! સવાલાખના પૂજાપાથી પ્રભુને પૂજ્યા.

તુલાપુરુષનું દાન દીધું.

ગજદાન દીધાં, ગૌદાન દીધાં, ભૂમિદાન દીધાં.

એ દહાડે સિદ્ધરાજ જયસિંહની ઉદારતાનો દેશમાં ડંકો દેવાઈ ગયો.

ઠેરઠેરથી યાત્રાળુઓ સોમનાથનાં દર્શને ઊતરી પડ્યાં !

ભીડ તે કેવી ભીડ !

એ ભીડમાંથી રાજ સિદ્ધરાજની ઉદારતાના જયનાદો ગુંજી રહ્યા !

રાજા હજો તો આવા હજો !

જાણે દાનેશ્વરી કર્ણનો જ અવતાર !



# ૧૦

# વગર તલવારે ઘા

સાચા રાજાના નસીબમાં સુખ હોતું નથી !

હજી યાત્રા પૂરી થાય છે, દાન અપાય છે, આશીર્વાદ લેવાય છે, ત્રિવેણી નવાય છે, દેવસેવા થાય છે, ત્યાં સમાચાર આવ્યા.

પાટણનો દૂત પવનવેગી સાંઢણી પર ચઢીને આવ્યો; સમાચાર લાવ્યો.

સમાચાર તે કેવા ?

અંગારાની પથારી પર પગ મુકાઈ જાય, અને માણસ ચીસ પાડી ઊઠે એવા !

સિદ્ધરાજ ત્રિવેણીમાં નાહતો હતો, એ ત્યાં જ ઊભો રહી ગયો. એના અંગઅંગમાં જાણે લાય લાગી. ત્રિવેણીનાં પાણી પણ એ લાય શાંત ન કરી શક્યાં !

ચંદનનાં ક્યોળાં એમ ને એમ રહી ગયાં !

પુરોહિતો આશિષવચન બોલતા હતા. રાજાએ તેઓને ચૂપ રહેવા ઇશારો કર્યો.

એ બહાર નીકળ્યો - ઘાયલ વાઘ બોડમાંથી નીકળે તેમ.

કપડાં પહેર્યાં ન પહેર્યાં ને માતા પાસે પહોંચ્યો. મા પાસે જઈને અકળાતો બોલ્યો :

'મા ! મા ! સિદ્ધરાજ જીવ્યો ન જીવ્યો બધું સરખું થઈ ગયું !'

માતા દીકરાને જાણતી હતી, એના સ્વભાવને જાણતી હતી. એ એકદમ નજીક આવી ને બોલી : 'શું થયું મારા સિંહને ?' બોલનારા બોલી રહ્યા. મારા જયસિંહનું તો જીવ્યું પ્રમાણ છે ! ભૂત જેવા ભેંકાર બાબરા સિદ્ધને હરાવ્યો ! સાવજની બોડ જેવું સોરઠ જીત્યું, ને બોતેર લાખનો કર માફ કર્યો ! બીજો જયસિંહ છે ક્યાં ? આજ ભગવાન સોમનાથદેવ મારા દીકરાની ભેરમાં ખડા છે !'

'મા ! ખોટી વાત કરીને મને ચઢાવ મા ! પુરોહિતોને કહી દે, મારાં વખાણ ન કરે ! મને એ કડવાં ઝેર જેવાં લાગે છે.' સિદ્ધરાજ નાનો છોકરો ચીડે બળે તેમ બોલ્યો.

'પણ કારણ શું છે.' મીનલદેવીએ પૂછ્યું.

'મા ! માળવાનો રાજા મારું નાક કાપી ગયો !' સિદ્ધરાજે કહ્યું.

'એક ખેંગાર કાપવા આવ્યો હતો, પણ બિચારો જીવથી ગયો ! વળી બીજાને સિંહની બોડમાં માથું ઘાલવાનું મન ક્યાંથી થયું ? બેટા ! મરદોનાં નાક તો કદી કપાતાં નથી.'

સિદ્ધરાજ વધુ કોપે ભરાણો. એ બોલ્યો : 'મા ! તું માતા છે. દીકરાના દોષ તું જોઈ ન શકે. એક આગમાં બીજી આગ ભળી છે.'

મીનલદેવી કહે : 'મને ચોખ્ખું કહે. દીકરા ! હું પુત્રનો દેહ જોઈ રાજી થનારી માતા નથી. દીકરાના કર્તવ્યદેહને પૂજનારી મા છું. દીકરાને શસ્ત્ર સજાવી સમરાંગણે મોકલનારી મા છું. બેટા ! મેં ગોદમાં કૂકડા પાળ્યા નથી, સિંહ ઉછેર્યા છે.'

સિદ્ધરાજ કહે : 'મા ! માલવાનો રાજા મારું નાક કાપી ગયો, એ તો જાણે પારકો હતો; પણ આપણા મહાઅમાત્યે પાસે રહીને કપાવરાવ્યું એનું મને દુ:ખ છે.'

મીનલદેવી કહે : 'મહાઅમાત્ય સાંતૂદેવ તો ગુજરાતના વફાદાર મંત્રી છે. આ દેશમાં બીજા એવા અમાત્ય નથી. તારા પિતા નાની ઉંમરમાં ગુજરી ગયા. હું રાજની બિનઅનુભવી. રાજ જાળવ્યું હોય તો આ સાંતૂ મંત્રીએ. આ રૂડા દહાડા દેખ્યા હોય તો સાંતૂ મંત્રી અને પાટણના બીજા મંત્રીઓને આભારી છે.'

'મા ! મંત્રીએ ધણીની હજાર સેવાઓ કરી હોય, તો એનો બદલો માગે, પણ ધણીનું માથું તો ન કાપે !'

મીનલદેવી પાસે જઈને રાજાને પંપાળતાં ધીરેથી બોલ્યાં : 'વત્સ ! એણે જે કર્યું હશે, એ રાજના હિતમાં કર્યું હશે. એક ખાનગી વાત કહું : તારા પિતાને હું અણગમતી હતી. હુંય તારી જેમ માનનું ઘોયું હતી. જીવવું તો માનથી, નહિ તો મોત સારું. હું તો બળી મરવાની તૈયારીમાં હતી. આ મંત્રીએ અને રાજમાતા ઉદયમતીએ મને ધીરજ આપી, અને રાહ જોવા કહ્યું. આખરે ઘીના ઠામમાં ઘી પડ્યું. રાજાને નીતિ પર ચલાવનાર એ જ મંત્રી હતા. એ ન હોત તો બેટા, તું પણ ન હોત. અમારો મનમેળ કરાવનાર એ હતા. પાટણના સેવકોની વફાદારીમાં શંકા, એ પોતાની જાત તરફની શંકા છે. માંડીને મને વાત કહે.'

સિદ્ધરાજ માતાની વાત સાંભળી કંઈક ઢીલો પડ્યો. એ બોલ્યો :

'મા ! દૂત સમાચાર લાવ્યો છે. માળવાનો રાજા નરવર્મા લાગ જોઈને બેઠો હશે. આપણે આમ આવ્યાં અને એ પાટણ પર ધસી ગયો. આજુબાજુનાં ગામડાંને હેરાન કરવા લાગ્યો.'

મીનલદેવી કહે : માળવાના રાજા હજી મન મેલું જ રાખી રહ્યા છે. એને ખોડ ભુલાવવી પડશે. હાં, પછી શું બન્યું ?'

સિદ્ધરાજ કહે : 'મહાઅમાત્યે માલવપતિને કહેવરાવ્યું કે તમારે રાજ જોઈએ, તો દરેક ગુજરાતી બચ્ચો લડવા તૈયાર છે; એમાં કંઈ સાર કાઢશો નહિ; વળી બિલાડીના જેવા છાનામાના ઘી ચાટનાર કહેવાશો એ વધારામાં. તમારે ધન જોઈએ, તો પાટણ તમને ધન પૂરું પાડવા તૈયાર છે.'

'હાં, પછી માલવપતિએ શું કહ્યું ?' મીનલદેવીએ પૂછ્યું.

'એણે કહ્યું : મારે ધન જોઈએ છે, ધન આપે તો પાછો ફરી જાઉં. મહામંત્રીએ પાટણના ખાધવાળા ખજાનામાંથી અને પાટણના શ્રીમંતોના

ઘરમાંથી ધન લઈને તેને પાછો વાળ્યો. કેવું અપમાન ! આ તો હું માલવાની ખંડણી ભરનારો રાજા થયો.'

'તે બેટા, માલવાને ભરી પી ! અવંતીનાથ બની જા ! તારા છોગામાં એક છોગું વધુ ઘાલ. બહાનું સરસ છે. ખરાબમાંથી સારું તારવે એ જ ખરો મુસદ્દી. જે વખતને અને વાને પલટી શકે એ જ સાચો ધીર.' મીનલદેવીએ પુત્રને પાનો ચઢાવ્યો.

'મા ! તાબડતોબ પાટણ પહોંચીએ. મારે જલદી નિર્ણય લેવો છે.'

'હું જાણું છું. ત્યાં સુધી તને ખાવું-પીવું નહિ ભાવે.' મીનલદેવીએ કહ્યું, અને હુકમ કર્યો : 'ચાલો, ઝટ સવારી ઉપાડો. વહેલું આવે પાટણ.'

ગણતરીના વખતમાં તંબુઓ, રાવટીઓ સમેટાઈ ગયાં, અને બધાં પાટણ તરફ વળી ગયાં.

ન રાત જોવની, ન દિવસ. ન ટાઢ જોવાની, ન તડકો !

કૂચ ખૂબ જ ઝડપી હતી.

રાજા સિદ્ધરાજની આંખોમાં અંગારા ભર્યા હતા. કોઈ એની આંખ સાથે આંખ માંડી ન શક્તા. એના મોંમાં જાણે જ્વાલામુખી બેઠો હતો. એને બોલાવવો પણ મુશ્કેલ હતો.

રાજા વારંવાર એક જ વાત કરતો :

'મારું અપમાન ! મારી ગુજરાતનું અપમાન !

એને સજા ન કરું તો જીવ્યું ન જીવ્યું સમાન !

થોડા વખતમાં બધાં દડમજલ કૂચ કરતાં પાટણમાં આવી પહોંચ્યાં. મહાઅમાત્ય તેમના સ્વાગતે સામે ગયા, પણ રાજાનો રોષ ભયંકર હતો. એ ન હસીને બોલ્યો, ન કંઈ વાત કરી.

એ જ બપોરે દરબાર ભરાયો.

રાવ-રાણાઓને નોતરાં ગયાં હતાં. દરબાર હકડેઠઠ ભરાયો હતો.

મહાઅમાત્યે પોતાનું નિવેદન રજૂ કરતાં કહ્યું : 'નરવર્મા આવ્યો ત્યારે પાટણના કુશળ યોદ્ધાઓ પ્રવાસમાં હતા. રાજમાતા કે રાજા પણ પાટનગરમાં નહોતાં. યુદ્ધ આપવાનો નિર્ણય કઈ રીતે લેવો એ પ્રશ્ન હતો. અલબત્ત,

પટ્ટણીઓ તૈયાર હતા. પણ માત્ર ઉત્સાહ કે ભક્તિથી લડાઈ જિતાતી નથી. અને એક વખત લડાઈ જાહેર કર્યા પછી તરત સમેટાતી પણ નથી. સો વાર વિચાર કરીને પગલું ભરવું ; અને ભર્યા પછી પાછું ન મુકાય એ જોવું. આ અંગે સલાહ લેવા લાયક અહીં કોઈ નહોતું. મેં મારા મનની સલાહ લીધી. મને લાગ્યું કે એક રાતે વહાણું વાશે નહિ, એટલે મેં પાટણના લાખેણા જુવાનોનું લોહી વહેવરાવવાને બદલે સંધિ કરી. મહારાજ ! હવે આપ આજ્ઞા આપો તે મને પ્રમાણ છે !'

સિદ્ધરાજે કેસરી સિંહ જેવી ગર્જના કરતાં કહ્યું : 'મહામંત્રી ! કેસરિયાં કરવાં હતાં ને ? રજપૂતો દેહમાં જીવતા નથી, યશમાં જીવે છે.'

મહામંત્રી બોલ્યા : 'હું લડવૈયો છું, પણ વૈશ્ય છું. કેસરિયાં કરવાં મને ન સૂઝે ! નહિ તો આપ જાણતા જ હશો કે ગિજનીના સુલતાન સામે લડવા ગુજરાતી સેનાને સિંધુ સુધી દોરનાર આપનો આ સેવક જ હતો. માત્ર મરવામાં બહાદુરી નથી ; મરવાથી કંઈ અર્થ સરતો હોય, તો એક પણ ગુજરાતી પાછી પાની ન કરે.'

સિદ્ધરાજ રોષમાં હતો. એ મહાઅમાત્ય જેવાનું ભરસભામાં અપમાન કરી બેસશે, એમ સહુને લાગ્યું. એને માટે માન ખોવા કરતાં જીવ ખોવો ઉત્તમ હતો.

સિદ્ધરાજ કંઈક અવિચારી બોલી ન બેસે, કંઈ અવિચારી નિર્ણય ન લઈ બેસે, એ માટે મીનલદેવી બોલ્યાં :

'સિદ્ધરાજ ! પેલું નીતિસૂત્ર તો તું ભણ્યો જ છે. વત્સ ! જ્યાં વૃદ્ધો નથી, એ સભા નથી. જે ધર્મપૂત બોલતા નથી, એ વૃદ્ધ નથી. જેમાં સત્ય નથી, એ ધર્મ નથી. અને જે વ્યવહારુ નથી, એ સત્ય નથી !'

સિદ્ધરાજ જંજીરથી જકડાયેલા કેસરીની જેમ બૂમ પાડી ઊઠ્યો : 'મા ! મને પાછો ન પાડ !'

મીનલદેવી કહે : 'સાચી મા સાવજને ખડ ખાવાનું ન કહે. બેટા ! ગુર્જરેશ્વરનાં ઘોડાં સિંધુનાં પાણી પીતાં હતાં અને હજી પણ પીશે. દે નગારે ઘાવ ! શું કરવા વાર કરે છે ?'

સિદ્ધરાજ સભામાં તલવાર ખેંચીને ઊભો થઈ ગયો અને બોલ્યો :

'સંસારમાં મારે બે પૂજનીય છે : એક સોમેશ્વરદેવ, અને બીજાં માતા મીનલદેવી ! બંનેની સમક્ષ પ્રતિજ્ઞા કરુંછું કે મારું, મારા દેશનું અપમાન કરનાર રાજાની ચામડી ઉતરડી એનું મ્યાન બનાવીશ, ત્યારે જ આ ખુલ્લી તલવાર મ્યાન કરીશ !

સભા પ્રતિજ્ઞા સાંભળી નાચી ઊઠી. સભાજનો રાજાનો જય બોલાવવા જતા હતા, ત્યાં સિદ્ધરાજનો અવાજ આવ્યો :

'આ યુદ્ધમાં આગેવાની હું લઈશ. મારી સાથે મહામંત્રી મુંજાલ, મહામંત્રી કેશવ અને મહામંત્રી મહાદેવ રહેશે. અને બર્બરક....'

જેનાં નામ લીધાં તે બધા ઊભા થઈને હાથ જોડી રહ્યા.

બર્બરક ઊભો થયો, પણ આગળ ન આવ્યો : પાછળથી બોલ્યો :

'માળવા સુધીનો માર્ગ તૈયાર કરવાનું કામ મારું. વચ્ચે-વચ્ચેના દુર્ગ, વાવ ને તળાવો જોતજોતામાં તૈયાર થઈ જશે !'

'અને મહારાજ જયસિંહદેવ ! મને શી સજા ? મહાઅમાત્ય સાંતૂ ઊભા થઈને માથું નીચું ઢાળીને બોલ્યા.

સિદ્ધરાજ પોતાના વફાદાર મંત્રીની આ નમ્રતા જોઈ ઢીલો પડી ગયો. એ આગળ વધ્યો ને ભેટી પડ્યો.

'તમે પાટણને આજ સુધી જાળવ્યું છે અને હવે પણ જાળવજો ! વૃદ્ધ છો, વડીલ છો ! છોરું-કછોરું....'

સાંતૂમંત્રી* રાજાની ઉદારતા જોઈ ગળગળા થઈ ગયા. એ બોલ્યા : 'ગમે

---

* મહાઅમાત્ય સાંતૂ વડોદરાના વતની હતા. રાજકાજમાં ભારે નિપુણ હતા. પ્રસિદ્ધ મંત્રી યૌગંધરાયણથી પણ ચઢિયાતા મનાતા. એમના મંદિરમાં પ્રસિદ્ધ કવિ બિલ્હણે રચેલું 'કર્ણસુંદરી' નાટક ભજવાયું હતું. ગુજરાતના રાજાનો કર્ણાટક સાથે વિવાહ સંબંધ કરાવી, બંનેનો રાજદ્વારી સંબંધ ગાઢ કરવાની નીતિ આ મંત્રીની. ગિજનીના સુલતાન સામે પણ સિંધુ નદી પર લશ્કર મોકલેલું.

**- રત્નમણિરાવ**

શ્રી. મુનશીએ કર્ણ રાજા અને મીનલ વચ્ચે સુમેળ કરનાર તરીકે મુંજાલનું નામ આપ્યું છે, પણ ઇતિહાસની રીતે એ સાંતૂ છે.

તેવા હો, પણ મારે મન રાજા છો. ઇચ્છા એક જ છે કે ગુજરાતની સેવા કરતો-કરતો રણના સાથરે સૂઉં.'

'તમારા જેવા વીરો પર મને ગર્વ છે !' સિદ્ધરાજે કહ્યું ને સભા બરખાસ્ત કરી.

દીકરો માત્ર વીરતાનો અવતાર જ નથી, વિવેકનો અવતાર છે, એ જોઈ મીનલદેવીની આંખો આંસુથી છલકાઈ ગઈ.

હર્ષના ને ઉત્સાહના અવાજો વચ્ચે સભા દરખાસ્ત થઈ.

ટૂંકા દહાડામાં ગુર્જરસેના માળવા તરફ કૂચ કરી ગઈ.



૧૧

# જનતાની જય

ગુજરાતની સેના માળવા સામે યુદ્ધે ચઢી. મા ગુર્જરીનો સાદ પડ્યો હતો. ગુજરાતની ગયેલી કીર્તિને પાછી લાવવાની હતી. એવે વખતે ઘેર કોણ બેસી રહે ?

ખેડૂતોએ ખેતર મૂક્યાં ને ખડગ લીધાં. મજૂરોએ હથોડા મૂક્યા ને હથિયાર લીધાં.

વેપારીઓએ ત્રાજવાં મૂક્યાં ને તલવાર લીધી. બ્રાહ્મણોએ પૂજા પાઠ મૂક્યા ને લશ્કરી ગણવેશ સજ્યા.

પાટણની સાગર સમી સેના માલવા તરફ કૂચ કરી ગઈ. મહારાજ જયસિંહદેવે વિદાય વખતે સંદેશો પાઠવ્યો :

'પાણી પરમેશ્વર છે. પ્રભુના કામમાં વિઘ્ન ન પડે તે જોશો.'

'નહિ પડવા દઈએ. તું આવીશ ત્યારે સરોવર લહેરિયાં લેતું હશે, ને પાટણનો પાણીનો ત્રાસ પરવારી ગયો હશે.'

રાજમાતા મીનલદેવી અને મહાઅમાત્ય સાંતૂએ આ કામની જવાબદારી

સંભાળી લીધી.

મયવંશજ માયા હરિજને તો કેડ બાંધી હતી. ઠેરઠેરથી લોકોને કામ કરવા નોતર્યા હતા.

વહેલી સવારે સરોવરનું કામ શરૂ થતું, સાંજ સુધી ચાલતું. રોજ ખોદેલી માટીના ડુંગર રચાતા.

લોકોનો ઉત્સાહ ઘણો હતો, પણ હવે પાટણના ખજાનાનું તળિયું દેખાતું હતું.

રોજ ન જાણે કંઈ કેટલાં માણસ કામે આવે. કીડિયારાં ઊભરાયેલાં જોઈ લો. સાંજે એને લાખોના મોંએ મજૂરી ચૂકવવી પડે !

અને પાટણના ખજાનાને ઘા પર ઘા વાગ્યા હતા. છેલ્લે છેલ્લે બોતેર લાખના કરની માફીએ તો ખરો ઘા માર્યો હતો. ખજાનો સાવ ખાલીખમ ! તળિયાં ઝાટક તિજોરી ! હવે શું થાય ? કટોકટી આવીને ઊભી રહી.

રાજમાતા મીનલદેવી શંકામાં પડી ગયાં : કામ પૂરું થશે કે નહિ ! એ પહેલાં સિદ્ધરાજ આવી ગયો તો ? મહેતા પણ વિચારમાં પડી ગયા : હવે આગળ કેમ વધવું ? એક તરફ સવારીનો ખર્ચ પણ સરોવર જેટલો જ ચાલુ હતો !

માયો હરિજન ઝડપ કરતો હતો. એ તો દેશદેશથી માણસો તેડાવતો, ને કામ આગળ વધારતો. કામમાં ઊંઘ કે આરામ જોવાનો નહિ ! વળી માલવાનું યુદ્ધ જલદી પૂરું થાય ને મહારાજ સિદ્ધરાજ જલદી આવી પહોંચે તો ?

સરોવર પૂરું ખોદાઈ ગયું. કાંઠા બંધાઈ ગયા. સુંદર ઘાટ પણ રચાઈ ગયા.

હવે સરસ્વતીમાંથી નહેર વાટે પાણી લાવવાનું કામ બાકી હતું. નહેરો પણ ખોદાવા માંડી હતી.

માર્ગમાં રસ્તા આવતા, ત્યાં પુલ બંધાતા. પડખેનાં ખેતરોમાં પાણી પેસી ન જાય, એ માટે પાળા રચાતા.

પણ દરેક કામમાં પૈસો પહેલો જોઈએ; અને કામ કરનારા એવા કે એક દહાડો પણ ઉધાર ન ચાલે. એમની પાસે સવારનું હોય તો સાંજનું ન હોય, સાંજનું હોય તો સવારનું ન હોય ! કામ કરનારને ખાવા તો જોઈએ ને ! ખાધા

વગર કામ કેવી રીતે થાય ?

પટ્ટણી સગાળશા ફરી વાર સાંતૂ મહેતાની મુલાકાત લઈ ગયો. એણે આજીજી કરી :

'આ સરોવરમાં મારો ફાળો લો.'

સાંતૂ મહેતાએ ના પાડી. એ પોતાના રાજાની કીર્તિમાં જરા પણ કલંક આવવા દેવા માગતા નહોતા. રાજ બાંધે; રાજનું નામ રહે.

રાજમાતા મીનલદેવી આજ વહેલી સવારે પાલખીમાં સાંતૂ મહેતાને ઘેર આવ્યાં અને દાબડો ખાલી કરતાં કહ્યું :

'મંત્રીરાજ ! લો આ સુવર્ણ ! જોજો, સરોવરનું કામ ન થંભે !'

'રાજમાતા ! આ શું ?

'સિદ્ધસરોવર માટે. મેં યાત્રાના કરની ભારે કમાણી ખોવરાવી. હવે મારા પુત્રનું કામ અધૂરું રહે, એ ન શોભે. જનતાની પાઈ ન લેશો. સિદ્ધરાજનું મન કોચવાશે.'

સાંતૂ મહેતા શું કહે ? આભૂષણો લીધાં; સોનાં ગોળ્યાં.

પણ એ સોનાં થોડા દહાડામાં માટીની પાછળ માટી થઈ ગયાં. ફરી પૈસાની ખેંચ આવીને ઊભી.

માયો હરિજન એક દહાડો સવારે મહામંત્રીના આંગણે આવ્યો. એ ચરણમાં ઝૂકતાં બોલ્યો :

'મહેતાજી ! કામ આપનાર બધા લાકોએ નિશ્ચય કર્યો છે, ને માગણી મૂકી છે કે અમને પૈસાને બદલે રાજ રોટલો ને છાશ આપે. અમારે પૈસા જોઈતા નથી. પેટવડિયા કામ કરીશું. માલવા જીતીને મહારાજ આવે ત્યારે ગમે તે સરપાવ આપજો.'

સાંતૂ મહેતા પાસે આનો કંઈ જવાબ નહોતો. એમણે છાશ રોટલાનું ખાતું ખોલ્યું.

પણ કામ તો ભારે નીકળ્યું ! જેમ જેમ હળવું કરતા ગયા, એમ એમ ભારે થતું ગયું ! નહેરો કઠણ નીકળી. પુલ ધાર્યા કરતાં વિશેષ નીકળ્યા. મૂંઝવણ, મૂંઝવણ ને પાર વગરની મૂંઝવણ !

એક દહાડો પાટણ અને એની આસપાસની અઢારે વર્ણ એકઠી થઈ ને સાંતૂ મહેતા પાસે આવી. તેઓએ કહ્યું :

'અમે રોજ એક પ્રહર મજૂરીએ આવીશું. રાજનું કામ એ પ્રજાનું કામ !'

સાંતૂ મહેતા લાચાર બની ગયા હતા. એમને માથે બેવડી ઉપાધિ હતી. માળવાનો ઘેરો લંબાયો હતો. લશ્કરનાં ખાતાં તો ભારે. એનું ગમે તેમ કરીને પણ પૂરું કરવું પડે. એમાં ન ચાલે. તેઓએ પ્રજાની સેવા સહર્ષ સ્વીકારી લીધી.

કામ ધમધોકાર ચાલવા લાગ્યું, પણ કામનો છેડો હજીયે ન દેખાયો તે ન જ દેખાયો. માર્ગમાં, પાળા ને પુલે ખૂબ સમય લીધો. હવે તો જેઠ મહિનો બેઠો હતો, ને દિવસ ગરભાવા લાગ્યો હતો.

જ્યોતિષીઓએ વર્તારો કાઢ્યો કે ' આ વખતે વરસાદ શ્રીકાર છે. સરોવર તૈયાર હશે તો છલકાશે. પાણીનું દુઃખ પાટણમાંથી સદાનું જશે!'

રાજમાતાને આ વર્તારાએ વધુ ચિંતાતુર બનાવ્યાં. એક તો પોતાની વૃદ્ધ ઉંમર, એમાં પુત્ર પરદેશ. ત્યાંના પણ સારા સમાચાર નહિ; અને આ તરફ સરોવરની આ હાલત !

ભલી રાજમાતાનું હૈયું ગાઢ નિરાશામાં પોચું પડી ગયું, ને એક દહાડો બેઠાં-બેઠાં, ભગવાન સોમનાથની માળા ફેરવતાં ફેરવતાં, એ પંચત્વ પામી ગયાં !

આવી રાજમાતા કોઈએ જોઈ નહોતી, અને હવે જોવાના નહોતા. મૂળે દક્ષિણનાં રાજકુંવરી, પણ મનમાં ગુજરાત વસી ગયેલું. દક્ષિણ-પશ્ચિમના ભેદ મનમાં કદી નહિ. સોમનાથ દેવનાં પરમ ઉપાસિકા !

એ દહાડે પાટણમાં એકે દીવો ન પ્રગટ્યો; એકે ચૂલો પણ ન સળગ્યો. આખું શહેર નાહવા ઊતર્યું ! સહુને પોતાના કુટુંબનું વડીલજન ગયા જેટલો શોક થયો.

સાંતૂ મંત્રીએ એક ઘોડેસવાર સાથે રાજમાતાના મૃત્યુનો સંદેશો માળવા તરફ મોકલ્યો.

ભલાં રાજમાતાના મૃત્યુનો ઘા આ વૃદ્ધ મંત્રીને હૈયે વધુ લાગ્યો. એ પણ પોતાનો રાજા પાછો આવે, એટલે આ રાજકાજની ધૂંસરી છોડી દેવાનો નિશ્ચય કરી બેઠા !

સિદ્ધરાજ મહાન માતૃભક્ત હતો. એને પોતાની માતામાં સોમનાથદેવ જેટલી શ્રદ્ધા હતી. એને માતાનો આઘાત વધુ ન લાગે, એ માટે સાંતૂ મહેતાએ મહાન ગુરુજ્ઞાનદેવ પાસે, કવિ પાશુપતાચાર્ય પાસે જાજાતના સંદેશા લખાવ્યા; પ્રજ્ઞાચક્ષુ કવિ શ્રીપાળને સ્વયં ત્યાં મોકલ્યા. એમણે સંસારની નશ્વરતાનું સુંદર ચિત્ર દોરીને તૈયાર રાખ્યું.

સાંતૂ મહેતા આ વ્યવસ્થામાં પડ્યા હતા, ત્યાં સિપાઈઓ એક માણસને પકડીને લાવ્યા. તેઓએ નિવેદન કર્યું કે,

'શ્રેષ્ઠી સગાળશાનો હસ્તમલ્લ નામનો આ પુત્ર છે. એણે અહીંની એક નગરકન્યાનું કર્ણફૂલ ચોર્યું છે !'

સાંતૂ મંત્રી એ જુવાન સામે જોતાં બોલ્યા :

'કેમ, તેં નગરકન્યાનું કર્ણફૂલ ચોર્યું છે ?'

'જી હા.' હસ્તમલ્લે કહ્યું.

'શા માટે.?

જવાબમાં હસ્તમલ્લ બેફિકરું હસ્યો.


ગુનો કરવો ને પાછી આવી બેફિકરાઈ બતાવવી ! સાંતૂ મહેતાને એ ન રુચ્યું. એમણે હુકમ કર્યો.

'ઓહ ! દીવા નીચે કેવું અંધારું ! હસ્તમલ્લ ! તને કુદરતે હાથ આ માટે આપ્યા હશે, કાં ? અરે, એ પાપીના હાથ જ કાપી નાખો !'

આ વખતે સગાળશા શેઠ હાજર થયા. એમણે કહ્યું :

'છોરું કછોરું થયું. એક વાર માફ કરો ! આપ ચાહો તેટલો દંડ કરો ! અબઘડી ભરી દઉં !'

સાંતૂ મહેતા વિચારમાં પડી ગયા. એમણે સલાહકારમંડળ નોતર્યું. બધાએ ખૂબ ચર્ચાઓ કરી. આખરે એવું ઠર્યું કે આવા ગુનાની સજા, અને એમાંય શક્તિસંપન્ન શ્રીમંતપુત્ર આવો ગુનો કરે ત્યારે એની સજા, તો કડક થવી જોઈએ : હાથ જ કાપી નાખવા જોઈએ, જેથી ફરી કોઈ આવું કામ કરવાની હિંમત ન કરે. પણ સમયને માન આપવામાં માનતી મંત્રીસભાએ રાજની ખાલી થયેલી તિજોરીનો વિચાર કર્યો; અને છેવટે હસ્તમલ્લની નાની ઉંમર જોઈને



સાંતૂ મહેતા જનતાની જય બોલાવી રહ્યા.

એને અંગવિચ્છેદની કોઈ સજા કરવાને બદલે ત્રણ લાખ રૂપિયાનો દંડ કર્યો.

શ્રેષ્ઠી સગાળશાએ તરત દંડ લાવીને હાજર કર્યો.

ત્યાં તો નગરકન્યા તરફથી કહેણ આવ્યું :

'એ પાપના પડછાયાથી અપવિત્ર થયેલું કર્ણફૂલ મારે ન ખપે. રાજ એનું માલિક છે.'

સાંતૂ મહેતાએ આનાકાની કરવા માંડી; પણ કન્યાએ ના જ કહેવરાવી. સાથે કહ્યું.

'આ કર્ણફૂલ પહેરું, તો મારો ભાવી ભરથાર મને સ્વીકારવા તૈયાર નથી ! આ કર્ણફૂલ રાજ સ્વીકારે એમાં મારી સલામતી છે.'

સાંતૂ મહેતા અને બધા મંત્રીઓ મનમાં તો ધન ઇચ્છતા હતા, અને આ તો વગર માગ્યું મળતું હતું, એટલે વાત ત્યાં અટકી ગઈ. હવે પાટણના ખજાનામાં કંઈક જીવ આવ્યો. રાજભંડારી રૂપિયા લઈ મજૂરોને આપવા ગયો, ત્યારે માયા હરિજને કહ્યું :

'અમારા મજૂરો આમાંનું કંઈ નહિ સ્વીકારે. અત્યારે છાશ- રોટલાનું કરો છો, એ ઘણું છે. બને તો ગોળનો ગાંગડો સાથે આપો. કામ કરનારને ગોળ બળ આપે છે. બાકી બીજું મહારાજ સિદ્ધરાજ આવીને આપશે.'

બધાનાં મન ઉચ્ચ કર્તવ્યભાવના પર ઝૂલી રહ્યાં હતાં. સાંતૂ મહેતા આ મહાન પ્રજાને મનોમન વંદી રહ્યા, ને બોલ્યા :

'જનતાની જય !'

એ જયકારના પડઘા આકાશે જઈને ગાજ્યા.

શ્રાવણના આભમાં વાદળ ઘેરાણાં.

ગર્જનાના ઢોલ પિટાયા.

મુશળધારે મેઘ વરસ્યા.

સરસ્વતીમાં પાણી આવ્યાં. નહેરો વાટે જાણે પાટણને પાદર દરિયો આવ્યો. સરોવર ચારે કાંઠે છલકાઈ ગયું !


પાણી હિલોળા લેવા લાગ્યાં !

પાટણના દેદાર ફરી ગયા, હવા ફરી ગઈ, ભૂમિ ફરી ગઈ ! પાણી એ જ પરમેશ્વર ! જાણે સ્વયં ભગવાન એ ભૂમિ પર અવતર્યા. પછી હસી- ખુશીનો શો પાર રહે ! ફૂલવાડીઓ ફોરી. ખેતરોમાં મોલ ઝૂલવા લાગ્યા. લીલીછમ ધ્રો પર મોર રમવા આવ્યા. આંબાવાડિયે કોયલ ગાવા આવી. વનરાજિમાં હરણાં છલાંગો દેવા લાગ્યાં.*

---

* જસમા ઓડણ વિષે 'રાસમાળા' માં એક આધુનિક રાસડો છે. પણ કોઈ લેખી પુરાવાનો આ દંતકથાને ટેકો નથી. અને તેને વિશ્વસનીય ગણવાનું પણ કારણ નથી.

**- શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી**



# ૧૨

## ચાહોમ કરીને પડો

વાદળથી વાતો કરતો ધારાનગરીનો કિલ્લો !

ગુજરાતની સેના એને ઘેરો ઘાલીને પડી હતી. દિવસોના દિવસો વીતી ગયા; મહિના પર મહિના પસાર થઈ ગયા: ને હવે માળાના મણકાની જેમ વરસો પણ વીતતાં હતાં : એક, બે, ત્રણ, ચાર - અરે, ચોથું પણ પૂરું થયું ને પાંચમું બેઠું !

ગુર્જર યોદ્ધાઓ અણનમ હતા, તો માલવ યોદ્ધાઓ અજેય હતા. એક એકથી ચઢે : ઊતરે એવા કોઈ નહોતા !

ગુજરાતની સેનાએ ભયંકર હલ્લાઓ કર્યા, પણ કિલ્લાની કાંકરી પણ ખરતી નહોતી !

આ યુદ્ધમાં ગુજરાતના ભીલો, રબારીઓ અને બીજા લોકો પણ જોડાયા હતા.* બાબરાએ રસ્તા કર્યા હતા, કિલ્લા બાંધ્યા હતા, વાવ-કૂવા ગળાવ્યાં હતાં. અન્નનો તો ક્યાંય તૂટો જ ન હતો. આઠ-આઠ ગાઉની રોજ મજલ કાપીને

* અલાઉદ્દીનના જમાનામાં પણ ગુજરાતી રબારીઓ ને ભીલો ઠેઠ ખુશરૂખાન ગુજરાતીની મદદે દિલ્હી સુધી લડવા ગયા હતા.

પાછળનો બંદોબસ્ત કરતા બધા આગળ વધ્યા.

પાટણ સાથેનો સંબંધ તૂટી ન જાય, એ માટે પંચમહાલ જીતીને એને કબજે કર્યો હતો. ત્યાંના બળવાન ભીલોને લશ્કરમાં લીધા હતા. ને ગોધરા (ગોદ્રહક) માં સૂબા તરીકે મહાઅમાત્ય કેશવને મૂક્યો હતો.

તકેદારીઓ પૂરી રાખી હતી, પણ જીતનાં નિશાન હજી ક્યાંય દેખાતા નહોતાં.

મહારાજ સિદ્ધરાજની એક-એક પળ અત્યંત દોહ્યલી વીતતી હતી.

જીત ન મળે તો સામી છાતીએ લડીને પ્રાણ આપી દેવા, પણ વિજય મેળવ્યા વગર ગુજરાત પાછા ન ફરવું એ ગુર્જરપતિનો નિર્ણય હતો. પરાજય લઈને એમને પાટણનું પાદર જોવું નહોતું. કાં જીત, કાં મોત !

આ વિચારો ચાલતા હતા, ત્યાં પાટણથી રાજકવિ શ્રીપાલ રાજમાતા મીનલદેવીના મૃત્યુનો સંદેશો લઈને આવ્યા.

આ કારી ઘા હતો.

બે ક્ષણ મહારાજ અવાક્ બનીને બેસી રહ્યો : ન રડ્યા, ન કંઈ બોલ્યા.

માણસ શોકના પ્રસંગે કંઈક બોલે તો મન હળવું થાય; રડે તો દિલ ખાલી થાય. નહિ તો શોકના ભારથી માણસ ત્યાં ને ત્યાં દબાઈ જાય

કવિ શ્રીપાલને તો શોક હળવો થાય એ પ્રકારની વાતો કરવા માટે મોકલવામાં આવ્યા હતા; પણ જ્યારે વાતો જ ન થાય પછી બીજું શું થાય ?

આકાશમાં ભરી વાદળી આવીને થંભી જાય, અને પછી ન વરસે, ન ચાલી જાય, ત્યારે કેવો અકળામણભર્યો બફારો થાય છે ! ક્યાંય ચેન ન પડે !

મહારાજ સિદ્ધરાજને એવું થયું. એમણે વધારે કંઈ ન પૂછ્યું. ફક્ત એટલું જ બોલ્યા :

'કવિરાજ ! નિશાન તો બધાં નમતાં લાગે છે, પણ હું માતા મીનલદેવીનો પુત્ર છું. જાણું છું કે મધરાતનાં ઘોર અંધારાં પૃથ્વી પર ન ઊતરે, તો પ્રભાત ન ફૂટે. માણસે ભાગ્યને રોવું ન જોઈએ. માણસનું ભાગ્ય માણસ જ ફેરવી શકે છે, ન કે ગહ-નક્ષત્ર !'

કવિએ પૂછ્યું : 'આપના હૈયામાં શોક તો નથી ને ?'

મહારાજે કહ્યું : 'આજ શોક કરવાની વેળા નથી. માતા મીનલદેવી મારા આ નશ્વરદેહ કરતાં મારા ચિરંજીવ કીર્તિદેહનાં પૂજારી હતાં. મારે માલવાની જીતનો જ વિચાર કરવાનો છે. અને માતા મીનલદેવીનું સાચું શ્રાદ્ધ પણ એ જ છે !'

ત્યાં વળી આજે નવા સમાચાર આવ્યા :

'માલવપતિ નરવર્મા ગુજરી ગયો. નવા માલવપતિ તરીકે યશોવર્મા આવ્યો છે.'

ઓહ ! જેની સાથે વેર હતું, એ પણ ચાલ્યો ગયો ! મહારાજ સિદ્ધરાજના હૃદય પર બીજો ઘા થયો.

સવાલ એ થયો કે હવે શું કરવું ?

લશ્કરમાં ચણભણાટ શરૂ થયો. લાંબા વખતના ઘેરાથી બધા કંટાળી ગયા હતા. પરદેશનાં હવાપાણી ને ખાનપાન હવે માફક આવતાં નહોતાં.

એ વખતે બધી વર્ણ હથિયાર બાંધતી અને યુદ્ધે ચઢતી. સેનામાં કેટલાક ખેડૂત હતા. ખેતી મૂકીને આવ્યા હતા. વણિક યોદ્ધાઓના વેપાર ખોટી થતા હતા; કોઈને ઘર સાંભરતાં હતાં, તો કોઈને બાળબચ્ચાં ! મન છે ને !

અને ખુદ રાજા પણ રાજધાનીમાંથી આટલો વખત ગેરહાજર રહે, તો પાછળ કંઈ કંઈ કાવતરાં જન્મે ! જોકે ગુજરાતનાં એ સદ્ભાગ્ય હતાં કે એના મંત્રીઓ સ્વામીભક્ત હતા. જે દહાડે એ ભક્તિમાં ઓટ આવી, એ દહાડે ગુજરાતની ધજા નમી જાણો.

મહારાજના મગજ પર અનેક જાતના પ્રવાહો આવી-આવીને અથડાવા લાગ્યા હતા.

કેટલાક નમાલા લોકો કહેવા લાગ્યા કે આપણને શકુન સારાં થયાં નથી. જુઓ ને, માતા મીનલદેવી ગુજરી ગયાં, જેને ચરણે આ વિજય ધરવાનો હતો. અને જુઓ ને, માલવપતિ નરવર્મા ગુજરી ગયો, જેની ચામડીનું મ્યાન કરવાનું હતું ! ચાલો પાછા ! વળી સારાં શુકન લઈને ફરી આવીશું.'

કોઈએ વળી અગમ-નિગમ ભાખનારની ઢબે કહ્યું : 'હમણાં શનિની પનોતી છે. વિજયની આશા કઠણ છે.'

આ બધાની સામે મહારાજાએ પડકાર કર્યો : ખબરદાર, જો કોઈ માણસે મારા બહાદુર સૈનિકોને વહેમમાં નાખ્યા છે તો ! પીઠ બતાવવી પાટણપતિ માટે શક્ય નથી. અલબત્ત, કાયરો ઘરભેગા થઈ જાય. ભલે મૂઠીભર માણસો બાકી રહે. મારા એ બહાદુરો હારને જીતમાં પલટી નાખશે'

સિદ્ધરાજ વેશ પલટીને લશ્કરમાં ફરવા લાગ્યા; દરેકની વાતો સાંભળે. આમ એમને બે મોરચે લડત શરૂ કરવી પડી : એક મનના મોરચે અને બીજી માલવાના મોરચે. એક જવાબદાર વ્યક્તિને એમણે એક દહાડો બોલતી સાંભળી :

'અરે ! જેની ચામડીનું મ્યાન કરવાનું હતું, એ ધારાનગરીનો નરવર્મા તો મરી ગયો. હવે લડીને શું ? પછી સીંદરી બળી જાય, પણ વળ ન મૂકે, એનો અર્થ કંઈ નહિ ! માણસ આગ્રહી હોય એ ઠીક છે, પણ હઠાગ્રહી સારો નહિ !'

મહારાજ સિદ્ધરાજને આ વાતોએ ભારે દિલગીર બનાવ્યા. એમણે બપોરે દરબાર ભર્યો, અને સહુની સામે કહ્યું.

'હું જરાય શરમ રાખ્યા વગર કબૂલ કરું છું કે સીંદરી બળી જાય, પણ વળ ન મૂકે એનું નામ સિદ્ધરાજ. કાં વિજય, કાં મોત ! સિદ્ધરાજ માટે ત્રીજો માર્ગ નથી. જેને પાછા જવું હોય એ જાય. હું તો અહીં જીવન અર્પણ કરવા આવ્યો છું. હું હઠાગ્રહી છું, પણ મારી હઠ પાછળ કોઈને હેરાન કરવા માગતો નથી.'

લશ્કરમાંથી પોકાર આવ્યો : 'અમે નિમકહલાલ છીએ. પાછા ફરવાની વાત કોણ કરે છે ?

મહામંત્રી કેશવે ખડા થઈને કહ્યું.

'રણક્ષેત્રમાં પીઠ બતાવીને ગુર્જર સૈનિકો ઘેર જશે, તો ગુજરાતણો એમને કપાળે મેશના ચાંલ્લા ચોડશે, અને છતે પતિએ પોતાને વિધવા માનશે ને ચિતા જલાવી બળી મરશે. પણ એક વાત કરું : આ યુદ્ધ બળનું નહિ કળનું છે. અમે કર્મસચિવો ખાંડાનો ખેલ ખેલી જાણીએ. પણ અહીં કળની જરૂર છે. મતિસચિવ મુંજાલ કંઈક માર્ગ કાઢે !'

મુંજાલ મંત્રી તરત સભામાં ઊભા થયા ને બોલ્યા :

'મને ટૂંક મુદત મળે. મહામંત્રી કેશવરાયની સૂચના મહત્ત્વની છે. મારાથી

થશે તે કરી છૂટીશ. મારે વાઘના મોંમાં માથું મૂકવાનું છે. પણ કોઈ મા ગુર્જરીનો સપૂત મોતથી ડરતો નથી.'

મહારાજ સિદ્ધરાજે કહ્યું : 'મંત્રીરાજ ! તમારી બુદ્ધિને ત્રણ દિવસની મુદત આપું છું. તમારી રાહ જોઈશું. ત્રીજા દિવસની સાંજ નમશે, તે પછી અમે કેસરિયાં કરીશું - આ પાર કે પેલે પાર !'

'જેવી આજ્ઞા !' ને મહામંત્રી મુંજાલ સભામાંથી બહાર ચાલ્યા ગયા. થોડી વારમાં તો છાવણીમાંથી પણ ગુમ ! કંઈ પત્તો જ નહિ ! ક્યાં ગયા ? ક્યાં રહ્યા ? પણ સહુને પાટણના સેવકોમાં ભારે પતીજ હતી : નક્કી કંઈક માર્ગ નીકળી આવશે, ન મધદરિયે સપડાયેલું વહાણ બહાર નીકળી જશે.

એક દિવસ વીત્યો ! કંઈ સમાચાર નહિ.

બીજો દિવસ વીત્યો ! કંઈ ખબર નહિ.

દિવસ વરસ જેટલો લાંબો જતો હતો.

ત્રીજે દિવસે ઊગ્યો. આ છેલ્લો દિવસ હતો ! આજ જીવનનાં સરવાળા-બાદબાકી થઈ જવાનાં હતાં. આજના આકાશમાં ભાગ્યના લેખ લખાવાના હતા.

મહારાજ જયસિંહદેવે સવારથી તૈયારીઓ કરવા માંડી હતી. કેસરિયાંની વાતમાં રજૂપતને ખૂબ આનંદ હોય છે. મહારાજાએ વહેલાં વહેલાં પૂજાપાઠ પતાવી લીધાં, અને ભસ્મનું તિલક કરી એ બહાર નીકળ્યા. છેલ્લી મુલાકાતો કરી લીધી. યોગ્ય સૂચનાઓ પણ આપી દીધી. લડાઈમાં મોત થાય તો પાછળ શું કરવું, એ પણ કહેવાઈ ગયું હતું !

ઘડીએ ઘડી ભારે વીતતી હતી.

લશ્કરને સવારથી તૈયાર રાખવામાં આવ્યું હતું. ગુર્જર સેના- પતિઓ સંદેશાની વાટ જોતા હતા. આજ સ્વામીભક્તિ પર શીશકમળ ચઢાવવાની એમને હૈયે હોંશ હતી.

સૂરજ મધ્ય આકાશમાં આવ્યો. માટીના એક બુરજ પર ચઢી મહારાજ સિદ્ધરાજ ધારાના કિલ્લા પર નજર ફેરવી રહ્યા હતા, ત્યાં એકાએક અજાણી દિશામાંથી એક તીર આવ્યું; આવીને મહારાજના પગ આગળ પડ્યું !

મહારાજે તીર જમીનમાંથી ખેંચ્યું. જમીનમાં પણ ઠીક-ઠીક ઊંડે ઊતરી ગયું હતું. ખેંચીને જોયું, છેડે કંઈક લેખ બાંધેલો હતો. ઉતાવળે લેખ ઉઘાડીને વાંચ્યો.

એમાં સંદેશ હતો :

"ધારાનગરી : દક્ષિણ દરવાજો !

"ઊંટ મૂકીને હાથી હાંકો !

"થાય નહિ કોઈનો વાળ વાંકો !

"ઝટ-ઝટ તમે હાથી હાંકો !"

મહારાજ સિદ્ધરાજે બુરજ પરથી નીચે દોટ દીધી; ઝટ ઝટ સંદેશ આપ્યો : 'કૂચ કરો ! યાહોમ કરો ! વિજય આગળ ઊભો છે !'

ને મહારાજ સિદ્ધરાજના યશપટહ હાથીને આગળ કરવામાં આવ્યો. ગજવિદ્યામાં નિષ્ણાત શામલ નામનો માવત એને દોરવા લાગ્યો.

રડીબામ ! રડીબામ ! નગારે ઘા થયો.

એક ઘડી પહેલાં જ્યાં શાંતિ હતી, ત્યાં દરિયો હલકવા લાગ્યો. સેના તૈયાર જ હતી. સેનાપતિઓ સંકેત મળવાની રાહમાં હતા.

કૂચકદમનાં રણશીંગાં ગાજ્યાં.

મહારાજ સિદ્ધરાજે હાથી પર કૂદકો માર્યો ને હાથી હાંક્યો. આંધીની જેમ લશ્કર ઊપડ્યું

દિશાઓ એકાએક ગાજી ઊઠી : જય સોમનાથ ! હરહર મહાદેવ !

દક્ષિણ દિશાના દરવાજા પર ઊંટ આડાં ઊભાં રાખવામાં આવ્યાં. હાથી યશપટહને દારૂ પિવરાવીને દોડાવ્યો !

ગાંડા હાથીએ દોડીને દરવાજા સાથે માથું ભટકાડ્યું : ધડુમ ! ધડુમ !

દરવાજાને મોટા-મોટા અણીદાર ખીલા ઠોકેલા હતા. એ ખીલા આડા ઊભા રાખેલા ઊંટના શરીરની આરપાર નીકળી ગયા.

ટકાનો ઊંટ ભલે મરી જાય, પણ લાખનો હાથી જીવી જાય : આમાં એ યુક્તિ હતી. હાથી ફરી-ફરી દોડ્યો ને ફરી-ફરી ગંડસ્થલ ભટકાડ્યાં.



માળવાનું ભયંકર યુદ્ધ

અને આકાશમાંથી મેઘગર્જના થાય, વીજળીના કડાકા થાય, એમ દરવાજો તૂટ્યો-કડડભૂસ કરતો જમીન પર પડ્યો !

મહામંત્રી મહાદેવે ભયંકર રણગર્જના કરતાં કહ્યું : મહારાજ ! લડાઈમાં પહેલો મરે જેમ ઊંટ, એમ પહેલો લડે મંત્રી. મંત્રી ઊંટ ને રાજા હાથી. મંત્રીનું ગમે તે થાય, પણ રાજાને ઊની આંચ આવવી ન જોઈએ !

મહામંત્રી મહાદેવે પોતાની સેના સાથે ભયંકર યુદ્ધ આપતાં કિલ્લામાં પ્રવેશ કર્યો, પણ સિદ્ધરાજ પાછળ રહે એવો રાજા નહોતો ! એણે આગેવાની લીધી. ખરાખરીના ખેલ ખેલાવા લાગ્યા.

લડાઈ ભયંકર જામી.

માલવી યોદ્ધાઓ ગોઠણભેર થઈને લડવા લાગ્યા. ગુજરાતી યોદ્ધાઓ નિરાશાથી ને નામોશીથી બચવા માગતા હતા. મરવા કે મારવા સિવાય એમના ચિત્તમાં કંઈ નહોતું !

ભયંકર યુદ્ધ જામ્યું. ત્યાં મહામંત્રી મુંજાલ પાછળથી હલ્લો લઈ આવ્યા : 'જય ગુર્જરેશ્વર !'

'જય સોમનાથ !' આ તરફથી મહારાજ સિદ્ધરાજ અને મહાદેવ મંત્રી આવી ગયા. બંનેની વચ્ચે માલવસેના ઘેરાઈ ગઈ.

કટોકટીનું યુદ્ધ જામ્યું.

કોઈ કોઈથી ઓછું ઊતરે એમ નહોતું. પણ ગુજરાતી યોદ્ધાઓનાં જિગર આળાં હતાં. એમને આજે પાછો પગ દેવાપણું નહોતું.

કાં ફતેહ, કાં મોત !

લડાઈ સવારથી સાંજ સુધી ચાલી !

જે ભાટ-ચારણો લડાઈના મેદાનમાં હતા, એ કહેવા લાગ્યા કે શૂરાઓને લેવા સ્વર્ગની સુંદરીઓ આવી છે. બધી સુંદરીઓ જોઈ રહી છે કે કોણ વધુ શૂરવીર છે ? કોણ વધુ પરાક્રમી છે ? કોણ પાછો પગ દેતો નથી ? અને એવા-એવા શૂરવીરોને શોધીને પછી તેઓ વચ્ચે ખેંચાખેંચી ચાલે છે. એક કહે, હું આને વરું. બીજી કહે, હું આને ! અપ્સરાઓનાં મોં આવા કલહથી રાતાંચોળ થઈ ગયાં છે ! એ માં જોઈ સૂરજ પણ શરમાઈ ગયો છે, ને ખીરસાગરમાં ડૂબી રહ્યો છે !


રાતરાણી આવી. એણે પણ રણમેદાનમાં સાચા તારાની શોધ કરવા માંડી, ને એના નામ પર નવલખ તારાનાં ફૂલ મૂકવા માંડ્યાં !

આખરે આકાશ ગુર્જરપતિની જયથી ગાજી ઊઠ્યું; ગુજરાતી સેનાનો વિજય થયો.

રાજા યશોવર્માએ ખાંડાના અજબ ખેલ બતાવ્યા. એની બહાદુરીએ ભલભલાના ગર્વનું પાણી કરી નાખ્યું. પણ આખરે માલવપતિ ઘેરાઈ ગયો, જખમી થયો અને પકડાયો.

એ કેદ થયો ને યુદ્ધ પૂરું થયું !

સીપ્રા નદીના કાંઠા પર એ દિવસે સૂર્ય આથમ્યો ને મંદિરોમાં આરતી થઈ ત્યારે 'અવંતીનાથ સિદ્ધરાજની જય' ના નાદોથી ચારે દિશાઓ ગુંજી રહી હતી.



## ૧૩

# અવંતીનાથ સિદ્ધરાજની ઉદારતા

પાટણનો પતિ આજ પાટણમાં આવે છે.

સાથે માળવાનો વિજય વરીને આવે છે.

સાથે માલવપતિ યશોવર્માને કેદ કરીને લઈ આવે છે. સાથે માળવાના રત્નભંડારો છે, જ્ઞાનભંડારો પણ છે.

માળવાનું યુદ્ધ અવશ્ય ભયંકર હતું. સિદ્ધરાજે પોતાના સર્વ સામંતોને સાથે લીધા હતા; સર્વ મિત્રરાજાઓને પણ સાથે લીધા હતા; પોતાની સર્વ તાકાતથી માલવસેનાનો સામનો કર્યો હતો. ટૂંકામાં, અઠંગ જુગારીની જેમ એણે એક દાવ પર બધું મૂકી દીધું હતું : યાહોમ કરીને પડો, ફતેહ છે આગે !

નાડોલના ચૌહાણરાજ આશરાજ સાથે મદદમાં હતા.

કિરાડુના પરમાર રાજા ઉદયરાજ પણ સાથે હતા.

આવા તો અનેક હતા. અને અનેકનાં પાણી માળવાના યુદ્ધે માપી લીધાં હતાં. આ યુદ્ધે ગુજરાતની કીર્તિધજા દશે દિશામાં ફરકાવી હતી.

માળવાના વિજયની સાથે માળવાએ જીતેલા મેવાડ, ડુંગરપુર ને વાંસવાડા

પણ ગુજરાતના તાબામાં આવ્યાં હતાં. દૂર-દૂર સુધી ગુજરાતનો કીર્તિધ્વજ લહેરિયાં લેતો હતો. ગુજરાતની સીમા આજ વિશાળ થઈ હતી, ને મહારાજ સિદ્ધરાજ ચક્રવર્તી થયા હતા.

નાગર મહાઅમાત્ય દાદાકના મહાન પુત્ર મહાદેવને માળવા ભળાવી, રાજા સિદ્ધરાજ દડમજલ કૂચ કરતા પાટણ આવતા હતા.

એ ક્યાંય રોકાતા નહોતા.

માતા મીનલદેવીની યાદ એ ભૂલી શક્યા નહોતા. યુદ્ધ માટે વજ્ર જેવું બનાવેલું હૈયું હવે પાણી-પોચું બન્યું હતું. લાગણીનાં વાદળો અવારનવાર ઊભાં થતાં ને વરસી જતાં. પોતાનો શોક યુદ્ધે, કવિએ ને વિદ્વાનોએ ઓછો કર્યો હતો, પણ અંતરમાં હજી શોક અને કોપ બંને ભર્યા હતા.

એ કોપ બધો માળવાના બંદીવાન રાજા યશોવર્મા પર તોળાઈ રહ્યો હતો : એણે જો કાર્યમાં વિલંબ ન કર્યો હોત, તો મરતી માતાનું મોં ભાળી શક્યો હોત; બે વચન શ્રવણ કરી શક્યો હોત. માતાના સુકાતા હાઠ પર ગંગાજળ રેડી શક્યો હોત !

પાટણ પહોંચતાં જ દરબાર ભરવાનો હતો; વેરની વસૂલાત કરવાની હતી.

પાટણ વિજયોત્સવમાં ઘેલું બન્યું હતું. આજે જે ગૌરવ ગુજરાતને મળ્યું હતું, એ પહેલાં કદી મળ્યું નહોતું.

આખું નગર શણગારવામાં આવ્યું હતું. ઇંદ્રની અમરાપુરીની યાદ આપે એવું પાટણ થઈ ગયું હતું.

પટ્ટણી વીરોનો જુસ્સો આજે જુદો હતો. આજે એમની તાકાતને જાણે દુનિયા નાની પડતી હતી. પાટણની સુંદરીઓનો ઠસ્સો પણ ઓર હતો. ઘરઘરમાં આનંદ છવાયો હતો. વર્ષોના વિયોગ પછી આજે બાપ બેટાને, ભાઈ બહેનને અને પતિ પત્નીને મળતાં હતાં.

માળવા ખંડિયું રાજ બન્યું હતું. એનો તમામ ખજાનો હાથ કરવામાં આવ્યો હતો, ને તે હાથી, ઘોડાં, ઊંટ ને ગધેડાં પર લાદીને અહીં લાવવામાં આવતો હતો.

હીરા-માણેક, રત્ન-મોતી ને સોનાં-રૂપાંનો તો સુમાર નહોતો. પણ સિદ્ધરાજ માત્ર વીર જ નહોતા, વિદ્યાશોખીન પણ હતા. નાનપણથી જવાબદારી માથે આવી હતી, એટલે વિદ્યાગુરુનાં ઝાઝાં પડખાં એ સેવી શક્યા નહોતા, છતાં વિદ્યાના સંસ્કારો એમણે ઝીલ્યા હતા.

એટલે માળવાના રાજભંડારો સાથે જ્ઞાનભંડારો પણ પાટણમાં લાવવામાં આવ્યા હતા.

પાટણનો આજનો શણગાર કંઈ અપૂર્વ હતો.

'ઊંચાં શિખરવાળાં મંદિરોમાં સુવર્ણઘંટ ગાજતા હતા, જેના અવાજ બાર-બાર ગાઉ સુધી સંભળાતા હતા.

ઇષ્ટદેવોની આરતીઓ ઊતરતી હતી, ને પ્રાર્થનાઓ મંદિરોના વિશાળ ગુંબજોને ભેદતી હતી. ક્યાંક, દાન, ક્યાંક ગાન ને ક્યાંક નાચરંગ ચાલતાં હતાં. એકબીજા-એકબીજાનાં મોંમાં પરાણે મીઠાઈઓ મૂકીને ગળ્યાં મોં કરતા હતા ને ઉપર પાટણની નગરસુંદરીઓ પાનનાં બીડાં આપતી હતી.

વાહ ! આ એક દહાડાનો આનંદ જેણે માણ્યો, એનું જીવ્યું પ્રમાણ !

પ્રાસાદો, રાજભવનો અને હવેલીઓ દીપમાળાઓથી ઝાકમઝોળ બની હતી. રાતે જાણે દિવસનો વેશ લીધો હતો. પાટણનો અકેક મહોલ્લો એક-એક ગામ જેવો હતો. અને એની શોભા અપૂર્વ બની હતી.

મહારાજ સિદ્ધરાજે જ્યારે નગરપ્રવેશ કર્યો, ત્યારે તેમનું અદ્‌ભુત સ્વાગત કરવામાં આવ્યું.

પુરસુંદરીઓએ લળી-લળીને રાજાને મોતીડે વધાવ્યા.

રસ્તા, ચોક ને ઘરોએ તો અપૂર્વ શોભા ધારણ કરી હતી. છતાંય માતાનો શોક હોવાથી મહારાજાએ સ્વાગતમાં સંયમ રાખવાનો આદેશ આપ્યો હતો.

પટ્ટણીઓની પ્રેમ-વર્ષામાં નાહતા મહારાજા રાજમંદિરે આવ્યા. આ એક દહાડાના આનંદે લડાઈનો તમામ થાક ઓગાળી નાખ્યો.

એ રાતે સર્વપ્રથમ શોકસભા ભરવામાં આવી. બ્રાહ્મણ પંડિતો, પુરોહિતો અને જૈન વિદ્વાનોએ શોક ઓછો થાય એવાં વચનો કહ્યાં. સંસાર તો અસાર ને સારમાં માત્ર કીર્તિ-એમ કહ્યું.

બર્બરકજિષ્ણુ, અવંતીનાથ સિદ્ધરાજ, આ બધું છતાં, એક વાર ખુલ્લા મોંએ રડ્યા. સ્વજન મળતાં હૈયાસાગરની પાળ તૂટી ગઈ.

મહારાજાએ માતાને અંજલિ આપતાં કહ્યું :

'મારા તમામ વિજયો મારી મહાન માતાને આભારી છે. મારી તમામ કીર્તિ એને ચરણે છે. હું એવી સદ્ગુણી ને સતી માનો લાયક પુત્ર થાઉં, એટલું ભગવાન સોમનાથ પાસે યાચું છું !'

નગરના અનેક આગેવાનો આવ્યા હતા. તેઓએ મહારાજાને શોક કરતા વાર્યા, ને કહ્યું :

'જે જાયું તે જાય, પણ સસારમાં જશ લઈને જે જાય, એનું ગયું પ્રમાણ. રાજમાતાનું જીવન અને મૃત્યુ બંને ઉજ્જ્વળ છે ! તેઓએ સિદ્ધસરોવર કરાવતાં જળરૂપી જગજીવનપ્રભુની સેવામાં દેહ તજી દીધો છે : ને આજે સરોવર તો જુઓ : સાગરની શોભા થઈ છે.અહીં હવે સ્ત્રી-પુરુષો બબે વાર સ્નાન કરે છે !'

મહારાજા મોડે સુધી બેઠા. ધીરે-ધીરે શોક ઓછો થતો ગયો.

બીજે દિવસે મધ્યાહ્ને રાજદરબાર ભરવાનો હતો. એમાં માળવાના રાજાને સજા, અને માળવાના યુદ્ધમાં મદદ કરનારને ખિતાબ, ઇનામ અને હોદ્દા આપવાના હતા !

એ દરબાર અલૌકિક હતો. ગુજરાત આજે બેનમૂન રાજ હતું.

દેશ-દેશના એલચીઓ દરબારમાં હાજર હતા.

સૌપ્રથમ માળવાના યુદ્ધમાં વિજયના નિમિત્ત થનાર મહામંત્રી મુંજાલનું બહુમાન કરવામાં આવ્યું. પછી બીજા જે જે સરદારો, સામંતો ને સૈનિકોએ બહાદુરી બતાવી હતી, એમને નવાજવામાં આવ્યા !

આ પછી મહારાજાએ માલવપતિ યશોવર્માને હાજર કરવાનો હુકમ કર્યો.

આ વખતે મહારાજના શાંત મોં પર કોપની રેખાઓ તણાઈ આવી. પોતાની પ્રતિજ્ઞાનું વાક્ય યાદ કરતાં એમણે કહ્યું :

'માલવપતિને ભયંકરમાં ભયંકર સજા થવી ઘટે. મારાં પૂજનીય માતા મેં એને કારણે ખોયાં છે ! મરતી વખતે એમના ચરણનો સ્પર્શ પણ ન કરી શક્યો. એટલે મારો કોપ બમણો છે !'

થોડી વારમાં જંજીરોથી બાંધેલા માલવપતિને હાજર કરવામાં આવ્યો. માળવાના રાજાઓ શ્રી, સરસ્વતી અને શૂરવીરતા માટે પંકાયેલા હતા. એમની સંસ્કારિતા જગજાણીતી હતી.

'મહામંત્રી ! મારી પ્રતિજ્ઞા છે કે માલવપતિની ચામડીનું મ્યાન કરીને મારી તલવારને ચઢાવીશ'

મહામંત્રીએ કહ્યું : 'આપે પ્રતિજ્ઞા લીધી એ વખતે માલવપતિ નરવર્મા હતા. એમણે આપની પ્રતિજ્ઞાથી બચવા યમનું શરણ લીધું. યમ તો દેવના દેવ છે !'

મહારાજાએ કહ્યું : 'પણ મંત્રીરાજ ! મારી પ્રતિજ્ઞા ?'

મહામંત્રીએ કહ્યું : 'પૂરી થઈ ગઈ. ચામડી શું. આપે તો આખો દેહ લઈ લીધો. અને વળી રાજામાત્ર દેવનો અંશ છે. આપણે ત્યાં કેદ થયેલા રાજાને મારવાની મનાઈ છે !'

મહારાજ સિદ્ધરાજ વિચારમાં પડી ગયા.

માલવપતિએ કહ્યું : 'રાજા ! લડાઈમાં જીત અને હાર, એ તો નસીબની વાત છે. પણ શૂરા પુરુષોને હાર એ મોત બરાબર છે. હું મરી ચૂકેલો છું. આ દેહને જેમ કરવું હોય તેમ કરી શકો છો.'

'મારી પ્રતિજ્ઞા ન તૂટે !' મહારાજ સિદ્ધરાજે ફરી કહ્યું.

'હું રાજાના પગની થોડી ચામડી લઈને મ્યાનમાં મઢાઈ લઉં છું : ગુજરાતના રાજાઓ ત્યાગ, આત્મભોગ અને ઉદારતાથી વસુધાને જીતે છે ! પિતાના અપરાધે પુત્રને દંડ ન હોય. દાનો દુશ્મન શત્રુના પુત્રને પોતાના પુત્ર સમ લેખે. ગુજરાતની મન-મૃદુતા એ કહે છે.' મહામંત્રીએ કહ્યું.

'માલવપતિને મુક્ત કરો ! હું એમની સાથે મિત્રતા બાંધું છું. સાંજે અમે અમારા મહેમાન માલવપતિ સાથે પાટણ જોવા નીકળશું.'

'ધન્ય ! ગુર્જરેશ્વર, ધન્ય ! ચારે તરફથી પડઘા પડ્યા.

એ પડઘા શાંત થતાં મહામંત્રીએ કહ્યું : 'મહારાજ ! સિદ્ધસરોવર સંપૂર્ણ થયું છે. પાણીનું દુઃખ ટળ્યું છે; પણ કામ કરનારાઓને મહેનતાણું આપવાનું બાકી છે. એમનું ઇનામ પણ બાકી છે.'

મહારાજે કહ્યું : 'હાજર કરો !'

મહામંત્રીએ શિલ્પી માયા હરિજનને રજૂ કરતાં કહ્યું :

'માયાએ અને એના સાથીદારોએ માત્ર પેટ પૂરતું લઈને કામ કર્યું છે !'

'માયા ! માગ, માગ. માગે તે આપું !'

'સ્વામી ! તમારુંઆપેલું એટલું છે કે નવું શું માગું ? પણ માગવાનું કહો છો, તો માગું છું. મારા હરિજનોને હક આપો રસ્તે ચાલવાના.'

મહારાજાએ કહ્યું : 'માયા ! આપ્યા હક ! જેઓ આટલું મહાન કાર્ય કરી શકે, નિ:સ્વાર્થ ભાવે કરી શકે, એને હલકા કેમ કહેવાય ? વારુ, બીજું કંઈ માગ, માયા ! તેં તો જાદુ કર્યું છે : જાણે પાટણને આખું ને આખું ઉપાડીને સાગરકાંઠે મૂકી દીધું !'

'મહારાજ ! અમારી નાતે ઠરાવ કર્યો છે કે મહેનતાણામાં કંઈ ન લેવું. મહારાજ ખુશ હોય તો અમારે માથે જે લાલ લીરો ફરજિયાત વીંટવો પડે છે, તે માફ કરે. થૂંકવા માટે ગળામાં કુલડી બાંધી રાખવી પડે છે, તે રદ કરે. પીઠે સાવરણી બાંધવાની પ્રથા છે, તે દૂર કરે. અમને ગામની ભાગોળે વસવાની મંજૂરી આપે.'

'મંજૂર ! માયા, મંજૂર ! જે એમાં અડચણ કરશે, એને સિદ્ધરાજ નહિ સાંખે ! અને મંત્રીરાજ ! ઇનામમાં દરેક કુટુંબને પાટણના પાદરે એક- એક ઘર બાંધી આપો ! અને રાજ તરફથી બધાને એક-એક પાઘડી બંધાવો !

મહારાજે ઉદારતાપૂર્વક કદરદાની જાહેર કરી.

આખી સભાએ આ વધાવી લીધી. અવસર એવો હતો કે કોઈ હા- ના કરી શકે તેમ નહોતું.

'મંત્રીરાજ ! હવે આ સરોવરમાં બીજા કોઈની મદદ ? બીજાને કંઈ ઇનામ ? મહારાજ સિદ્ધરાજે પૂછ્યું.

'મહારાજ ! એક નગરકન્યાએ પોતાનું ઝૂમણું આપીને મદદ કરી હતી.' અને મંત્રીરાજે સગાળશા શેઠની, તેમના દીકરાની અને કર્ણફૂલની માંડીને વાત કરી.

મહારાજ આ બાબતમાં કડક હતા. તેઓ બોલ્યા :

'ઓહ ! ધન્ય છે એ કન્યાને ! અને ધિક્કાર છે એ શ્રેષ્ઠીપુત્રને ! પરધનની બાબતમાં, પરસ્ત્રીની બાબતમાં મારા પટ્ટણીઓ અવિવેક કરે, તે કદી સાંખી ન લેવાય. જાઓ, બધાંને અહીં હાજર કરો. યોગ્યને ઇનામ અને અયોગ્યને સજા થશે.'

થોડીવારમાં સગાળશા શેઠ, હસ્તમલ્લ ને કન્યા હાજર થયાં. મહારાજ સિદ્ધરાજે કન્યાને કહ્યું :

'બહેન ! પાટણમાં કોઈ સ્ત્રીને સતાવે એ તો મારો ગુનો; હું તારી માફી માગું છું !'

'મહારાજ !' કન્યાએ નીચું મોં રાખતાં કહ્યું : 'મને કોઈએ સતાવી નથી. પાટણની સ્ત્રીઓ પોતાની રક્ષા કરવાનું પોતે જાણે છે. મહારાજ ! સગાળશા શેઠ મારા સસરા છે !'

'તો શું હસ્તમલ્લની તું પત્ની છે ?' મહામંત્રીને આશ્ચર્ય થયું. 'તારા તરફથી ખોટી ફરિયાદ આવી હતી ?'

'જી હા. વધારે વાત મારા સસરા કહેશે.'

સગાળશા શેઠે આગળ આવીને હાથ જોડતાં કહ્યું :

'મહારાજ ! આપ યુદ્ધમાં હતા. રાજનો ખજાનો ખાલી થઈ ગયો હતો અને મંત્રીઓ અમારું દ્રવ્ય લેવા તૈયાર નહોતા. કામ ખોરંભે પડે તેમ હતું. અમે જાણતા હતા કે આ સરોવરનું કામ આપને મન રણસંગ્રામ જેટલું મહત્ત્વનું હતું. આ માટે મેં યુક્તિ કરી. આ કન્યા મારી પુત્રવધૂ છે. હસ્તમલ્લ મારો પુત્ર છે. બંનેને વ્રત છે કે સિદ્ધ-સરોવરના આરે આપના પગ પખાળીને પછી સંસારમાં પ્રવેશ કરવો.'

'ઓહ, મંત્રીરાજ ! કેવી મહાન મારી પ્રજા ? સગાળશા શેઠ ! તમારી ભાવનાને વંદન છે, અને શરમ છે મારી ભાવનાને ! મારું નામ આપવા માટે મેં કેવી હેરાનગતિ ઊભી કરી ! આ સરોવરનું નામ સિદ્ધસરોવર નહિ પણ મીનલસર !'

'મહારાજ ! મરતાં માતા મીનલદેવીએ સરોવરના આરે સોમનાથનાં મંદિર બનાવવાનું કહ્યું છે. એક હજાર અને આઠ મંદિર નોંધાઈ ગયાં છે. એમણે કહ્યું છે કે માણસનું નામ ખોટું છે; સાચું નામ શિવનું છે.' મંત્રીરાજે કહ્યું.

'સાચી વાત છે, મંત્રીરાજ ! એક વાતનો અમલ કરો : જેમ સરોવરનો વિચાર મેં કર્યો અને કર્યું પ્રજાએ, એમ દેરીઓનો વિચાર ભલે પ્રજાનો રહ્યો. પણ દેરીઓ કરે રાજ ! માલવાના ધનને એ રીતે સફળ કરો ! અને સરોવરનું નામ ?.....'

મહારાજ થોડી વાર વિચારમાં પડ્યા.

અને પછી કંઈક પ્રેરણા થતી હોય તેમ બોલ્યા : 'આ સરોવરનું નામ સહસ્રલિંગ સરોવર.'

આખા દરબારમાં જયજયકાર થઈ રહ્યો. સગાળશા શેઠે એ વખતે કહ્યું : 'મહારાજ ! હવે આપ સરોવરની પાળે પધારો !'

'શાબાશ, સગાળશા શેઠ ! જનતાનાં કામ તો શિવનિર્માલ્ય કહેવાય. ચાલો, હું તમારાં પુત્ર ને પુત્રવધૂના પગ પખાળું ! જેની પ્રજા આટલી મહાન હોય, એનો રાજા કેવો જોઈએ !'

'મહારાજ ! નેવનાં પાણી મોભે ન ચડે ! જય અવંતીનાથ !'

મહારાજ સિદ્ધરાજ સિંહાસનેથી નીચે ઊતર્યા.

પગપાળા પાટણની શેરીઓ વીંધીને મહારાજ સરોવરે ગયા. આખો દરબાર પાછળ-પાછળ ચાલ્યો.

એ દિવસે સરોવરનાં પાણી સિદ્ધરાજના ચરણસ્પર્શથી પુલકિત બન્યાં. સહસ્રલિંગનું નામ પામી સરોવર અમર થઈ ગયું.



૧૪

# ગુજરાતી ભાષાના ઘડવૈયા

માળવા જીત્યું. અવંતિનાથ બિરુદ લીધું : પણ એક વાત મહારાજ સિદ્ધરાજના દિલમાં ખટક્યા કરે છે. શૂળની જેમ એ વાત દિલને વીંધે છે ! માલવાના રાજા વિદ્વાન ! પંડિત ! સંસ્કારી ! અને હું શું ? મારું ગુજરાત શું ?

માલવામાંથી લાવેલો પુસ્તકોનો ભંડાર ફેંદતાં એક પુસ્તક નીકળી આવ્યું. ગ્રંથપાલે એનું નામ વાંચ્યું.

એનું નામ ભોજ વ્યાકરણ !

મહારાજા કહે : 'એમ આગળ નામ મૂકી દીધે શું વળે ? હું ય કહું કે સિદ્ધ વ્યાકરણ.'

ગ્રંથભંડારના પાલકે કહ્યું : 'મહારાજ ! લખે કોઈ ને નામ આપે કોઈનું એવું આ નથી. આ વ્યાકરણ રાજા ભોજે રચેલું છે. રાજા ભોજ વિદ્વાન હતો. કવિ હતો. નાટકકાર હતો. એની સભામાં પણ વિદ્વાનોની સંખ્યા મોટી હતી. ભોજનું રચેલું આ વ્યાકરણ દેશભરની પાઠશાળાઓમાં ચાલે છે.'

'આપણા દેશની પાઠશાળાઓમાં પણ ?' મહારાજે પ્રશ્ન કર્યો.

'હાજી. વરસોથી પાટણની પાઠશાળાઓમાં ભોજ વ્યાકરણ ચાલે છે. એ વ્યાકરણ ભણીને પંડિત થયેલા આપણે ત્યાં અનેક જણા છે.'

'ખરેખર ! માણસ માટે અમર થવાનો આ સાચો માર્ગ છે. રાજા ગમે તેવો હોય, પણ પોતાના રાજમાં પૂજાય છે, જ્યારે વિદ્વાન તો જગતમાં પૂજાય છે.'

'મહારાજ ! એ ભોજરાજાના બનાવેલા અનેક ગ્રંથો છે : એમાં 'સરસ્વતી કંઠાભરણ' નામનો એક ગ્રંથ છે. આ ગ્રંથ પણ પાટણની પાઠશાળામાં વિદ્યાર્થીઓ ભણે છે. આપ પાઠશાળાના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને જે સુવર્ણકંકણની બક્ષિસ આપો છો, એ વિદ્યાર્થીઓ આ ગ્રંથો ભણેલા હોય છે.' ગ્રંથપાલે વધુ વિગત આપતાં કહ્યું.

'ઓહ ! માત્ર સમશેર કંઈ નથી. સરસ્વતી જોઈએ.માણસ તો જ અમર થાય. તલવારના વિજયો આજ થાય, કાલ ભૂંસાઈ જાય. એમાં તો બળિયાના બે ભાગ. પણ વિદ્વત્તા તો એવી છે કે લૂંટાવાથી વધે છે. ચોરાવાથી ચાર ગણી થાય છે. વારુ, ગ્રંથપાલ ! બીજા ક્યા ક્યા ગ્રંથો છે ?'

'મહારાજ ! લગભગ તમામ વિદ્યાઓના ગ્રંથો છે. માલવાના વિદ્યાર્થીઓને એ માટે બીજાનું મોં ન જોવું પડે એ માટે-અનેક પ્રકારના ગ્રંથો રચાયેલા છે. આ ચિકિત્સાશાસ્ત્ર છે. એમાં વૈદવિદ્યા છે. આ વાસ્તુશાસ્ત્ર છે. મકાનની બાંધણી વિષે એમાં છે. આ ઉદયસિદ્ધિ નામનો ગ્રંથ છે. એમાં જ્યોતિષ વિષે છે. આ સ્વપ્નશાસ્ત્ર છે. આ સામુદ્રિકશાસ્ર છે. આ નિમિત્તશાસ્ત્ર છે. આ અધ્યાત્મશાસ્ત્ર છે. લગભગ વિદ્યાની બધી શાખાઓનાં પુસ્તકો છે.' ગ્રંથપાલે કહ્યું.

'આ બધું ભોજ રાજાએ બનાવેલું ?

'ના, કેટલુંક પોતે અને બીજું બીજા પંડિતો પાસે તૈયાર કરાવેલું. રાજ્યે એમાં મદદ કરેલી. રાજ્યની મદદ વગર આવાં કામ ન થાય.' ગ્રંથપાળે કહ્યું.

મહારાજ સિદ્ધરાજ આ સાંભળી થોડીવાર વિચારમાં પડ્યા, પછી ધીરેથી બહાર નીકળ્યા. એમના ચિત્તમાં ચેન નહોતું.

અરે ! મારો વિજય હાર જેવો છે. કાલે મારો વિજય ભુલાઈ જશે. ને આ વિદ્યાગ્રંથો ભોજનું નામ અમર રાખશે. શું કરું હું ?

આ વખતે એક વ્યક્તિ યાદ આવી. એનું નામ આચાર્ય હેમચંદ્ર ! એક વાર માર્ગમાં જ મિલાપ થયેલો, પહેલી જ મુલાકાતે એ તેજસ્વી સાધુમૂર્તિએ એમનું મન ખેંચેલું.

પગ ઉઘાડા, માથું ઉઘાડું, શરીર ફક્ત બે ચીવરથી ઢાંકેલું.

હાથમાં દંડ ને ચાલમાં ગૌરવ !

બીજની ચંદ્રરેખા જેવી લલાટ પર કાંતિ !

એણે મને જોતાં જ કેવા આશીર્વાદ આપેલા ?–

'હે કામધેનુ ! તું તારા ગોમય રસથી આ ભૂમિને તૃપ્ત કર !

'હે સાગરદેવ ! તું તારા મોતીગણોથી અહીં સ્વસ્તિક રચ !

' હે દિગ્પાળો ! તમે તમારી લાંબી સૂંઢથી કલ્પવૃક્ષનાં પાંદડાં તોડી તોરણ રચો,

'કારણ કે સંસારવિજયી સિદ્ધરાજ આવે છે !'

ઓહ ! મારા વિદ્યા-વિજયમાં કોઈ મદદ કરી શકે તો એ કરે ! મારા વફાદાર મંત્રીઓ, વીર સુભટો અને કુશળ સેનાપતિની આમાં ગતિ નથી.

અને મહારાજ સિદ્ધરાજના કાને સહસ્રલિંગ સરોવરની પાળે કોઈ ગાતું સંભળાયું. એ દુહા હતા. અપભ્રંશ ગુજરાતીના દુહા હતા.

*પુત્તેં જાયેં કવણું ગુણુ, અવગુણુ કવણુ મૂએણ ?*
*જા બપ્પીકી ભૂંહડી, ચંપીજઈ અવરેણ ?*

એ પુત્રના જન્મથી શો સાર ? અને મૃત્યુથી શો શોક ? જેના જીવતાં પિતૃભૂમિ પારકાના હાથે ચંપાય ?

*જો ગુણ ગોવઈ અપ્પણા, પયડા કરઈ પરસ્સુ,*
*તસુ હઉં કલિ-જુગી દુલ્લહો, બલિ કિજ્જઉં સુઅણસ્સુ !*

જે પોતાના ગુણ ઢાંકે, અને પારકા ગુણ પ્રગટ કરે, તેવા કલિયુગમાં ક્વચિત મળતા પુરુષને મારાં વંદન !

*પાઈ વિલગ્ગી અંત્રડી, સિરુ લ્હસિઉં ખંધસુ*
*તો વિ કટારઈ હથ્થડુ, બલિ કિજ્જઉં કંતસુ.*

આંતરડાં નીકળીને પગે વીંટાયાં છે, માથું ખભા પર ઢળી પડ્યું છે; છતાં પણ હાથમાં ખડગ છે : એવા મારા કંથ પર વારી જાઉં છું.'*

મહારાજને આ દુહા સાંભળી સાક્ષાત્ સરસ્વતીના અવતાર જેવા મહાન આચાર્યને મળવાની તાલાવેલી લાગી. થોડી વાતચીતમાં પણ ગુજરાત માટે કંઈક કરી છૂટવાની એમની ભાવનાનાં દર્શન થયાં.

મહારાજ તરત સર્વાવસરમાં ગયા. મંત્રીઓને તેડ્યા, મહામુનિને તેડ્યા. સહુએ આવી જતાં મહારાજાએ પોતાના દિલની વેદના ઠાલવતાં કહ્યું :

'હું ગુજરાતને વિદ્યાભૂમિ બનાવવા ચાહું છું. મારા દેશની પાઠશાળાનાં બાળકો માલવાના રાજાનાં વ્યાકરણો ને ગ્રંથો ભણે, એ મારી જીતને હું હાર બરાબર ગણું છું. આચાર્યવર્ય શ્રી. હેમચંદ્ર આ બાબતમાં ઘણું કરી શકે. હું તેઓને ગુજરાતના વિદ્યાગુરુ બનવા પ્રાર્થના કરું છું. હું પણ તેઓને ચરણે બેસી વિદ્યાભ્યાસ કરીશ. વિદ્યામાં વય કે લિંગ જોવાતાં નથી.'

'રાજન્ ! તમે ભોજ વ્યાકરણ જોયું લાગે છે !' મહાન ગુરુ હેમચંદ્રાચાર્યે કહ્યું, 'રાજા ભોજનું એ અક્ષર જીવન અપૂર્વ છે. એની એ જીતને કોઈ પણ મહારથી હારમાં પલટી નહિ શકે. માળવાના અજેય કોટકાંગરા મહારાજ સિદ્ધરાજ તોડી શક્યા, પણ આ કિલ્લો ભેદવો દુર્લભ છે.'

'એવી અપૂર્વતા અહીં સરજી ન શકાય ?' સિદ્ધરાજે વિનંતીના સૂરે કહ્યું.

'શા માટે નહિ ? પણ એમાં એકલદોકલનું કામ નથી. રાજની મદદ જોઈએ. રાજે પણ એક યુદ્ધ જેટલું ખર્ચ કરવું પડે. મારા ઉપાશ્રયમાં એ કામ મારી રીતે ચાલુ જ છે. હું લખાવું છું, ને લહિયાઓ લખે છે. પઠન-પાઠન ને લેખન સાધુઓનો નિજ ધર્મ છે.' આચાર્યે કહ્યું.

'આપ કહો તે મદદ કરવા રાજ્ય તૈયાર છે. આજ્ઞા આપો તો હું લહિયો થઈને લખવા બેસવા તૈયાર છું. સિદ્ધરાજ હવે યુદ્ધમાં ખર્ચ નહિ કરે, વિદ્યામાં ધન વાપરશે.'

ગુર્જરેશ્વરની આ ભાવનાનો પડઘો આચાર્યશ્રીના દિલમાં પડ્યો. રણશૂરા ને દાનશૂરા ઘણા રાજવીઓ હતા; પણ તેઓ જેવો વિદ્યાશૂર રાજા શોધી રહ્યા હતા, તેવો રાજા સાંપડી ગયો હતો.

* સોરઠી, દુહા, જેને દશમો વેદ કહેવામાં આવે છે, એનું મૂળ આ અપભ્રંશ દુહાઓમાં છે.

આચાર્યશ્રીએ કહ્યું :

'એક સુંદર વ્યાકરણ તૈયાર કરવું, એને યોગ્ય અનુપમ સાહિત્ય સરજવું અને આ દેશને સંસ્કાર અને સાહિત્યથી ઘડવો, એ મારું સ્વપ્ન હતું. આજ તમારી મદદથી સ્વપ્ન સાકાર થાય છે !'

આચાર્યશ્રી ભાવમાં હતા. થોડીવારે આગળ બોલ્યા :

'હું મારી તમામ શક્તિઓ એમાં અર્પી દેવા તૈયાર છું. ગુજરાતને ગામે-ગામે ને શહેરે-શહેરે સરસ્વતી વહેતી જોવાની મારી ઝંખના છે. સંસારમાં પહેલું અમૃત વિદ્યા છે.

'વ્યાકરણ, અલંકારશાસ્ત્ર, છંદશાસ્ત્ર, શબ્દકોશ અને ન્યાયશાસ્ત્ર વગેરે તૈયાર કરવા હું આજથી આસન જમાવીને બેસી જઈશ. કેટલીક સામગ્રી મારી પાસે છે. કેટલીક કાશ્મીર વગેરે દેશોમાંથી મંગાવવી પડશે.'

'આજ્ઞા આપો એટલી વાર છે. મારા એલચીઓ તૈયાર છે. આ પ્રશ્નને હું લડાઈ જેવો તાકીદનો પ્રશ્ન માનું છું.' મહારાજ સિદ્ધરાજે પોતાના સ્વભાવ મુજબ કહ્યું.

એ જ સાંજે એલચીઓને આજ્ઞા આપી દેવામાં આવી. હાથી, ઘોડા કે રથને તૈયાર કરવામાં આવ્યા. ગ્રંથો લાવતાં માર્ગમાં વિઘ્ન ન થાય તે માટે લશ્કરી ટુકડીઓ સાથે આપવામાં આવી. તે તે દેશો પર પત્રો લખી આપવામાં આવ્યા.

એલચીઓ તાબડતોબ કાશ્મીર તરફ રવાના થયા.

આ તરફ પાટણના ઉપાશ્રયમાં અનેક લહિયાઓ લખવા બેસી ગયા. એક તરફ પત્ર તૈયાર થવા લાગ્યાં. બીજી તરફ શાહીઓ ઘૂંટાવા લાગી.

આચાર્યશ્રીના મુખમાંથી સરસ્વતીનો ધસમસતો પ્રવાહ વહેવા લાગ્યો. બોલનાર એક અને લખનાર દશ-વીસ જણા ! કામ છએક મહિના ચાલ્યું હશે, ત્યાં કાશ્મીર તથા અન્ય દેશોમાંથી ગ્રંથો આવી ગયા.

કામમાં વેગ આવ્યો. સમય મળતાં મહારાજ સિદ્ધરાજ આવીને એક ખૂણે શાંતિથી બેસતા અને બધી પ્રવૃત્તિ નિહાળતા. આથી કામ કરનારાઓનો ઉત્સાહ બમણો વધતો.

વ્યાકરણ લગભગ રચાઈ જવા આવ્યું. એનાં અનેક પ્રકરણો તૈયાર થઈ ગયાં. એની બીજી નકલો પણ તૈયાર થઈ ગઈ.

સવા વર્ષમાં તો વ્યાકરણ સાવ તૈયાર !

મહારાજ સિદ્ધરાજે દેશવિજયની જેમ આ ગ્રંથનું સ્વાગત કરવાની આજ્ઞા બહાર પાડી.

દેશેદેશ કંકોતરીઓ મોકલવામાં આવી. કાશી, બંગાળ અને મિથિલાથી વિદ્વાનોને તેડાવવામાં આવ્યા. આઠ દિવસનો ઉત્સવ રચવામાં આવ્યો.

છેલ્લે દિવસે વરઘોડો કાઢવામાં આવ્યો. નગરસુંદરીઓએ વ્યાકરણની પ્રતિઓને મોતીડે વધાવી, ચાંદી-સોનાના થાળમાં પધરાવી, માથે મૂકી.

પાછળ સૂર્યમુખી ફૂલ ને કૂકડાની છાપથી અંક્તિ ધ્વજો લઈને મલ્લ લોકો ચાલવા લાગ્યા. એ પાછળ ગામનું મહાજન, રાજ્યના મંત્રીઓ અને સેનાપતિ ચાલવા લાગ્યા. એ પછી ખુદ મહારાજ સિદ્ધરાજ અને મહાગુરુ હેમચંદ્ર ચાલતા નજરે પડતા.

મહારાજના પટહસ્તીને શણગારીને લાવવામાં આવ્યો હતો, અને વ્યાકરણને એના પર મૂક્વામાં આવ્યું હતું. સૂરજ-ચાંદાના જેવી બે પટણી સુંદરીઓ ચામર ઢોળતી પાછળ બેઠી હતી.

જ્ઞાનપૂજાનો ઉત્સવ એ દિવસે અદ્‌ભુત રીતે ઊજવાયો.

વ્યાકરણનું નામ એના પ્રેરક મહારાજ સિદ્ધરાજ અને રચનાર આચાર્ય હેમચંદ્રની સંયુક્ત યાદ જાળવવા 'સિદ્ધ-હેમ' રાખવામાં આવ્યું. મહારાજાએ પોતાના દરબારમાં ત્રણસો લહિયા રોકી વ્યાકરણની નક્લો કરાવવા માંડી ને દેશોદેશ મોક્લવા માંડી.

ઠેર-ઠેર આ વ્યાકરણ ચાલુ થઈ ગયું !

કાકલ કાયસ્થ નામના મહાન વૈયાક્રણીને આના ઉપરી તરીકે નીમવામાં આવ્યો. ગામેગામ જ્યાં વિદ્યાલય ન હોય ત્યાં વિદ્યાલય સ્થાપવાનો હુકમ છૂટ્યો.

બંગાળ, મહારાષ્ટ્ર અને માળવા સુધી આ વ્યાકરણની નક્લો ગઈ. વિદ્યાલયોમાં પરીક્ષા વખતે ખુદ મહારાજ હાજરી આપવા લાગ્યા. શિષ્યવૃત્તિઓ અને ઇનામોમાં તો કદી પાછી પાની ન કરતા.



સિદ્ધહેમ વ્યાકરણનો વરઘોડો

આજ સુધી ભારતભરમાં ઘણાં મોટાં-મોટાં વ્યાકરણો હતાં, પણ એ વિદ્યાર્થીઓને અભ્યાસમાં ખૂબ મુશ્કેલ પડતાં.

સિદ્ધહેમ સુબોધ વ્યાકરણ તરીકે ખ્યાતિ પામ્યું.

સિદ્ધહેમ વ્યાકરણે આજ સુધી કોઈ ગ્રંથે ન કર્યું હોય તેવું કામ કર્યું. સંસ્કૃત, પ્રાકૃત, માગધી વગેરે ભાષાઓનું વ્યાકરણ આપ્યું. પણ સાથે-સાથે અપભ્રંશ પ્રાચીન ગુજરાતી ભાષાનું પણ વ્યાકરણ આપ્યું.

આજની ગુજરાતી* ભાષાના વ્યાકરણના આ બે આદિ જનકો !'

આ પછી તો ગુજરાતની સરસ્વતી ભરપટ્ટે વહેવા લાગી. રાજાએ જ્ઞાનભંડારો કરી એ સરસ્વતીને લોકકાજે સંઘરવા માંડી.

પ્રજાએ પણ નિજભંડારો રચી જ્ઞાનપૂજાને નામે એ કૃતિઓને સાચવવા માંડી.

આચાર્યશ્રી આ પછી નવી રચનાઓમાં મગ્ન થઈ ગયા. એમણે 'અભિધાનચિંતામણિ' નામનો એક શબ્દકોષ રચ્યો

કાવ્યશાસ્ત્રના અભ્યાસ માટે 'કાવ્યાનુશાસન' રચ્યું.

છંદોના અભ્યાસ માટે 'છંદોનુશાસન' રચ્યું.

એકલું વ્યાકરણ ભણવું રસિક ગુજરાતીઓને આકરું લાગતું. આચાર્યશ્રીએ 'દ્વયાશ્રય મહાકાવ્ય' રચ્યું. વ્યાકરણનાં ઉદાહરણો સાથે ચાવડા અને સોલંકી વંશનો કાવ્યમય ઇતિહાસ એમાં વણી લીધો ! ભણનારને જ્ઞાન સાથે ગમ્મત મળે !

જ્ઞાનની ગંગા ગુજરાતમાં આ રીતે વહી.


રાજા અને આચાર્ય વચ્ચે પ્રતિદિન ધર્મગોષ્ઠિ અને જ્ઞાનગોષ્ઠિ થવા લાગી. પછી પ્રજા પણ કેમ બાકી રહે ? સમસ્યા, હેલિકા,પ્રહેલિકા, અંતકડી,

---

* ગુજરાતી ભાષાના ત્રણ અવતારો થયા છે. ઈસ્વીસનના ૧૦ મા ૧૧ મા શતકથી ચૌદમા શતક સુધી અપભ્રંશ કે પ્રાચીન ગુજરાતી.

૧૫ મા શતકથી ૧૭મા શતક સુધી બીજો યુગ-જૂની ગુજરાતી અથવા મધ્યકાલીન ગુજરાતી.

૧૭મા પછીથી આજ સુધી ત્રીજો યુગ અર્વાચીન ગુજરાતી.



**કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય**

શ્લોક વગેરે પ્રજાનાં નિવૃત્તિ વખતનાં મનોરંજન બન્યાં.

વિદ્યાસંસ્કારનું એક મોજું બધે ફરી વળ્યું.

વાણિજ્યે શૂરા અને વીરતામાં પૂરા ગુજરાતી પ્રજાજનો વિદ્યાક્ષેત્રે પણ ઊણા-અધૂરા ન રહ્યા.

# ૧૫

## સર્વ ધર્મ સમાન

સંસારમાં હંસ પણ છે, કાગડા પણ છે. કાગડાઓને દેશનિકાલો આપી એક્લા હંસને રાખી શકાતા નથી.

સારા ભેગું ખરાબ હોય છે. પ્રેમ હોય ત્યાં ઈર્ષ્યા પણ હોય છે.

મહારાજ સિદ્ધરાજના રાજ્યની બધે બોલબાલા થઈ રહી હતી. દૂરદૂરના પ્રવાસીઓ ગુજરાત જોવા આવતા. અહીંના અજબ નરો, અલબેલી નારીઓ, ક્લા, સ્થાપત્ય ને વિદ્યા જોઈ બધા છક્ક થઈ જતા.

એથી વધુ છક્ક થતા ધર્મની બાબતમાં મનની મોટાઈ જોઈને ! નહિ તો જેમ પક્ષના ઝઘડા દુનિયામાંથી આથમ્યા નથી, એમ ધર્મના ઝઘડા પણ ક્યાંય શાંત થયા નથી ! અને એમાં પણ રાજા જ્યારે કોઈ ધર્મનો પક્ષ લે, ત્યારે તો ધર્માંધ લોકોનું ચઢી વાગે છે.

અહીં એવું નહોતું કે–

રાજાને ગમતા દેવને સહુ માને !

રાજાને રુચતો ધર્મ સહુ પાળે !

મહારાજ સિદ્ધરાજનો કુળનો ધર્મ શૈવધર્મ ! સોમનાથ મહાદેવ એમના

દેવ. એ દેવની પ્રીતિ માટે તો મીનલદેવી ગુજરાતે ઊતર્યાં. એ દેવની પ્રીતિ માટે બોતેર લાખનો કર માફ કર્યો.

પણ રાજા તો તમામ પ્રજાનો. પ્રજા એક ધર્મ પાળે એવું કદી ન બને. પ્રજા અનેક ધર્મ પાળે. એ ભલે પોતાનો ધર્મ પાળે, પણ પડોશી ધર્મ તરફ ઉદાર ભાવ રાખે.

રાજાએ પણ પોતાનો ધર્મ પાળવાનો ને બીજા ધર્મોને ભલી નજરથી જોવાના : એક આંખે જોવું રાજાને ન શોભે.

શૈવ પોતાનો ધર્મ. શિવમંદિરમાં સદા જાય; પણ એથી વિષ્ણુ મંદિર પર દ્વેષ એવું નહિ !

વૈષ્ણવો સિદ્ધરાજમાં વિષ્ણુનો અંશ ભાળે !

અનેક શૈવ કે વૈષ્ણવો પર ભાવ, એટલે જૈનો પર દ્વેષ એવું પણ નહિ. સોરઠના મંત્રી સજ્જન મહેતાએ ગિરનાર પર દહેરાં બાંધ્યાં, રાજના પૈસે બાંધ્યાં, તોય એને મંજૂરી આપી. અને અનેક લોકોના વિરોધ છતાં કાપડી વેશે પોતે શત્રુંજયની યાત્રા કરી.

ધર્માંધ લોકો જ્યારે આડીઅવળી વાતો કરે ત્યારે મહારાજ સિદ્ધરાજ કહે,

'જે શાંતિ-સંતોષથી ને પડોશી સાથે પ્રેમથી રહે, એ ખરી પ્રજા, એ ખરો નાગરિક. મારા માટે તો શૈવ, વૈષ્ણવ કે જૈન સૌ સમાન છે. મારી પ્રજામાં તો મુસલમાન પણ છે.જે આ ભૂમિને વફાદાર રહે, પોતાને આ દેશનું સંતાન માને, અને શાંતિથી પોતાના ઇષ્ટદેવને પૂજે એ મારી પ્રજા-એ મારા રક્ષણની અધિકારી !

'નાગર અને જૈનો મારી બે આંખો છે. એ બંને વર્ગના લોકો મારા રાજના મંત્રીઓ છે. હું કઈ આંખને રાખું ને કોને ફોડું ?

'રજપૂતો મારી બે ભુજાઓ છે : કોઈ શૈવ છે, કોઈ વૈષ્ણવ છે. કઈ ભુજા રાખું અને કઈ કાપું ?

'શૂદ્રો તો મારા પગ છે. પગ નબળા હોય તો આખું શરીર નબળું ! મારા પગ હું કાપું એવો મૂર્ખ નથી.

'મારે કોઈ જ્ઞાતિ નથી, જાતિ નથી, વર્ણ નથી. મારી પાસે તો એક પિતાની પ્રજા જેવી આ પ્રજા છે.

'પ્રજા કાળી-ગોરી હોય.પ્રજા બળવાન-નિર્બળ હોય; પ્રજા ઊંચી- નીચી

હોય : બાપની નજર બધા પર સમાન.'

છતાં દીકરાઓમાં ખટપટ ચાલે એ મનુષ્યસ્વભાવ છે. જ્ઞાન ઓછું હતું ત્યારે એક ધર્મ હતો-પ્રેમ અને આતિથ્યનો. જ્ઞાન વધતાં વિવાદ વધી ગયા.

શૈવો કહે : 'મારો ધર્મ મોટો. સંસારના દેવ તો મહાદેવ !

વૈષ્ણવો કહે : 'વિષ્ણુ મહાન, વૈષ્ણવ થયા વિના વૈકુંઠ કેવું ?'

જૈનો કહે : 'ખરા દેવ તો વીતરાગ ! એ દેવની ઉપાસના કરનારનું કલ્યાણ થશે. બીજા નરકે જશે.'

મુસલમાન કહે : 'એક અલ્લા; એ સિવાય બીજા દેવ નહિ !'

આવા વાદવિવાદ રોજ ચાલ્યા કરે. નબળા મનના લોકો લડે પણ ખરા !

એક દહાડો કેટલાક ટીખળી લોકોએ કારસો ગોઠવ્યો. તેઓએ મહારાજને કહ્યું કે અમે સાચો ધર્મ ક્યો, ને ક્યો ધર્મ અમારે પાળવો એ જાણવા માગીએ છીએ.

આવી બાબતમાં મહારાજની નજર વિદ્યાગુરુઆચાર્ય હેમચંદ્ર પર જ પડે.

મહારાજાએ તેમને તરત પ્રશ્ન કર્યો :

'આચાર્યવર ! ક્યો ધર્મ પાળવાથી કલ્યાણ થાય ?'

બધાએ માન્યું કે આચાર્યશ્રી જૈન ધર્મનું નામ દેશે, કારણ કે પોતે તે ધર્મ પાળે છે. પણ એમ કરવાને બદલે તેઓએ તો એક વાર્તા કહેવી શરૂ કરી-જાણે નાનાં બાળકોને સમજાવવા માંડ્યાં.

વાર્તા શરૂ કરતાં કહ્યું :

એક શેઠ હતો, એને એક પત્ની હતી. બંને સુખે રહેતાં હતાં.

પણ ન જાણે કેમ, શેઠે પહેલી પત્નીને છોડી દીધી ને જઈને બીજી પત્ની પરણી લાવ્યો.

પહેલી પત્ની ખૂબ રોષે ભરાઈ. એણે પતિને વશ કરવા માટે અનેક જાતના યત્નો કરવા માંડ્યા. પતિ તાબે થયા, પછી શોક્યને તો ઘડીના છઠ્ઠા ભાગમાં જોઈ લેવાશે !

એક દિવસ ગૌડ બંગાળાનો એક માણસ આવ્યો. એ જાદુ અને કામણ-ટુમણ જાણતો હતો. એણે બાઈને કહ્યું :

'મારી પાસે અજબ હિકમત છે. તારા પતિને દોરી બાંધીને તું દોરે તેવો બનાવી દઉં તો ?

બાઈ ખૂબ રાજી થઈ ગઈ. એ કહે : 'તું માગે તે આપું. બસ, મારે એ જ જોઈએ છે.'

પેલા મંત્રવાદીએ એક ઔષધ, અને એક મંત્ર આપ્યાં. ઔષધ ખવરાવવાની રીતિ બતાવી. મંત્ર ભણવાની તિથિ દર્શાવી.

બાઈએ ક્ષયતિથિવાળા દિવસે પતિને પૂજા માટે બોલાવ્યો. સતી સ્ત્રી આવા દિવસે પતિને પૂજ્યા વિના પાણી પણ પીએ નહિ, પતિને ખવરાવ્યા વિના ખાય નહિ ! પતિ જમવા આવ્યો. એણે તો પાંચ પક્વાન રાંધ્યાં. થાળી પીરસી. ધીરેથી પેલું ઔષધ ભોજનમાં નાખી દીધું.

પતિ જમવા બેઠો. પત્ની વીંઝણો લઈને પાસે બેઠી. એ મંત્ર ભણતી જાય ને વીંઝણો ઢોળતી જાય !

થોડીવારમાં એના પતિને માથા પર ખણ આવવા માંડી.

અંદરથી કંઈક અણીદાર બહાર નીકળવા માંડ્યું.

પતિએ પત્નીને કહ્યું : 'અરે સુલક્ષણે ! આ શું થાય છે ?'

પત્નીએ આંખ બંધ રાખી, મુખેથી મંત્ર ભણતાં કહ્યું: 'એ તો જેવાં તમારાં લક્ષણ હશે એમ થતું હશે.'

પુરુષે જોયું તો માથા પર બે શીંગડાં ઊગેલાં. હજી એ આશ્ચર્યનો વિચાર કરે છે, ત્યાં પૂંઠે ખણ ઊપડી, ને ખણ્યું તો કંઈક દોરડા જેવું હાથ આવ્યું ! ખેંચ્યું તો લાંબું લચરક !

થોડીવારમાં તો પીઠ પાછળ પૂંછડું ઊગી આવ્યું ! અરે, માણસ અને વળી શીંગડા ને પૂંછડું !

પુરુષે કહ્યું : 'અરે સુલક્ષણે ! જો તો ખરી, આ શું થાય છે ?'

પત્ની કહે : 'એ તો જેવાં તમારાં લક્ષણ હશે એમ થતું હશે.' એ વીંઝણો ઢોળતી હતી, મંત્ર ભણતી હતી. એની આંખ બંધ હતી.

થોડી વારમાં ઊંચું નાક ખેંચાતું હોય એમ ખેંચાણું ને અંદર બેસી ગયું. બેઠેલું મોં લાંબું લચ થઈ ગયું.

અને ખાધું થોડું પણ પેટ વધુ ફૂલવા લાગ્યું. પહેલાં ગાગર જેવું થયું. પછી ગોળા જેવું થયું ને પછી કૂવાના કોસ જેવું થઈ રહ્યું !

પતિએ કહ્યું : 'અરે સુલક્ષણે ! આ મને શું થાય છે ?'

સ્ત્રી તો આંખ બંધ રાખી, મંત્ર ભણતી બોલી : 'જેવાં તમારાં લક્ષણ એવું થતું હશે !'

એવામાં પતિ જે હાથે ખાતો હતો, એ હાથ બૂંઠા થઈ ગયા, જાડા બની ગયા, વચ્ચમાં ફાટ પડી ગઈ. હવે તો એ હાથ ઊંચા રાખવામાં મુશ્કેલી પડવા લાગી.

'અરે ! આ શું ? મારા બે હાથ જતા રહ્યા અને બેના ચાર પગ થઈ ગયા ! સુલક્ષણા ! મને કોઈ વૈદ પાસે લઈ જા !'

પડખેના બારણે વૈદ રહેતો હતો.

પેલી સ્ત્રી આંખ બંધ રાખી, મંત્ર ભણતી વૈદને ત્યાં પતિને લઈ ગઈ. પુરુષ ચાર પગે ચાલતો ગયો. વૈદે એને જોતાં જ કહ્યું,

'અરે બાઈ ! આ બળદને કેમ લાવે છે ? હું ઢોરવૈદ નથી.'

બાઈએ આવું ધાર્યું નહોતું. એણે આંખ ઉઘાડીને જોયું તો પોતાનો પતિ બળદ ! એને જાદુગર યાદ આવ્યો. અરે, મેં તો દોરી બાંધીને દોરી શકાય એનો અર્થ પોતાનું કહ્યું કરે તેવો વર માગ્યો હતો.

પણ હવે શું કરે ?

લોકોએ સ્ત્રીનો તિરસ્કાર કરવા માંડ્યો.

શોક્યે પતિને કાઢી મૂક્યો.

બાઈ બળદને લઈ જંગલમાં ચાલી ગઈ. ત્યાં લીલી ધરો ને મીઠાં મીઠાં પાંદડાં ખવરાવે અને રહે.

કોઈ વાર પોતાની ભૂલ યાદ આવે એટલે ખૂબ રોવે. રોવે એવું કે જંગલનાં ઝાડવાંય કંપી જાય.

એક વાર એક વિમાન ત્યાંથી નીકળ્યું.

એમાં શંકર અને પાર્વતી બેઠેલાં.

પાર્વતીએ રુદન કરતી બાઈને જોઈને શંકરને પૂછ્યું.

શંકરે બધી વાત વિગતથી કહી. ધણીને કહ્યાગરો બનાવવા જતાં ધણીની અને પોતાની કેવી ખરાબ દશા કરી એ જણાવ્યું.

પાર્વતીએ કહ્યું : 'અરેરે ! બાઈને માથે દુઃખનાં ઝાડ ઊગ્યાં. હવે બળદને માણસ બનાવો તો હા.'

શંકર કહે : 'એમ દુનિયામાં બધાંનાં દુ:ખ દૂર કરતાં ફરીએ તો આપણા દુ:ખનો પાર ન રહે ! અને તમે સ્ત્રીઓ તો વાતવાતમાં ઢીલી પડનારી !'

પણ આ તો પાર્વતીની હઠ ! લીધી મૂકે નહિ.

એ તો ભમરો થઈને શંકરજીની જટામાં પેસી ગયાં. શંકરને પાર્વતી વગર એક પળ પણ ન જાય. એમને લાગ્યું કે પોતે પાર્વતી વિના પાગલ બની જશે.

એમણે કહ્યું : 'અરે પાર્વતી ! શું તમારો સ્વભાવ ! લીધી લપ છોડવાનાં જ નહિ. જુઓ ! આ ઝાડની છાયામાં જ એ ઔષધ છે. બળદને ખવરાવશે એટલે પાછો માણસ બની જશે.'

પાર્વતી આ સાંભળી જટામાંથી નીકળી બહાર આવ્યાં.

બંને વાર્તાવિનોદ કરતાં-કરતાં કૈલાસમાં ચાલ્યાં ગયાં.

પેલી બાઈએ આ વાત સાંભળી. પણ વૃક્ષની છાયા મોટી છે. ને નાનીમોટી અનેક વનસ્પતિ ત્યાં ઊગેલી હતી.

ક્યું ઝાડપાન ગુણકારી ? કઈ વનસ્પતિ હિતકારી ? એ તો મૂંઝાઈ ગઈ. અરે, આટલું કહ્યું ને આટલું ન કહ્યું. ચોક્કસ નામ આપ્યું હોત તો કામ કેવું સરલ થઈ જાત ! બાઈએ બુદ્ધિ દોડાવી. કોઈ એક વનસ્પતિ શોધવી નકામી હતી. એણે પહેલાં દોરીથી વૃક્ષની છાયા માપી લીધી. પછી એમાં ઊગેલી વનસ્પતિ ચૂંટી-ચૂંટીને બળદને ખવરાવવા લાગી.

કઈ ચોક્કસ વનસ્પતિ ગુણ કરે, એની ખબર નહોતી; પણ ધીરેધીરે બધી વનસ્પતિઓ આવી ગઈ.

ખાતાંની સાથે બળદ પુરુષ થઈ ગયો.

બાઈ રાજી થઈ. પુરુષે પૂછ્યું : અરે ! આ કેમ થયું ?'


સ્ત્રી કહે : 'હું કંઈ જાણતી નથી. ચોક્કસ વનસ્પતિ જાણતી નહોતી એટલે આ બધી ભેગી કરીને તમને આપી.'

આટલી વાત પૂરી કરતાં આચાર્યે કહ્યું :

'જેમ અજાણી અનેક ઔષધીઓથી ધાર્યું કાર્ય સિદ્ધ થયું, એમ કલિયુગમાં મોહથી વિવેકજ્ઞાન ઢંકાઈ ગયું છે; માટે સર્વ ધર્મનું ભક્તિથી અજાણતાં પણ આરાધન કરતાં એ કલ્યાણ કરે છે, એવો મારો મત છે.'

મહારાજા સિદ્ધરાજ આ સાંભળી ખૂબ રાજી થયા.

ધર્મઝનૂનીઓની જીભ સિવાઈ ગઈ.



૧૯

# ચના જોર ગરમ

ગુજરાતનું રાજતંત્ર શાંતિથી ચાલે છે. ખેડૂત ખેતી કરે છે. ક્ષત્રિય ચોકી કરે છે. બ્રાહ્મણ વિદ્યાદાન કરે છે. વૈશ્ય વેપાર કરે છે. માયા હરિજન અને એના નાતીલાઓ ભારે નગર-સેવા કરે છે. નગરને એવું ચોખ્ખું રાખે છે કે ન પૂછો વાત ! કહે છે કે હક મળ્યા તો ફરજ કેમ ચુકાય ? હક અને ફરજ એક સિક્કાની બે બાજુ છે.

એક દિવસની વાત છે.

રાતનો સમય હતો.

શહેર પાટણ હતું.

સ્થળ હતું કર્ણમેરુપ્રાસાદ.

પ્રાસાદ એટલે મંદિર.

મંદિરના આંગણામાં નાટક ચાલતું હતું.

એ વખતે સામાન્ય રીતે મંદિરના આંગણામાં નાટકો થતાં. નાટકના રચનારા કવિ કહેવાતા. કવિ રચના કરતા, ભજવૈયા ભજવતા, બજવૈયા બજાવતા.

ગામના સારા-સારા માણસો એમાં ભાગ લેતા. રાજા પોતાના દરબારમાં ભજવૈયાને અને બજવૈયાને ખેલ માટે બોલાવતા. રાજા રાજમહેલમાં નાટકશાળા રાખતા. એ ચિત્રશાળા કહેવાતી. સામાન્ય રીતે રાજાઓ બહાર ખેલ જોવા ન જતા. પ્રજામાં બહુ ભળવામાં ન માનતા. દૂર- દૂર રહેવામાં મોટાઈ માનતા.

પણ મહારાજ સિદ્ધરાજ જુદી ખોપરીના હતા, સહુથી જુદા સ્વભાવના હતા. પ્રજામાં જેટલું હળી-ભળી શકાય તેટલું સારું એમ માનતા.

લડાઈઓ ખૂબ લડ્યા. એ જાણતા હતા કે લડાઈથી સંપત્તિ વધે, પણ પ્રજામાં સુખ ન વધે. પ્રજાના સુખ માટે પ્રજાના પ્રશ્નો જાણવા જોઈએ; પ્રજાનાં સુખદુ:ખની ખબર રાખવી જોઈએ. આ બાબતમાં પોતાના ંમત્રી, સેનાપતિ કે ગુપ્તચરોથી પ્રજાના હાલ જાણવા કરતાં જાતે જાણવા જોઈએ.

એ જાણતા હતા કે મંત્રી માણસ છે: કોઈ વાર આઘું-પાછું કહે.

એ જાણતા હતા કે સેનાપતિ પણ આખરે કાળા માથાનું માનવી છે : કોઈ વાર લોભ-લાલચ કામ કરી જાય.

શાસ્ત્રમાં કહ્યું છે કે રાજાએ સકર્ણ થવું જોઈએ; મોટે ભાગે રાજાઓ અકર્ણ-કાચા કાનના-હોય છે. એટલે પોતાના અનુચરોની વાતો ભલે સાંભળવી, પણ પ્રજાની હાલત તો સગી આંખે જોવી; એની વાત સગા કાને સાંભળવી.

કારણ કે ઘણા ઉત્સાદ લોકો રાજાની આંખે પાટા બાંધવામાં હોશિયાર હોય છે : કોઈ વાર કચેરીમાં કાચ હીરાના ભાવે વેચાય છે, તો કોઈ વાર હીરો કાચના ભાવે જાય છે.

માટે રાજાએ સાચું - ખોટું પારખવું જોઈએ, જાતે ઝવેરી થવું જોઈએ. આ માટે મહારાજ રોજ રાતે વેશપલટો કરીને બહાર નીકળતા, અને ગલીએ-ગલીએ, શેરીએ-શેરીએ, તળાવની પાળે, બગીચાઓમાં ફરતા, લોકોની હાલત જોતા. લોકોની વાતો સાંભળતા.

આજે ફરતા-ફરતા તેઓ કર્ણમેરુપ્રાસાદમાં આવ્યા. એમણે જોયું તો ત્યાં નાટક ચાલે છે. ભારે ભીડ જામી છે.

નાટક બરાબર રંગમાં છે. લોકો તાળીઓ પર તાળીઓ પાડે છે !

પ્રેક્ષકો એકધ્યાનથી જોઈ રહ્યા છે. પ્રેક્ષકો ભેગા મહારાજ ભળી ગયા; ઊભા-ઊભા જોવા લાગ્યા.

જોતાં-જોતાં વિચારવા લાગ્યા કે, વાહ ! મારી પ્રજા કેવો આનંદ લઈ રહી છે ! આ રીતે જ આખા દહાડાનો થાક અને કંટાળો દૂર થાય. અને નાટક પણ કેવું સુંદર છે ! એની ભાષા પણ કેવી મધુર છે ! એના ભાવ પણ કેવા તેજસ્વી છે ! આવા નાટકથી જ પ્રજા ઘડાય .

અને ભજવનારા પણ મન, વચન અને શરીરને એક્તાર કરી કેવો ખેલ ભજવી રહ્યા છે ! ઘડીમાં ધારે ત્યારે લોકોને હસાવે છે, ધારે ત્યારે રોવરાવે છે ! ધારે તે રસ જમાવે છે !

નાટકો અજ્ઞાની-જ્ઞાની બંનેને ઘડે છે, અસર કરે છે. માર્ગ ચૂકેલા ઘણા જ્ઞાની નાટક જોતાં-જોતાં સાચા રસ્તે વળ્યા છે. એટલા માટે તો નાટક્ને પાંચમો વેદ ક્હ્યો છે. આ વેદ બરાબર જળવાય એ માટે મારે ધ્યાન આપવું જોઈએ. મતલબી લોકો એને બગાડે નહિ, એની સંભાળ રાખવી જોઈએ.

મારા રાજમાં મારે આ વાતને ઉત્તેજન આપવું ઘટે. કવિઓને ઇનામ આપવું ઘટે. ભજવૈયાની પૈસાની ભીડ ભાંગે ને નિરાંતે નિર્દોષ રીતે લોકોનું મનોરંજન કરે, એમ કરવું ઘટે. પૈસાની તાણ એમનું કામ બગાડે. પૈસાનો લોભ કદાચ એમના મનને બગાડે, નાટક્ને બગાડે, ભાવનાને બગાડે ! આમ થવું ન જોઈએ.

મહારાજા ઊભા-ઊભા આવા વિચાર કરી રહ્યા છે, ત્યાં એમના ખભા પર કોઈએ હાથ મૂકીને ક્હ્યું : 'કેમ છે, યાર ?'

મહારાજે પાછી નજર કરીને જોયું. ભીડ ઘણી વધી હતી, ને પાછળથી દબાણ થતું હતું.

'કોણ છો તમે ?' મહારાજે પૂછ્યું.

'ન ઓળખ્યો મને ? અરે, પાટણમાં રહો છો કે જંગલમાં ? યાર ! પરદેશી લાગો છો. ચના જોર ગરમ ! પાટણનાં સ્ત્રી, બાળક અને પુરુષ તમામ મને ઓળખે છે. મારા ચણા તો મોટા મોટા શેઠશાહુકાર ખાય છે. બેટ પીરમના બાદશાહ અને દખ્ખણના રાવરાજા પણ હાથી પર માણસ મોકલી મારા ચણા મંગાવે છે. અરે, રાજાની રાણીઓ પણ લાખ-લાખ રૂપિયાની દાસીઓને મારે ઘેર ચણા લેવા મોકલે છે. શું રૂપ ! શું રૂપ ! પણ મારે તો રૂપિયા સામે જોવાનું, મારા મહેરબાન ! એક વાર ખાઈ જુઓ તો જિંદગી સુધી દાઢમાં સવાદ ન રહી જાય તો મને કહેજો !'

ચણાવાળાએ પોતાની પ્રશંસાના પુલ બાંધવા માંડ્યા.

મહારાજે કહ્યું : 'હું પરદેશી છું. તમે ચણા વેચનાર છો ? તમારું નામ ?'

'અરે ભલા ભાઈ ! તમે તો જાણે સૂરજને પૂછો છો કે અલ્યા, તું કોણ છે ? અરે મહાશય ! હું ચતુર્ભુજ ચણાવાળો. પાટણની ફાંકડી ફોફલ શેરીમાં રહું છું. મારા ચણાનાં દર્શન તો જેનાં નસીબ હોય એને થાય ! અને એ ખાવા માટે પૂર્વ પુણ્યની કમાઈ હોય તો પાટણમાં જન્મ થાય. જો કોઈ મેરા ચના ખાવે, વો દિલ્હી-દખ્ખણકા રાજા થાવે, ચન્ના જોર ગરમ !'

'તમારી પાસે ચણા છે ?'

'અરે, અત્યારે ચણા કેવા ? આ તો મોજમજાનો વખત છે. ધંધાના વખતે ધંધો, આનંદના વખતે આનંદ. પટ્ટણીઓ મખ્ખીચૂસ નથી.' ચણાવાળાએ કહ્યું ને સામે પૂછ્યું : પણ ભાઈ ! તમે ક્યાના છો ? તમારું નામ ?'

'મેદપાટનો છું નામ સિંહરાજ.'

'મારવાડના છો, એમ ને ?' ચણાવાળાએ સિંહરાજના ખભા પર પોતાના શરીરનું વજન નાખતાં કહ્યું : જાણે એ એની તાકાતની પરીક્ષા કરી રહ્યો હતો.

'હા ભાઈ, નોકરી માટે આવ્યો છું. સાંભળ્યું છે કે પાટણનો રાજા સિદ્ધરાજ મહાન ઉદાર રાજા છે. કહે છે કે દક્ષિણનો જગદેવ* અહીંનો મહાપ્રતિહાર-કોટવાળ છે. એના ભરોસે લોકો દ્વાર ખુલ્લાં મૂકીને સૂએ છે. દેશી-પરદેશીના ભેદ એને ત્યાં નથી. મોટા મોટા સિંહોને મેં એક હાથે પૂંછડીએ પકડીને ફંગોળીને ફેંકી દીધા છે.'

'ભાઈ સિંહરાજ ! ઉપલો માળ (ભેજાં) ભાડે તો આપ્યો નથી ને ! પૂંછડીએ પકડીને તે વળી સિંહ ફેંકાતા હશે ? તારા એ સિંહ પણ કેવા હશે ! પણ હા, અમારા ભાષાશાસ્ત્રી આચાર્ય હેમચંદ્ર કહે છે કે એક શબ્દના અનેક અર્થ થાય છે : મેષ એટલે ઘેટો પણ થાય અને રાશિ પણ થાય. અને મેઘ એટલે વરસાદે થાય, વાદળે થાય ને રાગ અથવા છંદ પણ થાય. શબ્દને કામધેનુ કહ્યો છે, એમ તમારા મેદપાટમાં ઉંદરને કે શ્વાનને સિંહ કહેતા હશે !' ચણાવાળાએ મશ્કરી કરતાં કહ્યું. એ પણ જાણકાર લાગ્યો.

'શું કહ્યું તમે ? મજાક ન કરો, મારા ભાઈ ! મેદપાટના વીરોને તમે જોયા

---

* માળવાના જગદેવ પરમારની ખૂબ વાતો ચાલે છે; પણ એ માળવાનો નહિ, પણ દક્ષિણનો મીનલદેવીનો સગો થતો. કોટવાળ તરીકે એની અજબ કીર્તિ હતી.

છે ? તેર તવા એક તીરે વીંધી નાખે !' સિદ્ધરાજે કહ્યું.

'ભાઈ સિંહરાજ ! પાટણના વીરો સાથે તમારો પલ્લો પડ્યો લાગતો નથી. બાબરા ભૂતવાળી વાત તો સાંભળી છે ને ? બાબરાથી તો તું જબરો નથી ને ? કહે જો : એક ડબ્બો ઘી પી શકીશ ? એક માટલું મધ ચાટી શકીશ ? એક મણ ટોપરાનાં કાછલાં ચાવી શકીશ ? કહે !' ને ચતુર્ભુજ ચણાવાળાએ હાથની ઝાપટ મહારાજની આંખ પર મારી.

આંખ મીચાઈ ગઈ.

ચણાવાળો હસી પડ્યો ને બોલ્યો : 'અરે યાર ! એક ઝાપટમાં તો આંખ મીચાંઈ જાય છે! કોઈ ઉંદરમાર લાગો છો, ઉંદરમાર'

મહારાજે ચિડાયા જેવો ડોળ કર્યો. એ બોલ્યા : 'કાલે સાત સિંહ ને સાત વાઘ સાથે મારી ન બતાવું, તો મારું નામ સિંહરાજ નહિ !'

'અરે યાર ! અમે ગુજરાતીઓ જરા મશ્કરી કરવાના સ્વભાવવાળા છીએ. અમને ગુસ્સો કરવા કરતાં આનંદ કરવો વધુ ગમે. ભાઈ, આમ અહીં ચિડાઈશ નહિ. આ નગરની સુંદરીઓ ભારે મજાકી છે. ચિડાયો તો મૂઓ છે ! મજા કર, લહેર કર ! લે યાર સિંહરાજ, પાન તો ખા !'

ચતુર્ભુજ ચણાવાળાએ ખિસ્સામાંથી ચાંદીની નકશીદાર ડબ્બી કાઢી મઘમઘતું કપૂરી પાન આપ્યું ને કહ્યું : 'મહારાજ સિદ્ધરાજને તમારા જેવા નરબંકા બહુ ગમે છે. એ રત્નની પરીક્ષા કરનાર ઝવેરી છે. જો નોકરી મળે તો મને યાદ કરીશ ને ?'

'જરૂર, જરૂર ! પાન ખાધું અને લાલ મોં કર્યાં એટલે અમારા દેશમાં દોસ્તી બાંધી ગણાય.'

'વાહ દોસ્ત ! જો, મારા ચણામાં તારો ભાગ; તારી નોકરીમાં મારો ભાગ. જે માણસ પાટણપતિની ભાવથી સેવા કરે એના ભવનાં દરિદર દૂર જાય.' ચણાવાળાએ કહ્યું.

'કૂબલ છે તારી શરત !'

'તો લગાવો ફરી પાનપટ્ટી ! કરો મોં લાલ !' ને ચણાવાળાએ નાનકડું ગીત ગાતાં-ગાતાં કપૂરમિશ્રિત બીજું પાન કાઢીને સિદ્ધરાજને આપ્યું.

સિદ્ધરાજે પાન ખાતાં-ખાતાં કહ્યું,

'વાહ, ભારે મસાલેદાર પાન છે !'

'લે યાર તો ત્રીજું ! ને ચતુર્ભુજે વળી ત્રીજું પાન આપ્યું. સિદ્ધરાજે પાન ખાધું. પછી તો ખરેખરી દોસ્તી જામી ગઈ.

નાટક પણ બરાબર જામ્યું હતું.

ચતુર્ભુજ ચણાવાળાએ મહારાજના ખભે હાથ મૂક્યો. ભાર એટલો દીધો કે જેવાતેવાના તો ખભા તૂટી જાય, પણ મહારાજને તો એ ભાર કંઇ વિસાતમાં નહોતો.

ખેલ પૂરો થયો ને ચણાવાળો અને મહારાજ છૂટા પડ્યા. જુદા પડતી વખતે વળી ચતુર્ભુજે કપૂરી પાનનું બીડું આપતાં કહ્યું :

'ભાઈ સિંહરાજ ! મળવું હોય તો બપોરે ઘેર આવજે. ફોફળ શેરી અને ચતુર્ભુજ ચણાવાળો-આટલું કહીશ, તો રસ્તે જતું છોકરું પણ ઘર બતાવશે. પાટણની મોજ માણવા જેવી છે.'

'જરૂર. કાલે જરૂર મળીશ.'

બંને જણા રામરામ કરીને છૂટા પડ્યા.

રાત પૂરી થઈ. આખી રાત નાટક ચાલ્યું. ખેલના દીવા સૂરજદેવે આવીને બુઝાવ્યા. દિવસનો ઉદય થયો

મહારાજ સિદ્ધરાજ નિત્યકર્મ કરી સર્વાવસરમાં રાજસભામાં આવ્યા. રાજસભાને એ વખતના લોકો સર્વાવસર કહેતા.

મહારાજે સર્વાવસરમાં આવતાંવેંત સિપાઈને કહ્યું :

'ફોફળવાડીમાં રહેતા ચતુર્ભુજ ચણાવાળાને બોલાવી લાવો !'

સિપાઈઓ દોડ્યા. સૌને થયું : નક્કી, આજે ચણાવાળાનું આવી બન્યું. જરૂર મહારાજની નજરમાં એ બટકબોલો આવી ગયો. આજ ચતુર્ભુજ (હાથે-પગે દોરડાં બાંધીને ચાર ભુજા કરે તે) ચતુર્ભુજ બનશે !

સિદ્ધરાજ અજાણ્યા ગુનેગારોને આ રીતે પકડતા. જે ગુનો શોધતાં અને જે ગુનેગારને પકડતાં અમલદારોને અને સિપાઈઓને દિવસો લાગતા, એ બધાને મહારાજ ચપટી વગાડતાં પકડી પાડતા.

થોડીવારમાં ચણાવાળો હાજર થયો. એણે સિંહાસન પર બિરાજેલા મહારાજ સિદ્ધરાજ સામે જોયું ને એના મોતિયા મરી ગયા :

અરે, પેલો પરદેશી સિંહરાજ બીજો કોઈ નહિ, પણ ગુજરાતના ધણી મહારાજ સિદ્ધરાજ પોતે ! અરે, મેં કેવો અવિનય કર્યો ! સિંહરાજને ઉંદરરાજ કહ્યો !

મહારાજાએ કહ્યું, 'ચતુર્ભુજ ! તારાં પાનનો સ્વાદ તો માણ્યો, પણ ચણાની મજા માણી નથી. દેશદેશના રાજા-મહારાજા મંગાવીને ખાય અને ઘર-આંગણાના મહારાજા વા ખાય, કાં ? અલ્યા, આ તો ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધીઆને આટો ! આવું તે હોય ?

'માલિક ! અમારો ધંધો જીભનો : અમારા માલ કરતાં અમારી જીભમાં વધુ સ્વાદ. મંગાવનાર રાણીમાં મારી કાણી વહુ, ને હુક્મ આપનાર રાજામાં મારાં છોકરાં ! બીજું કોણ ? ચણામાં તે શું ખાવાનું ?' ચતુર્ભુજ વિનયથી બોલ્યો.

મહારાજ હસીને બોલ્યા : 'ચતુર્ભુજ, એમ છટકી જઈશ, એ નહિ ચાલે. તારે દંડમાં ચણા આપવા પડશે.'

'દંડને યોગ્ય કંઈ ગુનો, મહારાજ ?

'ચતુર્ભુજ ! તેં મારા ખભા પર ટેકો લઈને નાટક જોતાં-જોતાં મારો ખભો દુખાડી નાખ્યો છે. એનો દંડ ખરો કે નહિ ?' મહારાજે હસતાં-હસતાં કહ્યું.

ચણાવાળો બોલ્યો : 'સ્વામી ! આપ તો આખી પૃથ્વીનો ભાર ઊંચકો છો ને ખભો દુ:ખતો નથી, તો તણખલા જેવા મારા વજનથી ખભો કેમ દુ:ખે ? મહારાજ, મોભને વળી વળગે, વળીને મોભ ન વળગે.'

મહારાજ ચણાવાળાના આ જવાબથી ખુશ થયા. એમણે રાજસભાને રાતવાળી વાત કહી, ને બધા પેટ પકડીને હસ્યા.

મહારાજે કહ્યું : 'મેં ચણાવાળાનાં પાન ખાધાં છે. રાજા ધારીને મને આપ્યાં હોત તો ઇનામ ન આપત. પણ એક પરદેશી ધારી આતિથ્યભાવનાથી આપ્યાં, માટે એની કદર કરું છું. સો સોનામહોર એને ઇનામમાં આપો ! પણ શરત એ કે તાકીદે એ અંત:પુરમાં ચણા મોકલે.'

આખી સભા સિદ્ધરાજની ઉદારતા જોઈ રાજી રાજી થઈ ગઈ !

'સાચેસાચાં રાજા-રાણી મારા ચણાને આજે ખાશે. ચણા ધન્ય થશે, ચણાને જન્માવનાર ભૂમિ ધન્ય થશે, ને ચણાને કેળવનાર પણ ધન્ય થશે ! જય મહારાજ ગુર્જરેશ્વરની ! દિલ દેજો તો આવું દેજો !'

ચણાવાળો આટલું બોલીને ગુર્જરપતિના ચરણમાં પડી ગયો. એ સો સોનામહોરોથી વિશેષ ધંધો કરીને શ્રીમંત થઈ ગયો. ટૂંક સમયમાં એની ડેલીએ દસ લાખના દસ દીવા બળવા લાગ્યા.



# ૧૭

# ખંભાતનો કુતુબઅલી

ઘણે દિવસે મન આનંદમાં છે. મહારાજ સિદ્ધરાજનું રાજ્ય બરાબર ચાલે છે.

સાંતૂ મહામંત્રી નિવૃત્ત થયા છે. ભગવાનની ભક્તિમાં એમણે દેહ અર્પી દીધો છે.

મુંજાલ મહેતા પણ રાજા કર્ણના વારાના મહામંત્રી. હવે રાજકાજમાં ખાસ ભાગ લેતા નથી. ભીડ પડ્યે દોડતા હાજર થાય છે.

મહાઅમાત્યપદે નાગરમંત્રી દાદાક છે. એમની મદદમાં આખી મંત્રી-પરિષદ છે. બધા ભેગા મળી રાજપ્રશ્નો ચર્ચે છે.

મહામંત્રી કેશવ પંચમહાલમાં છે. હમણાં માતાની સ્મૃતિ માટે ત્યાં ગોગનારાયણનું મંદિર બાંધી રહ્યા છે.

સોરઠમાં સજ્જન મહેતા છે. ગિરનાર તીર્થનાં દહેરાં સમરાવી રહ્યાં છે : નામ મહારાજ સિદ્ધરાજનું, ધન પ્રજાનું, મહેનત પોતાની. માળવામાં મહામંત્રી મહાદેવ વહીવટ સંભાળે છે. એને રાતદહાડો સજાગ રહેવું પડે છે.

ખંભાતમાં મહામંત્રી ઉદા મહેતા બેઠા છે. રાજદરબારમાં નવા મુસદ્દી છે, પણ ભાત પાડે એવા છે.

મહારાજા શાંતિ અનુભવે છે. બધે શાંતિ છે, અમનચમન છે.

એક દિવસની વાત છે.

મહારાજ સિદ્ધરાજ શિકારે નીકળ્યા છે. શિકાર એટલે શિક્ષણ. દેશના ઉજ્જડ ભાગો, ત્યાંની કીમતી વનરાઈ, ત્યાં વસતા લોકો અને ખેતી–આ રીતે રાજાની નજરમાં રહે.

વળી હમણાં-હમણાં એક ચિત્તો નજીકના પ્રદેશમાં પેધો પડેલો. રાતવરત આવી શિકાર કરી જાય. પાડું, બકરું કે ગાય હાથમાં આવ્યું તે મારીને ઉપાડી જાય.

મહારાજાએ આજે એનો પીછો પકડ્યો હતો. પણ ચિત્તાની જાત લુચ્ચી ! એ મહારાજાને ખૂબ દૂર-દૂર ખેંચી ગયો. અનુચરોમાં ફક્ત એક જણ સાથે રહી શક્યો.

બપોર થયો. ભાણ તપ્યો. પૃથ્વી અંગારા વેરવા લાગી. મહારાજા એક ઝાડ નીચે આરામ લેવા બેઠા.

ઝાડ પર વાંદરાં રમે.

રાજા અને વાંદરાં કોઈની દરકાર ન કરે. વાંદરાં ઉપર બેઠાં-બેઠાં મીઠા ટેટા ખાય; અડધા ખાય ને અડધા નીચે નાખે - ટપાક ટપ !

નીચે રાજા બેઠા હોય કે મહારાજા, એની એમને શી ચિંતા ? એ તો ટપાક લઈને એઠા ટેટા નીચે નાખે. રાજા ઉપર જુએ એટલે વળી ડાહ્યાંડમરાં થઈ જાય.

બેચાર વાર આમ થયું એટલે મહારાજ સિદ્ધરાજ ચિડાયા. એમણે ઊભા થઈને ઝાડ પર નજર ફેરવવા માંડી.

વાંદરાં તો દેખાયાં, પણ એમાં એક માટો વાનર દેખાયો : ખાસ્સો માણસના કદનો.

મહારાજાએ સાંભળ્યું હતું કે બીજા દેશોમાં બહુ મોટા વાનરો થાય છે, પણ ગુજરાતમાં તો આવા વાનરો દેખવા પણ મળતા નહોતા.

રાજાએ વાનર તરફ પોતાનું તીર તાક્યું. ત્યાં તો એ વાનર નીચે પડ્યો-વગર તીરે જાણે એ વીંધાઈ ગયો હતો. નીચે પડીને બે પળ એ તરફડ્યો. પછી બેઠો થઈ બે પગે અને બે હાથે ચાલતો મહારાજા પાસે આવ્યો.

મહારાજ સિદ્ધરાજ મરદ માનવી હતા. બીજો માણસ હોય તો ભૂત-પ્રેતનાં ચરિતર માની જીવ લઈને ભાગે. પણ આ તો સિદ્ધરાજ ! ભૂતનોય દાદો ! એની મહાન માતાએ એને કદી કોઈથી ડરતાં શીખવેલું નહિ ! ડરવું અને મરવું બેય બરાબર !

રાજાએ ધનુષ-બાણ ખભે ભરાવી, કમર પરની તલવારની દોરી ઢીલી કરી બૂમ પાડી :

'કોણ છે તું ? બોલ, નહિ તો આ તારી સગી નહિ થાય !'

'માણસ છું.' પેલો નર-વાનર બોલ્યો

'માણસ હોય કે માણસનું મડું, પણ ત્યાં ઊભો રહી જા ! જાણી લે કે હું બર્બરકજિષ્ણુ સિદ્ધરાજ જયસિંહ છું.'

પેલો નર-વાનર ત્યાં થંભી ગયો, ને પછી ઊભો થયો.

સિદ્ધરાજે જોયું કે એ ખરેખર માણસ હતો. એણે કમર પર લૂંગી વીંટી હતી ! માથે એક કપડું બાંધ્યું હતું. એને નાની-નાની દાઢી હતી.

સિદ્ધરાજે પૂછ્યું : 'ક્યાંનો છે તું ?'

'ખંભાતનો છું, હજૂર !'

'તો તો મારી પ્રજા છે. જાતનો મુસલમાન લાગે છે.' સિદ્ધરાજને પોતાની પ્રજા લાગતાં જરા લાગણીથી પૂછ્યું.

'હા, જહાંપનાહ !' એ માણસે કલબલી ભાષામાં જવાબ આપ્યો.

'તારું નામ શું ?'

'કુતુબઅલી.'

'ખંભાતમાં શું કરે છે ?'

'મસ્જિદનો ખતીબ (ઉપદેશક) છું.'

'અહીં શા માટે આવ્યો હતો ?'

'હજૂર, અરજ ગુજારવા. પાટણના દરબારમાં ઘણા આંટા ખાધા, પણ મને કોઈએ પેસવા ન દીધો. હમ ગરીબોં કા કૌન હૈ ?' ખતીબે કહ્યું.

'ખંભાતમાં તેં તારી ફરિયાદ ન કરી ?'

'ના હજૂર ! મને સહુએ કહ્યું કે એ બધા અંદરથી મળેલા છે, તને ન્યાય નહિ મળે. સીધો પાટણ પહોંચ. ન્યાય આપે તો મહારાજ આપે !'

'સારું ! શું તારી ફરિયાદ છે.' મહારાજાએ કહ્યું. એમની મોટી-મોટી આંખોમાં હિંગળોક્ની લાલાશ આવીને ભરાઈ હતી.

'હજૂર ! જાનની અમાનત મળે તો કહું.' ખતીબે કહ્યું.

'રાજા સિદ્ધરાજના રાજમાં તારો વાળ પણ વાંકો નહિ થાય. અદલ ઇન્સાફ એ મારું વ્રત છે.'

'હજૂર ! એ જાણું છું. ગુજરાતના બાદશાહની એ આબરૂ મુલ્કમશહૂર છે. ગરીબનવાજ ! ખંભાતના દરિયાકાંઠે આવેલા એક પરામાં અમે રહીએ છીએ. મૂળ તો ગાયમાંથી ઝગડો જાગ્યો. ભારે તોફાન થયું. એંશી માણસો માર્યાં ગયાં; અમારાં ઘરબાર જલીને ખાખ થયાં ! હવે અમારા માટે તો ઉપર આસમાન અને નીચે જમીન રહી છે. મુસલમાનો આપની પાસે અદલ ઇન્સાફ માગે છે. હજૂર ! અને ખતીબે પોતાની કમર પર રહેલો કાગળ આગળ ધર્યો. એમાં લખ્યું હતું.

***'મૈં હૂં મુસલમાં ખંભાતકા, ખતીબ મેરા નામ,***
***આયા હૂઁ અરજ ગુજારને, સુનો ગરીબનવાજ !***
***સુનો ગરીબનવાજ ! ગુર્જરનાથ ગુણવાન,***
***ખંભાતકે મુસલમાન પર, હુઆ જુલ્મ અપાર,***
***મકાન-મસ્જિદ સબ ગયા રહા નહીં કુછ પાસ,***
***ઇન્સાફ કરો સુલતાન તુમ, યહી એક અરદાસ.'***

મહારાજાએ અરજી વાંચી. એટલામાં મહારાજાના અંગરક્ષકો એમને શોધતા-શોધતા ત્યાં આવી પહોંચ્યા. તેઓએ દૂરથી રાજાને સલામત જોઈ બૂમ પાડી : ઘણી ખમ્મા ગુર્જર ચક્રવર્તી મહારાજને !'

'કોણ, શિવસિંહ ?' અંગરક્ષક્ની ટુકડીના આગેવાન શિવસિંહને

ઉદ્દેશીને મહારાજે કહ્યું : 'આ ખતીબ ખંભાતનો મુસલમાન છે. એના પર જુલમ ગુજર્યો છે.'

'હા હજૂર ! હમણાં ઉદા મહેતાના ખંભાતમાં જૈનોની ફાટ વધી સંભળાય છે.' શિવસિંહે કહ્યું.

'શિવસિંહ ! કંઇ તપાસ કરી ? તપાસ કર્યા વગર કોઈને માથે આળ ન મુકાય. ધર્મની બાબત નાજુક છે.' રાજાએ જનમત જાણવા પ્રશ્ન કર્યો.

'મહારાજાધિરાજ ! વાઘને કોણ કહે કે તારું મોં ગંધાય છે ?'

'શિવસિંહ ! આ ખતીબને તારા રક્ષણમાં રાખ. હું કહું ત્યારે દરબારમાં હાજર કરજે !'

'જેવો હુકમ, મહારાજ !'

'હવે ચાલો નગર ભણી !'

ખતીબ સાથે બધા પાછા વળ્યા. મહારાજ ઊંડા વિચારમાં પડી ગયા હતા.


કેટલીક વારે પાટણના કાંગરા દેખાયા.

કુક્કુટધ્વજ આકાશમાં ઊડતો દેખાયો.

નગરમાં પ્રવેશ કરતાં મહારાજાએ કહ્યું :

'શિવસિંહ ! હું થાક્યો છું. વિશ્રામ લેવા ત્રણ દિવસ અંત:પુરમાં રહીશ. મહામંત્રીને વાત કરજે.'

'જેવી આજ્ઞા.' શિવસિંહે કહ્યું, અને ખતીબને લઈને એ પાસેની ગલીમાં વળી ગયો.



૧૮

# અદલ ઇન્સાફ

ત્રીજે દિવસે પાટણનો દરબાર ભરાયો.

દેશડાહ્યા દીવાનો આવીને ગોઠવાઈ ગયા.

સમશેરબહાદુર સામંતોએ આવીને પોતાનાં આસન લીધાં. જગતભરમાં જેનો વેપાર ચાલે છે, ને જેનું વહાણવટું ચાલે છે, એવા ગુજરાતના કોટિધ્વજો આવીને યોગ્ય સ્થાને બેસી ગયા.

ત્રણ દિવસે ગુર્જરેશ્વર આજ દરબારમાં આવતા હતા. થોડી વારમાં નેકી પોકારાઈ.

આજાનબાહુ મહારાજા સિદ્ધરાજ સામેથી આવતા દેખાયા. એમના મોં પર સિહનું તેજ હતું, ચાલમાં હાથીનું ગૌરવ હતું. મલ્લવિદ્યાના આ ઉપાસકનો દેહ પૂરેપૂરો કસાયેલો હતો.

‘ઘણી ખમ્મા મહારાજને !’ કહીને આખો દરબાર ઊભો થઈ ગયો.

રાજાએ આવીને સિંહાસન પર સ્થાન લીધું. થોડી વાર આડીઅવળી વાતચીત કરી મંત્રીને કહ્યું : ‘કંઈ નવાજૂની ? કોઈ સુખી-દુ:ખી ?

મહામંત્રી બોલ્યા : 'સ્વામી ! આપના રાજમાં કોઈ દુઃખી કે દરિદ્રી નથી. સર્વ કોઈ એક પિતાની પ્રજાની જેમ રહે છે.'

'ખંભાતના કંઈ વર્તમાન ?'

મહારાજે એકાએક ખંભાતના સમાચાર પૂછ્યા તેથી મહામંત્રીને આશ્ચર્ય થયું. મહામંત્રી મહારાજના તરંગી સ્વભાવને જાણતા હતા. એમણે કહ્યું.

'ઉદા મહેતાના શાસનમાં શું કહેવાનું હોય ?'

'એમ વાત ન ઉડાવો. શાંતિ છે ને ?'

'હોય તો હિંસા-અહિંસાનો ઝઘડો હશે. બાકી ખંભાતની વાત બહાર આવે જ ઓછી.' પુરોહિત બોલ્યા. એ દાઢમાંથી બોલતા હતા.

'એમ વાત ન ઉડાવો. મારે મન શૈવ, જૈન, હિંદુ કે મુસ્લિમ-બધા સરખા છે. સિંહાસન પાસે હું ગુનેગાર ઠરું તો મને પોતાને પણ સજા કરતાં હું પાછો નહિ પડું.' સિદ્ધરાજે ગંભીર અવાજે કહ્યું.

આ અવાજ ખૂબ જ પ્રતાપી હતો. ભલભલાની જીભ ઉપાડી ઊપડતી નહોતી.

'આગનું કંઈ કારણ જાણ્યું ?' સિદ્ધરાજે આગળ ચલાવ્યું.

'ઉદા મહેતા જાણે.' મહામંત્રીએ કહ્યું.

'મંત્રીરાજ ! આ વાત તમે ગમે તેવી રીતે ઉડાવી શકો. તમે મંત્રી છો, પણ હું રાજા છું. આવી વાતમાં આંખ આડા કાન મારાથી ન થાય. હું આંખ આડા કાન કરું તો મારો ધર્મ ચૂક્યો કહેવાઉં. રૌરવ નરકમાં મારો વાસ થાય. શિવસિંહ, ખતીબને હાજર કર !'

થોડીવારમાં ખતીબ હાજર થયો. એણે પોતાની ફરિયાદ રજૂ કરી.

જેમ જેમ એ પોતાની વાત કહેતો ગયો, તેમ તેમ સહુનાં મોં ઊતરતાં જતાં લાગ્યાં.

નિવેદન પૂરું થતાં મહામંત્રીએ કહ્યું :

'આનો અર્થ અ કે આ માટે ખંભાતના મંત્રી જવાબદાર છે.'

'પણ તમે તેમનો જવાબ માગ્યો ?'

'માગ્યો જવાબ આપે એ જાુદા–ઉદા મહેતા નહિ !' પુરોહિતે વચ્ચે કહ્યું.

'એટલે શું પાટણ ખંભાતની નીચે છે ?'

'ના હજૂર ! પાટણ સર્વોપરી છે.'

'તો પાટણની ફરજ તપાસ કરવાની નથી ?'

'છે. હમણાં જ તપાસ કરાવું છું.' મહામંત્રીએ ઢીલા પડીને કહ્યું.

'ન્યાયના કામમાં વિલંબ કરવો એ ગુનો છે, એ તમે જાણો છો ! તમને હું માફ કરું, પણ મને કોણ માફ કરે ? હું ઈશ્વરનો ગુનેગાર ઠરું છું. શિવસિંહ, અંત:પુરમાંથી પેલી પાણીની ગાગર લઈ આવ.'

શિવસિંહ ગાગર લઈ આવ્યો.

રાજાએ કહ્યું : 'એમાંનું ચરણામૃત બધાને ચખાડ.'

શિવસિંહ બધાને પાણી ચખાડવા લાગ્યો. વૃદ્ધ દરબારીઓને રાજાજીનું આ છોકરવાદપણું ન રુચ્યું. પણ તેઓ મહારાજનો મિજાજ જાણતા હતા. લીધી લત છોડે એવા નહોતા.

'અહહ ! ખારું ધૂધ પાણી !' એકે કહ્યું.

'દરિયાનાં જળ લાગે છે.' બીજાએ કહ્યું.

'પાટણનું પાણી તો આવું નથી,' ત્રીજાએ કહ્યું.

'સાચી વાત છે તમારી !' મહારાજાએ કહ્યું : 'પાટણનું પાણી મોળું પડી ગયું છે; માટે ખંભાતથી આ ખારું પાણી લઈને ચાલ્યો આવું છું.'

'શું આપ ખંભાત જઈ આવ્યા ?' મહામંત્રીને આશ્ચર્ય થયું.

'આપ તો ત્રણ દિવસથી અંત:પુરમાં હતા ને ? પુરોહિતે કહ્યું.

'પુરોહિતજીની વાત ખોટી છે. મહામંત્રીનું કથન સાચું છે.' મહારાજા સિદ્ધરાજે કહ્યું.

'હું ખંભાતથી ચાલ્યો આવું છું. ખંભાતના સમાચાર સાંભળ્યા પછી મારું મન હાથમાં ન રહ્યું, ગુનાની તપાસ કરવા ને ગુનેગારને સજા કરવા ઘડિયજોજન સાંઢ લઈને ઊપડ્યો. મારી સાથે મારા બે વફાદાર અંગરક્ષકો હતા. પાટણથી ખંભાત પાંસઠ કોસ થાય.'



મહારાજા સિદ્ધરાજ ખંભાત તરફ

'આપ પાંસઠ કોસ ઊંટ પર ગયા ?

'માત્ર પાંસઠ કોસ શા માટે ? જતાં-આવતાંના એથી બમણા કહો ને ! પણ મને કદી તનનો થાક લાગતો નથી. હંમેશાં મનનો થાક લાગે છે. મારા રાજમાં વાઘ-બકરી એક આરે પાણી પીવે, ત્યાં નાની કોમ પર આ અન્યાય ? તમને બધાને કદાચ ધર્મના, કર્મના, નાત-જાતના વાડા હોય, પણ રાજા તો બધા વાડાથી પર ! એ પોતાના ધર્મને પાળે, બીજાના ધર્મને જાળવે.'

વૃદ્ધ દરબારીઓએ કહ્યું :

'મહારાજ ! અમે અમારી જાત માટે શરમ અનુભવીએ છીએ. આપની તપાસમાં શું માલૂમ પડ્યું ?'

'ખંભાતમાં હું અંધારપછેડો ઓઢીને બધે ફર્યો. ગલીએ-ગલીએ ફર્યો. મુસલમાન લોકોને મળ્યો. દરેક કોમના લોકોને મળ્યો. એમની સાથે મેં વાતચીત કરી.

'આખરે મને જણાયું કે અગ્નિપૂજક પારસી સાથે તમામ હિંદુ કોમોનો એમાં સાથ હતો. એટલે બધી કોમના બબે આગેવાનોને બોલાવી તેમનો દંડ કર્યો.'

'ધન્ય ગુર્જરેશ્વર, ધન્ય !' બધા દરબારીઓ બોલી ઊઠ્યા.

'કુતુબઅલી !' મહારાજાએ સાદ દીધો.

'જહાંપનાહ !'

'તમારાં મસ્જિદ અને મિનાર દરબારી ખર્ચે સમરાવી દેવામાં આવશે. ને વસ્તી ફરી વસી શકે તેવો પૂરતો બંદોબસ્ત થશે.'


'ખુદા આપને ઉમરદરાજ કરે મહારાજ !'ખતીબે કહ્યું.

'પણ જુઓ ખતીબ ! પાડોશીની સુંવાળી લાગણીઓને પણ સમજતાં શીખજો. સંસારમાં પડોશીધર્મથી મોટો કોઈ ધર્મ નથી.'

'જી હજૂર !'

'અને જગતને જાહેર કરજો કે ખુદાની નજરમાં જેમ હિંદુમુસ્લિમ એક છે, એમ ગુર્જરેશ્વરની નજરમાં પણ પ્રજા તરીકે હિંદુ-મુસ્લિમ એક છે.'

આખો દરબાર આ જુવાન રાજા પર વારી ગયો.



૧૯

## રાજા કે યોગી ?

સરસ્વતીનો કાંઠો છે.

સિદ્ધપુર ગામ છે.

ગગનચુંબતો રુદ્રમહાલય સામે ખડો છે. એની છાયામાં મહારાજ સિદ્ધરાજ, મંત્રીઓ અને સામંતો બેઠા છે.

મહારાજને રાજ ચલાવતાં ને પ્રજાનું પાલન કરતાં વૃદ્ધાવસ્થા આવી ગઈ છે. આંખોનાં તેજ ઘટ્યાં છે. ધરતી ધમધમાવતા પગોમાં ઝીણી કંપારી છે. અને એવી કંપારી હૈયામાં છે. પોતાને કોઈ વારસ નથી. ઉઘાડા પગે અને ખભે કાવડ લઈને સોમનાથ દેવની યાત્રા કરી તોય સવાશેર માટીની ખોટ દૂર ન થઈ ! મહારાજને ચિંતા સતાવે છે. આ મહારાજ્ય કોણ સંભાળશે ? જનેતાની જેમ જનતાની ભાળ કોણ લેશે ?

છતાં એ સૂરજ છે - સવારનો નહિ, તો સંધ્યાનો !

તેજ એ છે. રુઆબ એ  છે. પ્રજ્ઞા એ છે !

મહારાજ સિદ્ધરાજ રુદ્રમહાલય પર ફરકતી ભગવી ધજાને જોઈ રહ્યા

છે. ઉનાળાનો દિવસ છે. હવા પડી ગઈ છે, ધજા પણ નમી ગઈ છે ! મહારાજ વિચારમાં પડી ગયા છે. બીજી તરફ સાહિત્યનો વિનોદ ચાલુ છે :

**ચતુર પુરુષ ને આરસ, ભાર પ્રમાણે ન તોળી વેચાયે;**
**અધિક અધિક મૂૅલ પામે, દૂૅર પરગામે જ્યમ જ્યમ જાએ.**

આરસનો પથ્થર અને ચતુર નર તોળીને મૂલવાતા નથી. એ તો જેમ દૂર જાય, એમ અધિક કિંમત પામે.

**સંપત્તિ તણી પ્રાપ્તિ, જો ના કીધી પ્રવાસથી ભાવે;**
**ધિક્ યુવાઋતુ મૂર્ખની, અફળ ગઈ ફરી નહિ આવે.**

યુવાનીમાં માણસે પ્રવાસ ખેડીને ધન પ્રાપ્ત ન કર્યું, તો એની જુવાની નિરર્થક ગઈ સમજવી.

**ત્રણ અલાભ જ જામે, જો નર ઉંબર ગ્રહી રહે ગ્રામે;**
**ફાટે વસ્ત્ર, વધે ઋણ, ને નહિ કીર્તિ કદા પામે.**

માણસ ઘરમાં જ રહે તો ત્રણ ગેરલાભ થાય : કપડાં ફાટે, દેવું વધે અને અપકીર્તિ થાય.

મહારાજા એકાએક ધજા સામે જોતાં-જોતાં બોલ્યા :

'જોયું ને, ભગવાન રુદ્રની ધજા પણ કેવી નીચી નમી ગઈ !'

મંત્રીશ્વરે કહ્યું : 'મહારાજ ! હવા નથી એટલે .'

'માણસ પણ એક હવા જ છે ને - પ્રેમહવા ! એ હવા રહે ત્યાં સુધી ધજા ફરહરે. હવા ચાલી જાય એટલે ધજા નીચી નમે.'

'આપનું કથન સમજાતું નથી.'

'માણસ મોટો નથી, દૈવ મોટું છે. મારા ગુજરાતના ધ્વજને આજે તો કોઈ નમાવી શકે તેમ નથી, પણ શું સદાકાળ એવું ને એવું પરાક્રમ રહેશે ? દિવસ પછી રાત નહિ આવે ? મને આજે પરાક્રમમાં જે બળ લાગે છે, એનાથી પ્રાર્થનામાં વધુ લાગે છે. આજે હું પ્રાર્થના કરવા માગું છું.' ને મહારાજ સિદ્ધરાજ ઊભા થઈ, હાથ જોડીને બોલવા લાગ્યા :

---

કવિસાક્ષર શ્રી નવલરામ લક્ષ્મીરામ પંડ્યાના 'વીરમતી' નાટકના એક પ્રકરણની આ પ્રકરણ પર છાયા લીધી છે. તે માટે આભાર.

'હે રુદ્રાવતાર ! તારું છે અને તને સોંપું છું. મારી આ પ્રિયભૂમિ ગુજરાત હું તને ભળાવું છું. મારી આ પ્રેમ-રંગભરી પ્રજા તને સોંપું છું. રક્ષક તું છે. જગતે મને સિંહનું ઉપનામ આપ્યું છે, પણ હું તો માત્ર સાગરનો એક બુદ્‌બુદ છું, રંક તરણા સરખો છું. મનુષ્ય તે કોણ માત્ર ?

'મહારાજ ! આવી દીન વાણી આપને શોભતી નથી. આપનાં પરાક્રમથી તો દિશાઓ ગુંજી રહી છે, દિગ્ગજો ધ્રૂજી રહ્યા છે.' મંત્રીશ્વરે કહ્યું.

'મંત્રીશ્વર ! હું સાચું કહું છું. માણસની જિંદગી કેટલી ? બહુ-બહુ હોય તો ચાલીસપચાસ વર્ષનું એનું પરાક્રમ. તેમાં તે એ શું કરે ? હે મહાદેવ ! કાળના વારાફેરા છે. સાગરની ભરતી-ઓટ જેવો સંસાર છે. એવો વખત પણ આવશે, જ્યારે શત્રુનાં વાજાં અહીં આવી ગગડશે, અને ત્યારે મારી ભસ્મ પણ દિગંતમાં ઊડતી હશે. એ વખતે આ રાજની રક્ષા તું કરજે ! થાય તો તારાથી થાય !'

'આપના પર તો દેવ સદા તુષ્ટમાન છે. વગર માગ્યું આપનારા છે.' મંત્રીરાજે કહ્યું.

'એ વાત સાચી. પણ આજ સુધી સિદ્ધરાજને વગર માગ્યું બધું મળ્યું. આજે એ બે હાથ પ્રસારીને માગે છે. અત્યાર સુધી જેણે પોતાની પ્રજાની રક્ષા કોઈને-દેવને કે દૈત્યને-નહોતી સોંપી એ આજે સામે પગલે ભગવાન રુદ્રને સોંપે છે. સિદ્ધરાજે સિદ્ધ કરેલી એના નામની આટલી નામના રાખજે !'

'આપ નિરાશામાં છો.'

'નિરાશાની વાત નથી. જે સૂરજ ઊગે છે, તે આથમે છે. ગુજરાતની એ રાજધાનીઓ ક્યાં ગઈ ?' એ ગિરિનગર, એ વલભીપુર, એ ભિન્નમાલ-શ્રીમાલ ! એ શ્રીકૃષ્ણ અને એ શીલાદિત્ય ક્યાં ગયા ? ભૂતકાળનો ઉપયોગ જેટલો ગૌરવ માટે છે, એટલો જ બોધ માટે પણ છે. માણસ પામર છે. કાળ આગળ કોઈનું ચાલતું નથી !'

'આપે આજે જ્ઞાનવાર્તા માંડી લાગે છે. આપનું નામ તો યાવચ્ચંદ્રદિવાકરૌ રહેશે.'

'મંત્રીરાજ, એવી ગાંડી વાત ન કરો ! કેટલાંય નર અને નગર ઉદય પામી શૂન્યમાં ભળી ગયાં છે. જેનાં નામ પર ફૂલ મુકાતાં એને આજે કોઈ યાદ પણ કરતું નથી. દૈવનું ચક્ર નિરંતર ફર્યા કરે છે. અરે મંત્રીશ્વર, એક દિવસ એવો

પણ આવે કે શત્રુનાં લશ્કરો આ શહેરને પાયમાલ કરે, રાજવંશ નાશ પામે, રાજમહેલો છે ત્યાં હળ ફરે.'

'આપને કોઈ જ્યોતિષીએ ભરમાવ્યા લાગે છે ! રજૂપતોની તલવાર અને આપનું નામ હશે ત્યાં સુધી શત્રુના શા ભાર છે ?'

'રજૂપતોની વાત કરો છો ને ?  એક વખત એવોય આવશે, જ્યારે સાચા રજપૂતો નહિ મળે. અને મળશે તો પેટ ખાતર હલકાં કામ કરતા. અને તમારા રાજાના નામની વાત કરો છો ને ? એને સ્વાર્થી ગીધડાં એવાં વળગશે અને પેટભરાઓ એના નામે એવાં તૂત હાંકશે કે જેથી એનું નામ બદનામ થશે. માત્ર એક ઈશ્વર સિવાય બીજા કોનાં નામ અને કીર્તિ સદાકાળ ટકી રહ્યાં છે ?'

'આ રુદ્રમહાલય અને પાટણ આપની કીર્તિને અજર-અમર રાખશે.' વૃદ્ધ સામંતે કહ્યું.

'અનુભવોમાંથી બોધ ન તારવે એને નીતિશાસ્ત્ર મૂર્ખ અને અંધ કહે છે. ગિરિનગર અને વલભીપુરની જેમ એનાંય ખંડેર થશે. ને એ દેવાલયના અને કોટ-કિલ્લાના પથરા લઈને એનાં પ્રજાજનો પેટ માટે વેચવા નીકળશે. પણ આ તો ભાવિની વાત છે.' મહારાજની આંખમાં આંસુ હતાં. એમણે પાસે ઊભેલા શિલ્પીને બોલાવ્યો ને કહ્યું:

'શિલ્પી ! એક લેખ કોતર, એમાં લખ કે ગુજરાતના ધણી સિદ્ધરાજ સોલંકીએ કદી શત્રુને પીઠ બતાવી નથી, ને પરસ્ત્રીને કદી હૃદય આપ્યું નથી. એણે કદી જાગતાં કે ઊંઘતાં અંગત સુખ માટે પ્રજાને દુઃખ આપ્યું નથી. એણે ટેક લીધા પછી તોડી નથી; રણમાં કદી પાછી પાની કરી નથી. એ માગે છે આજે-

'મારું પ્રેમશૌર્ય ભર્યું ગુજરાત અખંડ તપો !

'મારો પ્રેમરંગનો ઝંડો અજર અમર રહો !'

મહારાજ આટલું લખાવી ચૂપ થઈ ગયા. એમણે ફરી સિદ્ધપુર, રુદ્રમહાલય ને સરસ્વતી પર એક ઊડતી નજર નાખી.

એ નજર ઘણું કહેતી હતી.

થોડી વારે બધા બોલી ઊઠ્યા : 'જય ગુર્જરેશ્વર !'

મહારાજાએ એ ઝંડાને ફરી વંદન કર્યું.

સરસ્વતી નદી ચૂપચાપ વહી રહી.